पञ्चशतप्रकरणप्रासाद-सूत्रणसूत्रधार-पूर्वधरमहर्षि-वाचकप्रवर-
श्री उमास्वाति-भगवत्-प्रणीतं स्वोपज्ञकारिका-भाष्ययोरुपरि चतुश्चत्वारिंशदधिक-
चतुर्दशशत-प्रकरणकर्तृ श्रीमद्-हरिभद्रसूरि-विरचितवृत्तिसमलङ्कृतम्

# શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમ્

## અધ્યાય-૧૦


(ગુજરાતી અનુવાદ)




* ભાવાનુવાદકાર *


પૂ. આચાર્ય શ્રી વિજયરાજશેખરસૂરીશ્વરજી મહારાજા


# વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખર





(બે ભાગ)









(બે ભાગ)










(બે ભાગ)





(બે ભાગ)





(બે ભાગ)



# જશેખરસૂરીશ્વરજી મહારાજા આદિએ કરેલું સાહિત્ય સર્જન



॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રીમદ્ વિજય-દાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ ॥
॥ ऐं नमः ॥

पञ्चशतप्रकरणप्रासाद-सूत्रणसूत्रधार-पूर्वधरमहर्षि-वाचकप्रवर
श्री उमास्वाति भगवत् प्रणीतं स्वोपज्ञकारिका-भाष्ययोरुपरि चतुश्चत्वारिंशदधिक
चतुर्दशशत प्रकरणकर्तृ श्रीमद् हरिभद्रसूरि विरचितवृत्तिसमलङ्कृतम्

# ॥ શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમ્ ॥

## અધ્યાય-૧૦

(ગુજરાતી અનુવાદ)


* ભાવાનુવાદકાર *
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટાલંકાર
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **હીરસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટાલંકાર
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **લલિતશેખરસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન
અનેક ગ્રંથોના ભાવાનુવાદકાર
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **રાજશેખરસૂરીશ્વરજી મહારાજા**

* સંપાદક *
**પૂ. મુનિરાજ શ્રી ધર્મશેખરવિજયજી ગણી**

* સહયોગી *
**પૂ. મુનિરાજ શ્રી દિવ્યશેખરવિજયજી**



**પ્રથમ આવૃત્તિ : વિ.સં. ૨૦૭૦, વી.સં. ૨૫૪૦, નકલ : ૧૦૦૦**

* પ્રકાશક *
**શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**
**પૂજ્ય આચાર્યશ્રી રાજશેખરસૂરિ ભાવાનુવાદ ભવન**
૪૯/૩૬, સીલ્વર લીફની સામે, કામતઘર રોડ, ભિવંડી-૪૨૧ ૩૦૫.

* પ્રાપ્તિ સ્થાન *
**હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ**
૪૮૧, ગની એપાર્ટમેન્ટ, રતન ટોકીઝની સામે, આગ્રા રોડ, ભિવંડી-૪૨૧ ૩૦૫.
ફોન : (૦૨૫૨૨) ૨૩૨૨૬૬, મો. ૯૩૨૧૨ ૩૨૨૬૬

**મૂલ્ય : રૂા. ૧,૫૦૦/- (ભાગ : ૧ થી ૧૦)**

# સુકૃતમ્

અમારા સંઘના પરમ ઉપકારી અને અમારા સંઘ ઉપર કાયમ કૃપાદષ્ટિ વરસાવનારા પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજાના અગણિત ઉપકારોની સ્મૃતિ નિમિત્તે અમારા **'રાજરાજેશ્વર શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન સંઘ, ભિવંડી'**ને આ લાભ મળ્યો એ અમારું અહોભાગ્ય છે. પૂજ્યશ્રી અમારા શ્રી સંઘ ઉપર દિવ્યકૃપા વરસાવતા રહો.

ઉપરોક્ત શ્રી સંઘે પોતાના જ્ઞાનનિધિમાંથી આ 'શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર'નો સંપૂર્ણ લાભ લીધેલ છે. શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ તેની ખૂબ ખૂબ અનુમોદના કરે છે.

*** સૂચના ***

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી છપાવ્યું હોવાથી ગૃહસ્થે મૂલ્ય ચૂકવ્યા વિના આ પુસ્તકની માલિકી કરવી નહીં. વાંચવા માટે આ પુસ્તકનો ઉપયોગ કરવો હોય તો યોગ્ય નકરો જ્ઞાનભંડાર ખાતે આપવો જરૂરી જાણવો.



અગ્નિ સંસ્કાર ભૂમિ પર નવનિર્મિત
પ.પૂ.આ.ભ.શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજાનું ગુરુમંદિર
નિલમ વિહાર - પાલીતાણા

## * ભૂમિકા *

પ્રસ્તુત શાસ્ત્રનું (સૂત્રનું) મુખ્ય નામ તત્ત્વાર્થાધિગમ છે. આ શબ્દનો અર્થ સંબંધકારિકાની ૨૨મી કારિકાની ટીકામાં જણાવ્યો છે. પણ વર્તમાનમાં તેને તત્ત્વાર્થસૂત્ર એવા સંક્ષિપ્ત નામથી ઓળખવામાં આવે છે. આ ગ્રંથના કર્તા પૂજ્ય ઉમાસ્વાતિ મહારાજા છે. આ સૂત્રો ઉપર ભાષ્ય પણ તેમણે જ રચેલું છે. દિગંબરો "જ્યાં વસ્ત્ર ત્યાં મુક્તિ નહિ" એવી એમની માન્યતાને બાધ આવતો હોવાથી ભાષ્યને ઉમાસ્વાતિ મહારાજા કૃત માનતા નથી. તેઓ ભલે ન માને પણ કેટલીક દલીલો વગેરેના આધારે ભાષ્ય ઉમાસ્વાતિ મહારાજાનું જ છે એમ સિદ્ધ થાય છે. જિજ્ઞાસુએ એ દલીલો પ.પૂ. આચાર્ય શ્રીમદ્ આનંદસાગરસૂરીશ્વરજી મહારાજાએ લખેલા ઉપક્રમમાંથી જાણી લેવી. એ ઉપક્રમ આ ગ્રંથના પહેલા ભાગના અંતે મુદ્રિત કરવામાં આવ્યો છે.

### ગ્રંથનો પરિચય

આ ગ્રંથ મુખ્યતયા દ્રવ્યાનુયોગનો વિષય છે. જૈનશાસનમાં દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગ એમ ચાર અનુયોગ પ્રસિદ્ધ છે. અનુયોગ એટલે વ્યાખ્યાન કે વર્ણન. જેમાં જીવાદિ દ્રવ્યોના(=તત્ત્વોના) વ્યાખ્યાનની પ્રધાનતા હોય તે દ્રવ્યાનુયોગ. જેમાં આચારોનું વિશેષથી વર્ણન હોય તે ચરણકરણાનુયોગ. જેમાં ગણિત આવતું હોય તે ગણિતાનુયોગ. જેમાં ધર્મકથાનું વર્ણન આવતું હોય તે ધર્મકથાનુયોગ. આ ચાર અનુયોગોમાં દ્રવ્યાનુયોગ અને ચરણકરણાનુયોગ એ બે અનુયોગો મુખ્ય છે. તે બેમાં પણ અપેક્ષાએ દ્રવ્યાનુયોગનું મહત્ત્વ વધારે છે. પ્રસ્તુત તત્ત્વાર્થસૂત્ર દ્રવ્યાનુયોગની પ્રધાનતાવાળું છે. કારણ કે તેમાં જીવ વગેરે સાત દ્રવ્યોનું(=તત્ત્વોનું) વર્ણન છે. આથી આ ગ્રંથનું મહત્ત્વ ઘણું છે.

આ ગ્રંથને બરાબર સમજવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે અને પ્રગટ થયેલું સમ્યગ્દર્શન દૃઢ અને નિર્મળ થાય છે. જેમકે પાંચમા અધ્યાયમાં

સૂત્ર ૩૨ "स्निग्धरूक्षत्वात् बन्धः" વગેરે સૂત્રોમાં કરેલું પુદ્ગલોના બંધનું વર્ણન આપણને સ્પષ્ટ સમજાવે છે કે સર્વજ્ઞ વિના બીજો કોઇ આવી બાબતો કહી શકે નહિ. આ તો માત્ર એક દૃષ્ટાંત રૂપે જણાવ્યું. બીજી ઘણી બાબતો એવી છે કે જે સર્વજ્ઞ વિના બીજો કોઇ કહી શકે નહિ.

**પ્રશ્ન–** ઉમાસ્વાતિ મહારાજા ક્યાં સર્વજ્ઞ હતા ? એ તો છદ્મસ્થ હતા એથી એમનું કહેલું સર્વજ્ઞોએ કહ્યું છે એમ કેમ કહી શકાય ?

**ઉત્તર–** પૂ. ઉમાસ્વાતિ મહારાજાએ આ બધું પોતાની મતિકલ્પનાથી નથી કહ્યું. કિંતુ તેમની પૂર્વે થયેલા વિદ્વાન અને મહાન આચાર્યોએ જે કહ્યું તેના આધારે કહ્યું છે. તેમની પૂર્વે થયેલા આચાર્યોએ પણ પોતાની પૂર્વે થયેલા મહાન જ્ઞાની આચાર્યોના કથન મુજબ કહ્યું છે એમ આગળ વધતાં વધતાં પૂર્વકાલીન આચાર્યોએ ગણધરોના ઉપદેશ મુજબ કહ્યું છે અને ગણધરોએ સર્વજ્ઞ ભગવંતે કહેલા ઉપદેશના આધારે કહ્યું છે. તેથી આ શાસ્ત્રના મૂળમાં સર્વજ્ઞ ભગવંત છે. જેના મૂળમાં સર્વજ્ઞ ભગવંત ન હોય તેવા અન્ય દર્શનકારોનું કથન સાચું ન ગણાય.

અહીં કહેવાનો આશય આ પ્રમાણે છે- જન્મથી અંધ હોય તેવા એક પુરુષે હાથીને સ્પર્શીને હાથી કેવો હોય તેનો નિર્ણય કર્યો. તેણે બીજા જન્મથી અંધ પુરુષને હાથી કેવા પ્રકારનો હોય તે કહ્યું. તેણે(=બીજાએ) ત્રીજાને કહ્યું. આમ જન્માંધ પુરુષોની ગમે તેટલી લાંબી પરંપરા સુધી હાથીના આકારનું વર્ણન થતું રહે તો પણ કોઇનેય હાથીના સાચા આકારનું જ્ઞાન ન થાય. કારણ કે પ્રથમ જન્માંધ પુરુષને હાથીના આકારનો સાચો નિર્ણય થયો નથી. આંખોથી દેખતો પુરુષ હાથીના આકારનો જેવો નિર્ણય કરી શકે તેવો નિર્ણય જન્માંધ પુરુષ ગમે તેટલો બુદ્ધિશાળી હોય તો પણ ન કરી શકે. (અહીં "જન્મથી અંધપુરુષની પરંપરા" કહેવાનું કારણ એ છે કે આ પરંપરામાં કોઇ પુરુષ દેખતો હોય તો તેને હાથીના સાચા આકારનું જ્ઞાન થવાનો સંભવ રહે પણ પરંપરામાં બધા જ જન્માંધ હોય એટલે કોઇનેય હાથીના સાચા સ્વરૂપનું(=આકારનું) જ્ઞાન ન થાય.)

તેવી રીતે પ્રસ્તુત જૈનદર્શન સિવાયના બધા જ દર્શનકારો છદ્મસ્થ હોવાથી તેમની ચાલેલી પરંપરામાં આવનારા બધા જ છદ્મસ્થ પુરુષોને આત્મા આદિ પદાર્થોના સાચા સ્વરૂપનું જ્ઞાન થતું નથી એટલે તેઓ "અમારી આટલી લાંબી પરંપરાથી આ જ્ઞાન અમને મળતું આવ્યું છે" એમ કહે તો પણ એમનું જ્ઞાન સત્ય નથી. (યોગબિંદુ ગા.૪૨૯ વગેરે)

જૈનદર્શનમાં તો આત્મા આદિને સાક્ષાત્ જાણનારા સર્વજ્ઞપુરુષથી પરંપરા ચાલી છે, એટલે જૈનદર્શનની સાચી પરંપરામાં આવેલું જ્ઞાન યથાર્થ છે, માટે આ તત્ત્વાર્થ સૂત્રને જાણવા માટે ખાસ પ્રયત્ન કરવો જોઈએ. આ ગ્રંથ માત્ર ૨૦૦ શ્લોકથી ઓછા પ્રમાણવાળો હોવા છતાં તેમાં સંપૂર્ણ જૈનશાસનનો સાર સમાવી દીધો છે. જાણે કે ગાગરમાં સાગરને સમાવી દીધો છે. તેથી જ કલિકાલસર્વજ્ઞ આ.શ્રીહેમચંદ્રસૂરિ મહારાજ સ્વરચિત સિદ્ધહેમ શબ્દાનુશાસનમાં અ.૨ પા.૨ સૂ.૩૯ માં उपोमास्वातिं संग्रहीतारः=ઘણા વિષયનો થોડામાં સંક્ષેપ કરવાના વિષયમાં ઉમાસ્વાતિ મહારાજા જેવા બીજા કોઈ શ્રેષ્ઠ નથી. એમ જણાવ્યું છે.

## ગ્રંથકારનો પરિચય

ગ્રંથકારની માહિતી ગ્રંથકારે પોતે ગ્રંથના અંતે પ્રશસ્તિમાં સંક્ષેપથી જણાવી છે. તે આ પ્રમાણે–

"જેમનો યશ જગતમાં પ્રગટ છે તે શિવશ્રી નામના વાચકમુખ્યના પ્રશિષ્ય અગ્યાર અંગોના જ્ઞાતા ઘોષનંદી ક્ષમાશ્રમણના શિષ્ય, વાચનાથી (ભણાવનારની અપેક્ષાએ) મહાવાચક શ્રમણ મુંડપાદના શિષ્ય, વિસ્તૃત કીર્તિવાળા મૂલ નામના વાચકાચાર્યના શિષ્ય કૌભીષણ ગોત્રવાળા સ્વાતિ નામના પિતા અને વાત્સી ગોત્રવાળી ઉમા નામની માતાના પુત્ર ન્યગ્રોધિકા ગામમાં જન્મેલા, કુસુમપુર (પાટલીપુત્ર) નામના શ્રેષ્ઠ નગરમાં વિચરતા, ઉચ્ચ નાગર શાખાના વાચક શ્રી ઉમાસ્વાતિજીએ ગુરુપરંપરાથી મળેલા ઉત્તમ અરિહંત વચનોને સારી રીતે સમજીને (શરીર-મનના) દુઃખોથી પીડિત તથા અસત્યઆગમથી

નષ્ટબુદ્ધિવાળા જગતને જોઈને જીવોની અનુકંપાથી સ્પષ્ટ અર્થવાળા આ તત્ત્વાર્થાધિગમ નામના શાસ્ત્રની રચના કરી.''

આ વિશે હું વિશેષ વિવેચન લખતો નથી. કારણ કે બહુ વિસ્તારથી લખવું પડે. બહુ વિસ્તારથી લખાયેલા લખાણને વાંચવાનો રસ બહુ અલ્પજીવોને હોય છે તથા હું આંખની તકલીફના કારણે વિસ્તારથી લખવા માટે સમર્થ પણ નથી. આથી જિજ્ઞાસુઓએ આ વિશે વિશેષ માહિતી માટે ''ઉમાસ્વાતિ મહારાજા ક્યારે થયા ? કયા વંશમાં થયા'' ઈત્યાદિ વિગતો જૈનપરંપરાનો ઈતિહાસ ભાગ-૧ માંથી તથા પંડિત શ્રી સુખલાલજી કૃત તત્ત્વાર્થ વિવેચનવાળા પુસ્તકમાંથી તથા પૂ.આ. ભગવંત શ્રીકેસરસૂરિજી મહારાજાના સમુદાયનાં આ. શ્રીહેમપ્રભ-સૂરિજીના શિષ્ય વિદ્વાન મુનિ શ્રીઉદયપ્રભવિજયજીગણિવરે લખેલ સિદ્ધસેનગણિકૃત ટીકાના પ્રથમ અધ્યાયના ટીકાનુવાદમાં લખેલી ભૂમિકામાંથી તથા પ.પૂ. આગમોદ્ધારક શ્રીઆનંદસાગરસૂરિ મહારાજાએ લખેલ तत्त्वार्थकतृतन्मतनिर्णयः નામના પુસ્તકમાંથી જોઈ લેવું.

## ટીકાકાર મહર્ષિનો પરિચય

તત્ત્વાર્થકારિકા અને ભાષ્યની ટીકા કરનારા શ્રીહરિભદ્રસૂરિ મહારાજા જૈનશાસનમાં યાકિનીમહત્તરા ધર્મપુત્ર તરીકે પ્રસિદ્ધિને પામેલા અને ચૌદશો ગ્રંથના પ્રણેતા હરિભદ્રસૂરિ મહારાજા સમજવા. એમણે ડુપડુપિકા નામની ટીકા રચી છે. શબ્દકોષમાં ડુપડુપિકા શબ્દનો અર્થ જોવામાં આવ્યો નથી. પણ ડુપડુપિકા એટલે નાવડી એવો અર્થ મને જણાય છે. આ ટીકા પૂર્વે વિ.સં. ૧૯૯૨માં રતલામ નિવાસી શ્રેષ્ઠી ઋષભદેવજી કેસરીમલ જૈન શ્વેતાંબર સંસ્થા દ્વારા મુદ્રિત થઈ હતી. તેમાં લખાયેલા ઉપક્રમ પ્રમાણે આ ટીકા સૌથી પ્રાચીન છે. અર્થાત્ સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકાથી પણ પ્રાચીન છે, તેના કારણો [૧]ઉપક્રમમાંથી જાણી લેવા તથા તત્ત્વાર્થસૂત્રના ભાષ્યના કર્તા પણ ઉમાસ્વાતિ મહારાજા હતા.

૧. ઉપક્રમ આ પુસ્તકને અંતે આપેલો છે.

તેના કારણો પણ ઉપક્રમમાંથી જાણી લેવા. ભવિષ્યમાં વિદ્વાનોને ઉપયોગી બને તે માટે આ ઉપક્રમ આ ગ્રંથના પ્રથમ ભાગના અંતમાં મુદ્રિત કરવામાં આવ્યો છે. આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ છઠ્ઠા અધ્યાયના ત્રેવીસમાં સૂત્રના "વિનયસંપન્નતા" પદ સુધીની ટીકા કરી છે. ત્યાર પછી એમની ટીકા જોવામાં આવતી નથી. કદાચ એ દરમિયાન એ મહાપુરુષ બિમાર પડ્યા હોય અને કાળધર્મ પામ્યા હોય એ બનવા જોગ છે. બાકી રહેલી એ ટીકાને આચાર્યશ્રી યશોભદ્રસૂરિએ ઉદ્ધાર કરવાનો પ્રારંભ કર્યો. તેમણે ત્યાંથી(=વિનયસંપન્નતા પછીથી) દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્ર સુધીની ટીકા ઉદ્ધરી[1] છે. બાકીની ટીકા તેમના શિષ્યે ઉદ્ધૃત કરી છે. આ વિગત દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્રની ટીકાના અંતે લખાયેલા પાઠથી સ્પષ્ટ થાય છે. આના ઉપરથી એ પણ નિશ્ચિત થાય છે કે સિદ્ધસેન ગણિની મોટી ટીકાથી આ ટીકા પ્રાચીન[2] છે.

## અનુવાદ અંગેની માહિતી

વિ.સં. ૨૦૫૩માં મારું ચાતુર્માસ પાલીતાણામાં થયું. તે વખતે સાધુ-સાધ્વીજીઓએ મારી પાસે ચાતુર્માસમાં વાંચના આપવાની માંગણી કરી. આથી તત્ત્વાર્થસૂત્ર ઉપર વાચના આપવાનું નિશ્ચિત થયું. તત્ત્વાર્થસૂત્ર ઉપર વર્તમાનમાં સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકા અને શ્રીહરિભદ્રસૂરિકૃત નાની ટીકા એ બે ટીકાઓ પ્રસિદ્ધ છે. આ બે ટીકાઓને જોતાં મને લાગ્યું કે સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકા ઘણી કઠિન છે. આથી હરિભદ્રસૂરિકૃત

૧. અહીં ઉદ્ધૃત=ઉદ્ધાર કર્યો એ શબ્દથી શું સમજવું ? દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્રની વૃત્તિના અંતે લખેલા પાઠના આધારે મને એમ સમજાય છે કે સિદ્ધસેન ગણિકૃત ટીકામાંથી ઉદ્ધાર કર્યો છે. અહીં શબ્દશઃ ઉદ્ધાર કર્યો છે એમ ન સમજવું. કિંતુ જ્યાં સિદ્ધસેન ગણિકૃત ટીકામાં પાઠ લાંબા હોય તેને ટૂંકાવી દીધા, જ્યાં શબ્દની કઠિનતા હોય ત્યાં સરળ શબ્દો મૂક્યા અને ક્યાંક પોતાને યોગ્ય લાગ્યા તેવા શબ્દો મૂક્યા. આ રીતે તેમણે ઉદ્ધાર કર્યો એમ મને જણાય છે.

૨. શ્રીહરિભદ્રસૂરિએ અપૂર્ણ ટીકા લખી એ દરમ્યાન સિદ્ધસેન ગણિએ એ ટીકાને પૂર્ણ કરવાને બદલે સ્વતંત્ર પોતાની મોટી ટીકા લખી. પછી યશોભદ્રસૂરિએ એ ટીકાના આધારે હરિભદ્રસૂરિની બાકીનો ટીકાનો ઉદ્ધાર કર્યો.

નાની ટીકા ઉપર વાચના આપવાનો નિર્ણય કર્યો. શાશ્વતી ઓળી આદિના દિવસો સિવાય ચાર માસ સુધી નિયમિત વાચના ચાલી.

આ સમયે મેં શ્રી તત્ત્વાર્થસૂત્રની શ્રીહરિભદ્રસૂરિકૃત ટીકાનો અનુવાદ કરવાનો સંકલ્પ કર્યો પણ અન્ય ગ્રંથોના અનુવાદના કારણોસર આ અનુવાદ થઇ શક્યો નહિ. વિ.સં. ૨૦૬૪માં દહાણુ સ્ટેશનના ઇરાની રોડ ઉપર આવેલા ઉપાશ્રયમાં આનો અનુવાદ શરૂ કર્યો પણ તેમાં શારીરિક બિમારી આદિ ઘણા વિઘ્નો આવ્યા. આમ છતાં વિઘ્નો રૂપ ખડકો સાથે અથડાતી કુટાતી પણ આ અનુવાદ નૌકા ઘણા વિલંબથી પણ પૂર્ણતાના કિનારે આવેલી જોઇને મારું મન હર્ષવિભોર બની જાય એ સહજ છે.

આ અનુવાદમાં વિદ્વાનોને ઘણી ક્ષતિઓ દેખાશે, ક્યાંક વિસ્તારથી લખવાનું હોવા છતાં વિસ્તારથી ન લખ્યું હોય, ક્યાંક સંસ્કૃત શબ્દને અનુરૂપ ગુજરાતી શબ્દ લખવામાં ભૂલ કરી હોય, ક્યાંક ભાવાર્થ સમજવામાં નિષ્ફળ બન્યો હોઉં, ક્યાંક સૂત્ર-ટીકાનો અર્થ ખોટો થયો હોય ઇત્યાદિ ઘણી ક્ષતિઓ દેખાશે. આમ છતાં વિદ્વાનોને હું પૂ. ઉમાસ્વાતિ મહારાજાના શબ્દોમાં વિનંતી કરું છું કે–

पुत्रापराधवन्मम मर्षयितव्यं बुधैः सर्वम् । (પ્રશમરતિ ગા.૩૧૨)

પિતા પુત્રના અપરાધને માફ કરે તેમ વિદ્વાનોએ માફ કરવું.

હું એક તરફ મારી બુદ્ધિની મંદતાને જોઉં છું બીજી તરફ આ અનુવાદને જોઉં છું તો મારી સામે 'હું આ કેવી રીતે કરી શક્યો ?' એવો પ્રશ્નાર્થચિહ્ન ખડો થાય છે પણ મારા ઉપકારી સિદ્ધાંત મહોદધિ પ.પૂ.આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા અને નિઃસ્પૃહતામૂર્તિ પરમ ગુરુદેવ શ્રીહીરસૂરીશ્વરજી મહારાજાની દિવ્ય કૃપાદષ્ટિનું સ્મરણ થતાં જ એ પ્રશ્નાર્થચિહ્ન અદશ્ય થઇ જાય છે. આથી આ પ્રસંગે એ બે મહાપુરુષોને હર્ષ ભરેલા હૃદયથી વંદન કરું છું તથા વર્ધમાનતપોનિધિ (વર્ધમાનતપ આયંબિલની ૧૦૦ + ૮૮ ઓળીના આરાધક) પૂ. ગુરુદેવ શ્રી લલિતશેખરસૂરીશ્વરજી મ.ને પણ ભાવભર્યું નમન કરું છું.

## સહાયકોનું સંસ્મરણ

અનુવાદ પૂર્ણ કરી દેવા માત્રથી કાર્ય પૂર્ણ થઇ જતું નથી. અનુવાદ તૈયાર થયા પછી જ્યાં સુધી પુસ્તક રૂપે પ્રકાશિત ન થાય ત્યાં સુધી ઘણી જવાબદારી વહન કરવાની હોય છે. મુનિ શ્રીધર્મશેખરવિજયજીએ આ બધી જવાબદારી પોતાના શિરે લઇને મને એ જવાબદારીમાંથી મુક્ત કર્યો. આમ કરીને તેમણે મારા પ્રત્યે રહેલા હાર્દિક ભાવની અભિવ્યક્તિ કરી છે. અર્થની કે શબ્દની અશુદ્ધિ ન રહે એ માટે એમણે પ્રથમ અધ્યાયથી આરંભી દશમા અધ્યાય સુધીનું મેટર શાંતિથી અને એકાગ્રતાથી વાંચ્યું. પછી પ્રુફ સંશોધનમાં પણ ઘણી મહેનત કરી રહ્યા છે. પ્રુફ સંશોધનમાં મુનિ દિવ્યશેખરવિજયજી પણ ઘણો સહયોગ આપી રહ્યા છે.

મને આંખની તકલીફ થયા પછી બધો અનુવાદ લખવામાં (હું બોલું અને તે લખે એ રીતે) તેમણે જ લખી આપ્યો છે. ટીકાના પ્રારંભના ચાર અધ્યાયના અનુવાદની પ્રેસકોપી મુનિ શ્રીહિતશેખરવિજયજીએ કરી છે. બાકીના સંપૂર્ણ ભાષ્યસહિત ટીકાના અનુવાદની પ્રેસકોપી મુનિ શ્રીસુમતિશેખરવિજયજીએ સુવાચ્ય અક્ષરોમાં તૈયાર કરી છે તથા કોઇ કોઇ સ્થળે અનુવાદ લખવાનો રહી ગયો હોય તે અનુવાદ પણ તેમણે લખી આપ્યો છે.

આ પ્રસંગે મને સાધુસેવા કરવાનો ગુણ જેના સ્વભાવમાં રહેલો છે તેવા મુનિ શ્રીકૈવલ્યદર્શનવિજયજી યાદ આવ્યા વિના રહેતા નથી. વિ.સં. ૨૦૬૪નાં વાપીનાં ચાતુર્માસમાં મને આવેલી બિમારીમાં તેમણે લગભગ બે મહિનાથી પણ અધિક સમય સુધી નિઃસ્વાર્થપણે મારી હાર્દિક સેવા કરી. મુનિ શ્રીદિવ્યશેખરવિજયજી માટે હું શું લખું ? અને કેટલું લખું ? એ પ્રશ્ન મને મૂંઝવી રહ્યો છે. એમના માટે ટૂંકમાં એટલું જ લખું છું કે શરીર અનેક તકલીફોથી ઘેરાતું જાય છે અને અત્યંત કૃશ બનતું જાય છે એવી અવસ્થામાં મારા માટે એ જ સર્વસ્વ છે. દરરોજ સવાર-બપોર-સાંજે એ ત્રણે સમયે માતા જેમ બાળકને ખવડાવે તેમ મને આહાર

વપરાવે છે અને એક પછી એક દવાઓ આપે છે. મને ક્યારેક આ દૃશ્યની સ્મૃતિ થાય છે ત્યારે મારી આંખો આંસુઓથી ભીની થઇ જાય છે.

મને જ્યારે ભૂતકાળની સ્મૃતિ થાય છે ત્યારે મુનિશ્રી (હમણા પંન્યાસ) રવિશેખરવિજયજી યાદ આવ્યા વિના રહેતા નથી. વર્ષો સુધી મારી સેવા કરીને મારી સંયમયાત્રામાં અને સાહિત્યયાત્રામાં સાથ આપ્યો છે.

વિ.સં. ૨૦૫૦માં શેષકાળમાં મને પૂના - ટીંબર માર્કેટમાં ગાઢ બિમારી આવી ત્યારે મેં જીવવાની આશા છોડી દીધી હતી તેવી અવસ્થામાં એકલા[૧] હાથે મારી સેવા કરનારા મુનિ શ્રીહર્ષશેખરવિજયજીને પણ હું કેમ ભૂલી શકું ?

સહવર્તી સર્વમહાત્માઓ મારી સેવા કરવામાં સદા ઉત્સુક રહે છે આમ છતાં મારું શારીરિક આરોગ્યનું પુણ્ય અત્યંત નબળું હોવાના કારણે જેમાં સમાધિ રાખવી કઠિન બની જાય તેવી નવી નવી તકલીફો ઉત્પન્ન થયા કરે છે. આમ છતાં આવા સેવાભાવી મહાત્માઓના પ્રભાવથી મારું સંપૂર્ણ જીવન સમાધિમય બની રહે એ જ અભ્યર્થના.

આ અનુવાદમાં ગ્રંથકારના આશયથી, ભાષ્યકારના આશયથી, ટીકાકારના આશયથી અને જિનાજ્ઞાથી વિરુદ્ધ કંઇ પણ લખાયું હોય તેનું મિચ્છા મિ દુક્કડં આપવાપૂર્વક મારી લેખિનીને અહીં થોભાવી દઉં છું.

**- આચાર્ય રાજશેખરસૂરિ**

**વિ.સં. ૨૦૬૬, આસો વદ-૧૨**

**કલ્પનગરી, મુંબઇ-મુલુંડ**

૧. આ સમયે મુનિ શ્રીધર્મશેખરવિજયજી પણ પૂના હતા, તેઓ કેમ્પમાં ગાઢ બિમારીના કારણે પથારીવશ થયેલા મુનિ શ્રીકર્મજિતવિજયજી મ.સા.ની સેવામાં રોકાયેલા હતા.

## ✻ સંપાદકની સંવેદના ✻

સિદ્ધાંત મહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના ગુરુકુલવાસમાં વસીને સિદ્ધહસ્ત ભાવાનુવાદકાર પરમ સંવેગી પૂજ્યપાદ ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખર સૂરીશ્વરજી મહારાજાએ ૫૫ વર્ષના નિર્મળ સંયમની ક્ષણોને સંયમ, સ્વાધ્યાય અને ગુરુસમર્પણભાવની પવિત્ર ગંગોત્રીમાં અવગાહન કરતાં લગભગ આઠ વર્ષના અલ્પ ચારિત્ર પર્યાયે તો અત્યંત કઠીન ગણાતા 'પએસબંધો' નામના કર્મગ્રંથ વિષયક ગ્રંથરત્નની ટીકા રચી. ત્યારથી પ્રારંભાયેલી પૂજ્યશ્રીની સાહિત્યયાત્રા અવિરત ચાલતી રહી. અત્યંત નાજુક નાદુરસ્તી વચ્ચે પણ આંતરિક મજબૂત લોખંડી મનોબળના કારણે આત્માને તંદુરસ્ત બનાવે તેવા કેટલાય ગ્રંથરત્નોના ભાવાનુવાદ, લેખન, સંપાદન, સંકલન કર્યા. સાહિત્યયાત્રાનું અંતિમ માઈલસ્ટોન કહીએ તો પ્રસ્તુત 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' આ ગ્રંથ સાથે અનેક ઘટનાઓ સંકળાયેલી છે. 'श्रेयांसि बहुविघ्नानि महतामपि जायते' આ ઉક્તિ આ સર્જનમાં સાર્થક નીવડી છે.

પ્રેસર (ઉંચું લોહીનું દબાણ)ની તકલીફ વધતાં તેની અસર પૂજ્યશ્રીની ચક્ષુ ઉપર થઈ. તાત્કાલિક ઉપાયો કરાવવા છતાં એક આંખે લગભગ દૃષ્ટિ જતી રહી. એક આંખથી પણ કામ ચાલું રહ્યું. તેમાં ભીવંડીના ચાતુર્માસ દરમિયાન બીજી આંખમાં મોતીયો ઉતરાવ્યો. લેન્સ જે નંબરનો હોવો જોઈએ તેના કરતાં જૂદો બેસાડ્યો. પરિણામે બીજી આંખે પણ લગભગ દેખાવાનું બંધ જેવું થયું. આ દરમિયાન તત્ત્વાર્થાધિગમ સૂત્રનો ભાવાનુવાદ ચાલું હતો. મુંબઈમાં ડૉ. સુજલ શાહ કે જેઓ પ્રભુશાસનના તત્ત્વજ્ઞાનના પરમ પિપાસુ, સાધુ વેયાવચ્ચના રસિયા હતા. તેમના સતત સતત પ્રયાસથી લગભગ ૧૫ ટકા જેટલી દૃષ્ટિનો ઉઘાડ થયો. જે અનુવાદનું કાર્ય બાકી હતું તેના વિશાળ કદના અક્ષરોવાળી ઝેરોક્ષ નકલો કરાવી. પૂજ્યશ્રીની આંખે ચોવીશ નંબરના ચશ્મા પહેરાવ્યા. બિલકુલ નિકટમાં લાવીને અક્ષરો વંચાય તેના આધારે પૂજ્યશ્રી તેઓશ્રીના વિનયી શિષ્ય મુ.શ્રી દિવ્યશેખર વિ.ને કહેતા જાય અને ગ્રંથનું કાર્ય આગળ વધતું જાય. આ રીતે દશ અધ્યાયનું કાર્ય પૂર્ણ થતાં ખ્યાલ આવ્યો કે પ્રારંભના પાંચ અધ્યાયના 'ભાષ્ય'નો અનુવાદ તો બાકી રહી ગયો છે.

તે પણ આવી આંખે પૂજ્યશ્રીએ પૂર્ણ કરાવ્યો. સવાર થતાં જ ગુરુ-શિષ્યની જોડી આ કાર્યમાં જોડાઇ જાય એ સુખદ દશ્ય તો જેણે જોયું તે ધન્ય બન્યા ! જૈનશાસનના રાજા જેવું તૃતીયપદ મળ્યું હોવા છતાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાની પેલી પંક્તિ 'बाह्यद्दष्टि प्रचारेषु मुद्रितेषु महात्मनः, अन्तरेवावभासन्ते स्फुटाः सर्वा समृद्धयः ॥ - જ્ઞાનસાર' ને પૂજ્યશ્રીએ સ્વજીવનની પ્રત્યેક ક્ષણોમાં સાર્થક કરી હતી.

અથાક પ્રયત્ને પૂર્ણ કરેલા અનુવાદ પછીની જે કાર્ય સિદ્ધિની સુખદ ક્ષણો હતી તેના સાક્ષી જે બન્યા હોય તે કહી શકે કે પૂજ્યશ્રી કેટલા પ્રસન્ન હતા !

સિદ્ધિની અનુભૂતિઓને અક્ષર દેહ આપીને પ્રસ્તાવના રૂપે લખવાનો જ્યારે અવસર આવ્યો તે ક્ષણે હું (મુનિ ધર્મ શે.વિ.) તથા મુ.શ્રી દિવ્ય શે.વિ. સામે બેઠા હતા. પૂજ્યશ્રી જેમ જેમ લખતા જતા હતા તેમ તેમ નેત્રો પણ સજળ બનતા જતા હતા. અત્યંત સંવેદનશીલતાપૂર્વક લખાયેલી પ્રસ્તાવનામાં નાનામાં નાના સાધુએ કે કોઇ શ્રાવકે કંઇક મદદ કરી હોય તો તે બધાને સ્મૃતિપથમાં લીધા હતા.

અનુવાદનું કાર્ય પૂજ્ય ગુરુદેવશ્રીએ પૂર્ણ કર્યું તે વખતે એક પુણ્યાત્માને પત્ર દ્વારા જણાવ્યું હતું કે 'તત્ત્વાર્થાધિગમ સૂત્રનું અનુવાદનું કાર્ય પૂર્ણ થયું છે. પ્રેસમાં પણ મોકલી આપ્યું છે. છપાવવા વગેરેનું કાર્ય મારા શિષ્યાદિ સંભાળી લેશે. તેથી હવે ઉંમરના કારણે કે શારીરિક અસ્વસ્થતાને કારણે મારી ગેરહાજરી હોય તો પણ પુસ્તક છપાઇ જશે !' જાણે પૂજ્યશ્રીને પોતાના જીવનસમાપ્તિનો સંકેત મળી ગયો હશે !

અનુવાદ કરતી વખતે અનેક પ્રતોનો સહારો લેવાયો હતો. જે મુદ્રિત પ્રતના આધારે અનુવાદ શરૂ કર્યો હતો તેમાં ઘણી અશુદ્ધિઓ હતી, ક્યાંક ક્યાંક અનુસંધાન પણ મળતું નહોતું. વરસોથી અનુવાદની સિદ્ધહસ્તતાને કારણે પૂજ્યશ્રીએ પોતાના અનુભવથી તે તે પાઠોનું અન્ય અન્ય પ્રતોના આધારે અનુસંધાન ગોઠવી દીધું હતું. ખાસ કરીને 'શ્રી સિદ્ધસેન ગણિ' કૃત તત્ત્વાર્થની ટીકાના આધારે ઘણા સુધારા કર્યા હતા. શ્રુતોપાસિકા સાધ્વીજી શ્રી ચંદનબાળાશ્રીજી મહારાજે પણ હસ્તલિખિત પ્રત મેળવી આપવામાં ઘણી સહાય કરી હતી. આ રીતે અનુવાદ કરી શેષ કાર્ય છપાવવા વગેરેની

જવાબદારી મને સોંપી પૂજ્ય ગુરુદેવશ્રી પાલિતાણા મુકામે વિ.સં. ૨૦૬૮ ના ચૈત્ર વદ ૪ ના સ્મૃતિશેષ થયા.

ગુરુદેવશ્રીની હાજરીમાં તો ક્યાંક ક્ષતિ રહી હોય તો પ્રમાર્જના કરાવવા માટે તુરંત તેમની પાસે દોડીને પહોંચી જતો હતો. હવે તેઓશ્રીની ગેરહાજરીમાં આ કાર્ય કોની પાસે કરવું ? તેમાં પૂ. બાપજી મહારાજાના સમુદાયના વિદ્વદ્વર્ય પૂ. આચાર્યદેવ શ્રી મુનિચન્દ્ર સૂ.મહારાજાને આ પ્રુફ સંશોધન માટે વિનંતિ કરતાં વરસોથી સાહિત્ય સંશોધનાદિ કારણે જેઓ પૂજ્યશ્રી સાથે આત્મીય ભાવે જોડાયેલા હતા તેથી આ અંગે હૃદયોદ્ગાર જણાવતાં એઓશ્રીએ જણાવ્યું કે 'ઋણ ચૂકવવાની સુંદર તક આપી.' પૂ. પંન્યાસશ્રી નયભદ્ર વિ.મહારાજે પણ પ્રુફ સંશોધન કર્યું. મુ.શ્રી દિવ્યશેખર વિજયજી તો સદા ઉપયોગી બન્યા રહે છે. મુ.શ્રી પદ્મશ્રમણ વિ.મહારાજે પણ પ્રુફો મેળવવામાં સહકાર આપ્યો. પૂજ્ય ગુરુદેવશ્રીએ કેટલાક સ્થળો જોવા માટે પ્રેમ-ભુવનભાનુ સૂ.મ.ના સમુદાયના વિદ્વાન પંન્યાસપ્રવર શ્રી યશોવિજયજી મહારાજને મેટર મોકલી આપ્યું હતું. તેમણે પણ કાર્ય ખંતથી કરી અનુવાદ મોકલ્યો તે પણ આ ગ્રંથમાં સમાવિષ્ટ છે.

મેટર પ્રેસમાં આપ્યા પછી ત્રણ ત્રણ વર્ષ પસાર થઇ ગયા. તેજસ પ્રિન્ટર્સના તેજસભાઇએ પણ ખૂબ ધીરજથી ચીવટપૂર્વક કાર્ય પૂર્ણ કર્યું છે. એક ગ્રંથરત્નનું સર્જન જ્યારે અનેક આરાધકોની સહાયથી પૂર્ણ થઇ રહ્યું છે ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીની હાજરીમાં ન થયાની અધુરાશ છે. છતાં પરમગુરુદેવ ગચ્છસ્થવિર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખર સૂ.મહારાજાનું વાત્સલ્ય, પ્રેરણા, અવસરે કાર્યભારને વહેલી તકે પૂર્ણ કરવાની મળતી ટકોરે આ કાર્ય પૂર્ણ થઇ રહ્યાનો સંતોષ અનુભવું છું. આ સર્જનમાં જેનો જેનો સહકાર મળ્યો તે સહુનો હું ઋણી છું.

**વિ.સં. ૨૦૭૦, પોષ સુદ ૬, સોમવાર, - મુનિ ધર્મશેખર વિજયજી ગણિ**
**તા. ૦૯-૦૧-૨૦૧૪, વર્ધમાનનગર, રાજકોટ**

## * વિષયાનુક્રમ *


વિષય — પૃષ્ઠ

- મૂળસૂત્ર ........................................ 16
- દશમો અધ્યાય ........................................ ૧
- કેવળજ્ઞાન ક્યારે પ્રગટે ? ........................................ ૧
- **સૂત્ર-૧ :** मोहक्षयात् ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च ........................................ ૧
- કર્મક્ષયના કારણો ........................................ ૬
- **સૂત્ર-૨ :** बन्धहेत्वभावनिर्जराभ्यां ........................................ ૬
- મોક્ષની વ્યાખ્યા ........................................ ૧૦
- **સૂત્ર-૩ :** कृत्स्नकर्म्मक्षयो मोक्षः ........................................ ૧૦
- કયા ભાવોના અભાવથી મોક્ષ થાય ........................................ ૧૩
- **સૂત્ર-૪ :** औपशमिकादिभव्यत्वाभावाच्चान्यत्र ........................................ ૧૩
- મુક્ત થયેલો આત્મા ક્યાં જાય ? ........................................ ૧૭
- **સૂત્ર-૫ :** तदनन्तरमूर्ध्वं गच्छत्यालोकान्तात् ........................................ ૧૭
- આત્મા ઊર્ધ્વગતિ શા માટે કરે ? ........................................ ૨૦
- **સૂત્ર-૬ :** पूर्वप्रयोगादसंगत्वाद्बन्धच्छेदात्तथागतिपरिणामाच्च ........................................ ૨૦
- ક્ષેત્રાદિ બાર અનુયોગદ્વારોથી સિદ્ધોની વિચારણા ........................................ ૩૨
- **સૂત્ર-૭ :** क्षेत्रकालगतिलिङ्गतीर्थचारित्रप्रत्येकबुद्धबोधित ........................................ ૩૨
- ભાષ્યમાં ક્ષેત્રાદિ દ્વારો ........................................ ૪૩
- (૧) ક્ષેત્ર ........................................ ૪૪
- (૨) કાળ ........................................ ૪૪
- (૩) ગતિ ........................................ ૪૫
- (૪) લિંગ ........................................ ૪૫
- (૫) તીર્થ ........................................ ૪૫
- (૬) ચારિત્ર ........................................ ૪૫
- (૭) પ્રત્યેકબુદ્ધબોધિત ........................................ ૪૬
- (૮) જ્ઞાન ........................................ ૪૬

- (૯) અવગાહના .................................... ૪૬
- (૧૦) અંતર .................................... ૪૬
- (૧૧) સંખ્યા .................................... ૪૬
- (૧૨) અલ્પબહુત્વ .................................... ૪૭
- ભાષ્યની પ્રશસ્તિ .................................... ૫૩
- ટીકામાં ક્ષેત્રાદિ દ્વારો .................................... ૭૧
- (૧) ક્ષેત્ર .................................... ૭૩
- (૨) કાળ .................................... ૭૪
- (૩) ગતિ .................................... ૭૪
- (૪) લિંગ .................................... ૭૫
- (૫) તીર્થ .................................... ૭૫
- (૬) ચારિત્ર .................................... ૭૬
- (૭) પ્રત્યેકબુદ્ધબોધિત .................................... ૭૭
- (૮) જ્ઞાન .................................... ૭૮
- (૯) અવગાહના .................................... ૭૮
- (૧૦) અંતર .................................... ૭૯
- (૧૧) સંખ્યા .................................... ૭૯
- (૧૨) અલ્પબહુત્વ .................................... ૭૯
- વિવિધ પ્રકારની લબ્ધિઓ .................................... ૮૩
- પૂર્વપ્રયોગના ઉદાહરણો .................................... ૮૭
- ટીકાકારની પ્રશસ્તિ .................................... ૯૫
- ગ્રંથકારની પ્રશસ્તિ .................................... ૯૫
- ભાવાનુવાદકારની પ્રશસ્તિ .................................... ૯૬

## દસમો અધ્યાય

मोहक्षयात् ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलम् ॥१०-१॥

बन्धहेत्वभावनिर्जराभ्यां ॥१०-२॥

कृत्स्नकर्म्मक्षयो मोक्षः ॥१०-३॥

औपशमिकादिभव्यत्वाभावाच्चान्यत्र केवलसम्यक्त्वज्ञानदर्शन-सिद्धत्वेभ्यः ॥१०-४॥

तदनन्तरमूर्ध्वं गच्छत्यालोकान्तात् ॥१०-५॥

पूर्वप्रयोगादसंगत्वाद्बन्धच्छेदात्तथागतिपरिणामाच्च तद्गतिः ॥१०-६॥

क्षेत्रकालगतिलिङ्गतीर्थचारित्रप्रत्येकबुद्धबोधितज्ञानावगाहनान्तर-सङ्ख्याऽल्पबहुत्वतः साध्याः ॥१०-७॥

# શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમ્

## દસમો અધ્યાય

**टीकावतरणिका–** निर्दिष्टे संवरनिर्जरे, आश्रवनिरोधः संवरः, तपसा निर्जरा चेति, सम्प्रति तु फलं मोक्षं वक्ष्यामः, स च केवलज्ञानोत्पत्तिमन्तरेण न जातुचिदप्यभवद्भवति भविष्यति चेत्यतः केवलज्ञानोत्त्पत्तिमेव तावद्वक्ष्यामः–

**ટીકાવતરણિકાર્થ–** આશ્રવનો નિરોધ એ સંવર છે અને તપથી નિર્જરા થાય છે એ પ્રમાણે સંવર અને નિર્જરાનો નિર્દેશ કર્યો. હવે તો સંવર-નિર્જરાના ફળ એવા મોક્ષને કહીશું અને તે મોક્ષ કેવળજ્ઞાનની ઉત્પત્તિ વિના ક્યારેય થયો નથી, થતો નથી અને થશે પણ નહિ. આથી હવે કેવળજ્ઞાનની ઉત્પત્તિને જ કહીએ છીએ–

**કેવળજ્ઞાન ક્યારે પ્રગટે ?**

**मोहक्षयात् ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलम् ॥१०-१॥**

**સૂત્રાર્થ–** મોહનીય, જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય એ ચાર કર્મોના ક્ષયથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે. (૧૦-૧)

**भाष्यं–** मोहनीय क्षीणे ज्ञानावरणदर्शनावरणान्तरायेषु क्षीणेषु च केवलज्ञानदर्शनमुत्पद्यते। आसां चतसृणां कर्मप्रकृतीनां क्षयः केवलस्य हेतुरिति। तत्क्षयादुत्पद्यत इति हेतौ पञ्चमीनिर्देशः।

मोहक्षयादिति पृथक्करणं क्रमप्रसिद्ध्यर्थं, यथा गम्येत पूर्वं मोहनीयं कृत्स्नं क्षीयते ततोऽन्तर्मुहूर्तं छद्मस्थवीतरागो भवति। ततोऽस्य ज्ञानदर्शनावरणान्तरायप्रकृतीनां तिसृणां युगपत् क्षयो भवति। ततः केवलमुत्पद्यते ॥१०-१॥

**ભાષ્યાર્થ–** મોહનીયનો ક્ષય થયે છતે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો ક્ષય થયે છતે કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થાય છે.

આ ચાર પ્રકૃતિઓનો ક્ષય એ કેવળજ્ઞાનનું કારણ છે. આ ચારના ક્ષયથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે એ પ્રમાણે હેતુ અર્થમાં સૂત્રમાં[1] પાંચમી વિભક્તિનો નિર્દેશ કર્યો છે.

मोहक्षयात् એ પ્રમાણે જુદો ઉલ્લેખ ક્રમની પ્રસિદ્ધિ માટે છે. જેથી જણાય છે કે સંપૂર્ણ મોહ ક્ષય પામે છે ત્યારબાદ અંતર્મુહૂર્ત પછી છદ્મસ્થવીતરાગ થાય છે. ત્યારબાદ એ જીવની જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય એ ત્રણ પ્રકૃતિઓનો એકી સાથે ક્ષય થાય છે. ત્યારબાદ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. (૧૦-૧)

**टीका–** क्रमं चानेन सूत्रेण दर्शयति, मोहनान्मोहः अष्टाविंशतिभेदः पूर्वोक्तस्तस्य क्षयो–निरवशेषतः परिशटनमात्मप्रदेशेभ्यः, क्षीणे च सकलभेदमोहनीये ज्ञानावरणदर्शनावरणान्तरायेषु च पञ्चचतुःपञ्चभेदेषु युगपत् क्षीणेषु–निरवशेषीकृतेषु, केवलं ज्ञानं केवलं च दर्शनमाविर्भवति, समस्तद्रव्यपर्यायपरिच्छेदि घातिकर्मविगमादुत्पद्यते, यथोक्तं–

"तस्य हि तस्मिन् समये केवलमुत्पद्यते गततमस्कम् ।
ज्ञानं च दर्शनं चावरणद्वयसंक्षयाच्छुद्धं ॥१॥
चित्रं चित्रपटनिभं त्रिकालसहितं ततः स लोकमिमं ।
पश्यति युगपत् सर्वं सालोकं सर्वभावज्ञः ॥२॥"

आसामेतत्सूत्रनिर्दिष्टानां, कियतीनां ?, चतसृणां कर्म्मप्रकृतीनां कर्म्मस्वभावानां मोहनमाच्छादनं विघ्नकारित्वं चेति स्वभावाः क्षयो निःशेषशाटः केवलस्य ज्ञानस्य दर्शनस्य हेतुः कारणं निमित्तमिति पर्यायाः ।

फलस्य साधने योग्यः पदार्थो हेतुरिति परिभाषितं, अभावोऽपि हि निमित्तं भवति, यथा विपक्षे हेतुरभावद्वारेण गमकः, तत्क्षयात् तूत्पद्यत इति घातिकर्म्मक्षयाज्जायत इत्यर्थः, ततस्तद्विगमलक्षणो गुणो हेतुः,

---

૧. हेत्वर्थैस्तृतीयाद्याः (સિ.હે.શ.શા. ૨-૨-૧૧૮)

'विभाषा गुणेऽस्त्रिया'मिति हेतौ पञ्चमीनिर्देशो, मोहक्षयादिति सापेक्षं, कर्म्मचतुष्टये व्यपेते निरावरणो जीवस्वभावो ज्ञानदर्शनलक्षणः सदा चकास्ति, तस्य च सापेक्षकर्म्मविगमो निमित्तं, किरणमालिन इव अतिबहलाभ्रपटलप्रच्छादितमण्डलस्य संकुचितकिरणकलापस्य तदपगमे निरावरणसमस्तगभस्तिविस्तरणवद्विकसति ज्ञानं दर्शनं च, मोहक्षयादि-पृथक्करणं प्रतिविशिष्टक्रमप्रसिद्ध्यर्थं, किमर्थं क्रमप्रसिद्धिः ?, यथा गम्येत प्राग् मोहनीयक्षय एव सर्वस्य मुमुक्षोः, ततश्च महामोहसागर-मुत्तीर्यान्तर्मुहूर्तमात्रं विश्राम्यति, ततस्तस्य ज्ञानदर्शनावरणान्तरायक्षयो युगपदेव भवति, तत्समनन्तरमेव केवलज्ञानं केवलदर्शनं चोपजनन-मासादयति, यथोक्तमागमे-"वीसमिऊण नियंठो" इत्यादि, 'चरमे णाणावरण'मित्यादि ॥१०-१॥

**ટીકાર્થ–** આ સૂત્રથી ક્ષયનો ક્રમ બતાવે છે- [પહેલા મોહનીયનો ક્ષય થાય છે, પછી જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય એ ત્રણનો ક્ષય થાય એ ક્રમ છે.] જીવને મુંઝવતો હોવાથી મોહ કહેવાય છે. મોહના ૨૮ ભેદ પૂર્વે કહેલા છે. એ મોહનો ક્ષય એટલે મોહનો આત્મપ્રદેશોમાંથી સંપૂર્ણ નાશ થવો. મોહનીયના સઘળા ભેદોનો નાશ થયે છતે, જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪ અને અંતરાય ૫ એમ કુલ (૧૪) કર્મોનો સંપૂર્ણપણે ક્ષય કરાયે છતે ઘાતિકર્મો દૂર થવાથી સર્વદ્રવ્ય અને સર્વ-પર્યાયને જાણનારું (જણાવનારું) કેવળજ્ઞાન અને કેવળદર્શન એકી સાથે ઉત્પન્ન થાય છે. કહ્યું છે કે–

જિનને તે સમયે બે આવરણોનો (સંપૂર્ણ) ક્ષય થવાથી (અજ્ઞાન રૂપ) અંધકાર ચાલ્યો ગયો છે તેવું કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થાય છે. (૧)

તેથી સર્વભાવને જાણનાર તે જિન ચિત્રવાળા પટ સમાન વિચિત્ર, ત્રિકાળ સહિત અને અલોક સહિત લોકને એકી સાથે જુએ છે. (૨)

आसाम्=એટલે સૂત્રમાં નિર્દિષ્ટ પ્રકૃતિઓનો. કેટલી પ્રકૃતિઓનો ? ચાર પ્રકૃતિઓનો. કર્મપ્રકૃતિ એટલે કર્મસ્વભાવ અથવા કર્મસ્વરૂપ. જેમકે મુંઝાવવું, આચ્છાદન કરવું(=ઢાંકવું) અને વિઘ્ન કરવું એ કર્મોના સ્વભાવો છે. ક્ષય એટલે સંપૂર્ણપણે નાશ. એ સંપૂર્ણક્ષય કેવળજ્ઞાન અને કેવળ-દર્શનનું કારણ છે. હેતુ, કારણ અને નિમિત્ત એ શબ્દો પર્યાયવાચી છે.

જે પદાર્થ ફળને સાધવામાં યોગ્ય હોય તેને હેતુ કહેવાય એમ કહ્યું છે. અભાવ પણ નિમિત્ત થાય છે. જેમકે વિપક્ષમાં(=વિરુદ્ધ પક્ષમાં) હેતુ અભાવ દ્વારા જણાવનારો થાય છે. [જેમકે यत्र यत्र वह्न्यभावः तत्र तत्र धूमाभावः અહીં ધૂમ હેતુ અભાવ દ્વારા બોધ કરાવે છે.] તેના ક્ષયથી ઉત્પન્ન થાય છે એટલે ઘાતિકર્મના ક્ષયથી ઉત્પન્ન થાય છે. તેથી ઘાતિકર્મનો દૂર થવા રૂપ ગુણ કેવળજ્ઞાન-કેવળદર્શનનો હેતુ છે. "विभाषा गुणेऽस्त्रियाम्" એવા સૂત્રથી હેતુ[1] અર્થમાં પાંચમી વિભક્તિનો પ્રયોગ કર્યો છે. એ પ્રયોગ આગળના પદોની સાથે અપેક્ષાવાળો છે. ચાર કર્મો દૂર થયે છતે આવરણરહિત જ્ઞાન-દર્શન-રૂપ જીવસ્વભાવ (સદા) દીપે છે અને તે જીવસ્વભાવનો અપેક્ષા સહિતનો કર્મનો વિગમ (નાશ) એ નિમિત્ત છે. જ્ઞાનગુણ માટે જ્ઞાનાવરણીયકર્મના નાશની અપેક્ષા છે. એમ બીજા ઘાતિકર્મો માટે પણ સમજવું. જેનો ઘેરાવો અતિશય ઘણાં વાદળથી ઘેરાયેલો છે અને (એથી) જેના કિરણોનો સમૂહ સંકોચાઇ ગયો છે એવો સૂર્ય વાદળો દૂર થતા આવરણથી રહિત બને છે. તેથી તે વિશેષથી પ્રકાશવાળો થાય છે તેમ ઘાતિકર્મરૂપ વાદળોનું આવરણ દૂર થતા કેવળજ્ઞાન અને કેવળદર્શન વિકસિત બને છે. "मोहक्षयात्" એ પ્રમાણે જુદો પ્રયોગ વિશેષ પ્રકારના ક્રમની પ્રસિદ્ધિ કરવા માટે છે.

**પ્રશ્ન–** ક્રમની પ્રસિદ્ધિ કરવાનું શું કારણ છે ?

**ઉત્તર–** જીવને સમજાય છે કે સર્વ મુમુક્ષોઓને પહેલા મોહનીયનો જ ક્ષય થાય છે, ત્યારબાદ મહામોહરૂપ સાગરને તરીને અંતર્મુહૂર્ત

૧. हेत्वर्थैस्तृतीयाद्याः (સિ.હે.શ.શા. ૨-૨-૧૧૮)

(કાળ) સુધી વિશ્રામ કરે છે. ત્યારબાદ તેને જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો ક્ષય એકી સાથે જ થાય છે. ત્યારબાદ તુરત કેવળજ્ઞાન અને કેવળદર્શનની ઉત્પત્તિને પામે છે, અર્થાત્ કેવળજ્ઞાન અને કેવળદર્શનની ઉત્પત્તિ થાય છે. આગમમાં કહ્યું છે કે- નિર્ગ્રંથ વિશ્રામ કરીને કેવળજ્ઞાનને બે સમય બાકી હોય ત્યારે પહેલા સમયે નિદ્રા અને પ્રચલા તથા નામની(=નામકર્મની) દેવગતિ, દેવાનુપૂર્વી, વૈક્રિયશરીર (અંગોપાંગ) પહેલા સંઘયણ સિવાયના પાંચ સંઘયણ. કોઈપણ સંસ્થાન, તીર્થંકર અને આહારક નામકર્મ આટલી પ્રકૃતિઓને ખપાવે છે. અંતિમ સમયે પાંચ પ્રકારના જ્ઞાનાવરણીયને, ચાર પ્રકારના દર્શનાવરણીયને અને પાંચ પ્રકારના અંતરાયને ખપાવીને કેવલી થાય છે. (૧૦-૧)

**भाष्यावतरणिका–** अत्राह- उक्तं मोहक्षयाज्ज्ञानदर्शनावरणान्तरायक्षयाच्च केवलमिति । अथ मोहनीयादीनां क्षयः कथं भवतीति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ–** અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે આપે કહ્યું કે મોહનીય, જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય એ ચાર કર્મના ક્ષયથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે, તો મોહાદિનો ક્ષય કેવી રીતે થાય છે ?

અહીં ઉત્તર કહેવાય છે–

**टीकावतरणिका–** अत्राहोक्तमित्यादिना उत्तरसूत्रं सम्बध्नाति, मोहक्षयात् केवलज्ञानोत्पत्तिः, अथैषां मोहादीनां क्षयः कथं भवतीति, अयमभिप्रायः प्रश्नयतो-यावदपि सकषाययोगस्तावदपि कर्म्म सततं बध्नाति कषाययोगप्रत्ययं, तच्च प्रतिक्षणं बध्नन् कथं क्षयं करोतीति, अत्रोच्यते इत्याह–

**ટીકાવતરણિકાર્થ–** "अत्राहोक्तं" ઇત્યાદિથી હવે પછીના સૂત્રની સાથે સંબંધ જોડે છે. મોહના ક્ષયથી કેવલજ્ઞાનની ઉત્પત્તિ થાય છે.

મોહાદિનો ક્ષય કેવી રીતે થાય છે ? અર્થાત્ પ્રશ્નકારનો અભિપ્રાય આ પ્રમાણે છે- જીવ જ્યાં સુધી કષાયવાળો અને યોગવાળો છે ત્યાં સુધી સતત

કર્મ બાંધે છે. એથી કષાય અને યોગના કારણે કર્મ બાંધે છે અને પ્રતિક્ષણ કર્મને બાંધતો તે કર્મક્ષયને કેવી રીતે કરે ? અહીં સૂત્રકાર કહે છે–

**કર્મક્ષયના કારણો–**

**बन्धहेत्वभावनिर्जराभ्यां ॥१०-२॥**

**સૂત્રાર્થ–** બંધહેતુના અભાવથી(=સંવરથી) અને નિર્જરાથી મોહનીયાદિ કર્મોનો ક્ષય થાય છે. (૧૦-૨)

**भाष्यं–** मिथ्यादर्शनादयो बन्धहेतवोऽभिहिताः । तेषामपि तदावरणीयस्य कर्मणः क्षयादभावो भवति सम्यग्दर्शनादीनां चोत्पत्तिः । 'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्' 'तन्निसर्गादधिगमाद्वा' इत्युक्तम् ।

एवं संवरसंवृतस्य महात्मनः सम्यग्व्यायामस्याभिनवस्य कर्मण उपचयो न भवति । पूर्वोपचितस्य च यथोक्तैर्निर्जराहेतुभिरत्यन्तक्षयः । ततः सर्वद्रव्यपर्यायविषयं परमैश्वर्यमनन्तं केवलं ज्ञानदर्शनं प्राप्य शुद्धो बुद्धः सर्वज्ञः सर्वदर्शी जिनः केवली भवति । ततः प्रतनुशुभचतुःकर्मावशेष आयुःकर्मसंस्कारवशाद्विहरति ॥१०-२॥

**ભાષ્યાર્થ–** મિથ્યાદર્શન વગેરે બંધના હેતુઓ પૂર્વે કહ્યા છે. તેમનો પણ તદાવરણીય(=જ્ઞાનાવરણીય વગેરે) કર્મના ક્ષયથી અભાવ થાય છે અને સમ્યગ્દર્શનાદિની ઉત્પત્તિ થાય છે. તત્ત્વભૂત(=તત્ત્વસ્વરૂપ) જીવાદિ પદાર્થોની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે. તે સમ્યગ્દર્શન નિસર્ગ કે અધિગમથી થાય છે એમ કહ્યું છે.

આ પ્રમાણે આશ્રવદ્વારોથી રહિત બનેલા અને (એથી) શુદ્ધ બનેલા મહાત્માને નવા કર્મોનો ઉપચય થતો નથી. પૂર્વે એકઠા કરેલા કર્મોનો પૂર્વોક્ત નિર્જરા હેતુઓથી અત્યંત ક્ષય થાય છે. ત્યારપછી સર્વદ્રવ્યપર્યાય સંબંધી પરમ ઐશ્વર્યરૂપ અનંતકેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરીને શુદ્ધ, બુદ્ધ, સર્વજ્ઞ, સર્વદર્શી, જિન અને કેવલી થાય છે. પાતળા (કૃશ) ચાર કર્મો જે બાકી રહ્યા છે એવા તે આયુષ્યકર્મના સંસ્કારના કારણે વિચરે છે. (૧૦-૨)

**टीका–** आत्मप्रदेशानां कर्म्मपुद्गलानां चान्योऽन्यानुगतिलक्षणः क्षीरोदकवद्बन्धः तस्य हेतुर्मिथ्यादर्शनादिः पञ्चविधः तस्य हेतोरभावाद् अपूर्वकर्म्मागमो नास्ति, प्रथमबद्धस्य च निर्जरणं निर्जरा–आत्मप्रदेशेभ्यः परिशटनं कर्मणः, बन्धहेत्वभावश्च निर्जरा च बन्धहेत्वभावनिर्जरे ताभ्यां बन्धहेत्वभावनिर्जराभ्यां कर्म्मपरिक्षयः, मिथ्यादर्शनादय इत्यादि भाष्यं, प्रागभिहिता मिथ्यादर्शनादयस्तेषामपि मिथ्यादर्शनादीनां बन्धहेतूनां तदावरणीयस्य कर्म्मणः क्षयादभावो भवति, मिथ्यादर्शनं अज्ञानविशेषः, ज्ञानावरणीयेन कर्म्मणा ज्ञानमेवाच्छादितं सदज्ञानमुच्यते, अन्यथा व्यवस्थितान् जीवादिपदार्थानन्यथा वैपरीत्येन प्रतिपद्यते ।

अत आह–तदावरणीयस्य ज्ञानावरणीयस्य कर्म्मणः क्षयादात्यन्तिकात् तस्य–मिथ्याज्ञानस्य यदावरणं तदभावात् मिथ्यादर्शनाभावः, नाप्यविरतिप्रमादकषायप्रत्ययो दर्शनावरणमोहक्षयाद्, योगनिरोधकाले च योगनिमित्तोऽप्यपैति बन्ध इति, इत्थं बन्धहेत्वभावे सति निर्जरणमुपचितस्य कर्मणः अन्त्यकाले समस्ति, सम्यग्दर्शनज्ञानचरणानां चोत्पत्तिः प्रागभिहिता ।

तामुपलक्षयति–'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं' 'तन्निसर्गादधिगमाद्वे'–त्युक्तैव, न पुनरपि व्याख्येयेति, अथवा सर्वमेतत् पूर्वमुक्तं, एवं संवरसंवृतस्येत्यादि, एवमुक्तेन प्रकारेण बन्धहेत्वसम्भवः संवरस्तेन संवृतस्य स्थगितसकलाश्रवद्वारस्य महात्मनः परमातिशयसंपन्नस्य सम्यग्व्यायामस्य–सम्यक्क्रियानुष्ठायिनः छद्मस्थस्य–सयोगकेवलिनश्च निरुद्धसकलयोगस्य अभिनवस्यापूर्वस्य कर्म्मण उपचयो–बन्धो न भवति पूर्वोपचितस्य–प्रागबद्धस्य क्षयो यथोक्तैस्तपोऽनुष्ठानादिभिर्निर्जराहेतु–भिरात्यन्तिको घातिकर्म्मक्षयः, इतरस्तु भवधारणीयक्षयः, ततो घातिकर्म्मक्षयसमनन्तरमेव सर्वद्रव्यपर्यायविषयमित्यनेनैतावदेव ज्ञेयमिति सूचयति, परं प्रकृष्टमैश्वर्यं विभूतिः परं असाधारणं वा ईश्वरत्वमैश्वर्यं

अनन्तमपर्यवसानत्वादनुच्छेदित्वात् केवलमसहायं मत्यादिरहितं ज्ञानदर्शनं चानन्तज्ञानमनन्तदर्शनं च प्राप्य लब्ध्वा शुद्धो धौतापनीतसकलकर्म्ममलः बुद्ध्यत इति बुद्धो ज्ञानस्वभाव इत्यर्थः, केवलज्ञानेन सर्वं जानीत इति सर्वज्ञः केवलदर्शनेन सर्वं पश्यतीति सर्वदर्शी रागद्वेषमोहजयाज्जिनः केवली केवलज्ञानदर्शनसम्भवात् ।

ततः उत्पन्नकेवलज्ञानः (प्रतनुशुभचतुःकर्मावशेषः) प्रतनूनि स्वल्पानुभावानि शुभविपाकानि च प्रायश्चत्वारि कर्माण्यवशेषाणि यस्य वेद्यायुर्नामगोत्राणि, स चायुष्कस्य कर्म्मणः संस्कारवशात् प्रतिक्षण-मनुवृत्तिः संस्कारस्तद्वशाद्विहरति भव्यजनकुमुदवनबोधनाय शीतरश्मिरिव कदाचिद् याति विहरति, तिष्ठन्नपि च विविधं रजो हरतीति, ततोऽस्य विहरत उक्तेन विधिना आयुष्कर्म्मपरिसमाप्तावितराण्यपि त्रीणि कर्माणि क्षपयन्तीति ॥१०-२॥

**ટીકાર્થ–** આત્મપ્રદેશ અને કર્મપુદ્ગલોનું દૂધ-પાણીની જેમ પરસ્પર એકમેક થવું તે બંધ છે. મિથ્યાદર્શન વગેરે પાંચ પ્રકારો કર્મબંધના હેતુઓ છે. તે હેતુઓના અભાવથી નવા કર્મોનું આગમન થતું નથી અને પૂર્વના બંધાયેલા કર્મોની નિર્જરા થાય છે. નિર્જરા એટલે કર્મોનું આત્મપ્રદેશો ઉપરથી ખરી પડવું. [સૂત્રમાં बन्धहेत्वभाव-निर्जराभ्याम् એનો સમાસ આ પ્રમાણે છે.] बन्धहेत्वभाव च निर्जरा च=बन्धहेत्वभावनिर्जरे ताभ्यां बन्धहेत्वभावनिर्जराभ्याम् બંધહેતુનો અભાવ અને નિર્જરા એ બેથી કર્મનો સંપૂર્ણ ક્ષય થાય છે.

"मिथ्यादर्शनादय इत्यादि" ભાષ્ય છે. મિથ્યાદર્શન વગેરે પૂર્વે (અ.૮ સૂ.૧ માં) કહ્યા છે. મિથ્યાદર્શન વગેરે બંધહેતુઓનો પણ તદાવરણીય (=જ્ઞાનાવરણીય વગેરે) કર્મના ક્ષયથી અભાવ થાય છે. મિથ્યાદર્શન એ અજ્ઞાનવિશેષ છે. જ્ઞાનાવરણીયકર્મથી જ્ઞાન જ આવરાયું છતું અજ્ઞાન કહેવાય છે. એથી તે જીવ બીજી રીતે રહેલા જીવાદિ પદાર્થોને બીજી રીતે=વિપરીત રીતે સ્વીકારે છે.

આથી અહીં કહે છે કે- तदावरणीयस्य=જ્ઞાનાવરણીયકર્મના અત્યંત ક્ષયથી મિથ્યાજ્ઞાનનું જે આવરણ છે તે આવરણનો અભાવ થવાથી મિથ્યાદર્શનનો અભાવ થાય છે. પણ દર્શનાવરણમોહના ક્ષયથી અવિરતિ, પ્રમાદ અને કષાય નિમિત્તક બંધહેતુનો અભાવ થતો નથી. (પણ ચારિત્રાવરણમોહના ક્ષયથી અવિરતિ, પ્રમાદ અને કષાય નિમિત્તક કર્મબંધનો અભાવ થાય છે. જે ઉપર જ્ઞાનાવરણીયકર્મના અત્યંત ક્ષયમાં કહેવાઇ ગયું છે.) અને યોગનિરોધકાળે યોગનિમિત્તક બંધ પણ દૂર થાય છે. આ પ્રમાણે બંધહેતુઓનો અભાવ થયે છતે પૂર્વે એકઠા કરેલા કર્મોનો પણ અંતિમકાળે ક્ષય થાય છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ઉત્પત્તિ પહેલાં કહેવાયેલી છે.

તેને(=સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની ઉત્પત્તિને) જણાવે છે- तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्, तन्निसर्गादधिगमाद्वा એ પ્રમાણે કહેલું જ છે, આની ફરી વ્યાખ્યા કરવાની જરૂર નથી. અથવા તો સઘળું પૂર્વે કહેલું જ છે. "एवं संवरसंवृत्तस्य" ઇત્યાદિ, આ પ્રમાણે ઉક્ત રીતે બંધ-હેતુઓનો અભાવ તે સંવર છે. તે સંવરથી જેણે સઘળા આશ્રવદ્વારોને બંધ કરી દીધા છે એવા મહાત્માને, મહાત્માને એટલે પરમ અતિશય સંપન્નને, સમ્યગ્ વ્યાયામને એટલે સમ્યક્ક્રિયાઅનુષ્ઠાનને કરનારા છદ્મસ્થને, સયોગિકેવલીને અને જેણે સઘળા યોગોનો નિરોધ કરી દીધો છે એવાને અભિનવ=અપૂર્વ(=નવા) કર્મનો ઉપચય એટલે કર્મબંધ થતો નથી. પૂર્વોપચિત એટલે પૂર્વે બંધાયેલા (કર્મોનો) તપ-આચરણ વગેરે નિર્જરાના હેતુઓથી યથોક્ત ઘાતિકર્મોનો ક્ષય થાય છે. इतरस्तु એટલે અઘાતિકર્મનો ક્ષય. અઘાતિકર્મનો ક્ષય ભવધારણીય(=આયુષ્ય)કર્મના ક્ષયથી થાય છે. ત્યાર પછી એટલે ઘાતિકર્મના ક્ષય પછી તરત જ "सर्वद्रव्यपर्यायविषयम्" એવા પ્રયોગથી આટલું જ જાણવા યોગ્ય છે એમ સૂચવે છે. પરં એટલે પ્રકૃષ્ટ. ઐશ્વર્ય એટલે વિભૂતિ. અથવા પરં એટલે અસાધારણ. ઐશ્વર્ય એટલે ઇશ્વરપણું. અંત ન હોવાથી, ઉચ્છેદ ન કરી શકાય તેવું હોવાથી અનંત છે. કેવલ એટલે સહાય વિનાનું, અર્થાત્ મતિ

આદિથી રહિત. જ્ઞાન અને દર્શન=અનંતજ્ઞાન અને અનંતદર્શનને પ્રાપ્ત કરીને. શુદ્ધ એટલે જેણે સકલ કર્મરૂપ મળને ધોઈ નાખ્યો છે અથવા દૂર કર્યો છે તેવો. જે બોધને પામે તે બુદ્ધ, અર્થાત્ જ્ઞાનસ્વભાવવાળો. કેવળજ્ઞાનવડે બધું જાણે છે માટે સર્વજ્ઞ છે. કેવળદર્શનથી બધુ જુએ છે માટે સર્વદર્શી છે. રાગ, દ્વેષ અને મોહને જીતવાથી જિન છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયું હોવાથી કેવલી છે.

ततः એટલે ત્યારબાદ. જેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે એવા મહાત્માને ત્યારબાદ પ્રાયઃ[1] ("प्रतनुशुभचतुःकर्मविशेषः") પ્રતનું એટલે અતિશયઅલ્પઅનુભવવાળા અને શુભવિપાકવાળા વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર કર્મો જેને બાકી રહે છે તે સયોગીકેવલી. આયુષ્યકર્મના સંસ્કારના કારણે (આયુષ્ય હોય ત્યાં સુધી) વિચરે છે. સંસ્કાર એટલે પ્રત્યેક ક્ષણે અનુસરવું. विहरति એટલે વિહાર કરે છે. ભવ્યજનરૂપ [2]કુમુદવનને બોધ[3] કરવા માટે ચંદ્રની જેમ વિહાર કરે છે અને એક સ્થળે પણ રહેતા (તે મહાત્મા) વિવિધ રજને હરે છે માટે વિહાર કરે છે એમ કહેવાય. ત્યારબાદ કહેવાયેલ વિધિથી વિહાર કરતા એ મહાત્માનું આયુષ્યકર્મ ક્ષય થયે છતે એ મહાત્મા બીજા પણ ત્રણ કર્મોને ખપાવે છે. (૧૦-૨)

**भाष्यावतरणिका–** ततोऽस्य–

**ભાષ્યાવતરણિકાર્થ–** ત્યારબાદ તે મહાત્માને–

**टीकावतरणिका–** अतः–

**ટીકાવતરણિકાર્થ–** આથી–

**મોક્ષની વ્યાખ્યા–**

## कृत्स्नकर्म्मक्षयो मोक्षः ॥१०-३॥

**સૂત્રાર્થ–** સર્વકર્મોનો ક્ષય એ મોક્ષ છે. (૧૦-૩)

૧. કોઈક સયોગીકેવલીને તીવ્ર વિપાકવાળા પણ કર્મો હોય માટે પ્રાયઃ એમ લખ્યું છે.

૨. કુમુદ=ચંદ્રવિકાસી કમળ.

૩. કુમુદવનને બોધ કરવા માટે એટલે કુમુદોને વિકસાવવા માટે.

**भाष्यं–** कृत्स्नकर्मक्षयलक्षणो मोक्षो भवति । पूर्वं क्षीणानि चत्वारि कर्माणि पश्चाद्वेदनीयनामगोत्रायुष्कक्षयो भवति । तत्क्षयसमकालमेवौदारिकशरीरवियुक्तस्यास्य जन्मनः प्रहाणम् । हेत्वभावाच्चोत्तरस्याप्रादुर्भावः । एषाऽवस्था कृत्स्नकर्मक्षयो मोक्ष इत्युच्यते ॥१०-३॥

**ભાષ્યાર્થ–** સર્વકર્મોનો ક્ષયરૂપ મોક્ષ થાય છે. ચાર (ઘાતિ)કર્મોનો પૂર્વે ક્ષય થઇ ગયો છે. પછી વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય (કર્મ)નો ક્ષય થાય છે. ચાર કર્મોના ક્ષય થવાના સમાન કાળે જ શરીરથી રહિત બનેલા આ જન્મનો નાશ થાય છે. હેતુનો અભાવ હોવાથી પછીના શરીરની ઉત્પત્તિ થતી નથી. આ અવસ્થા સર્વકર્મના ક્ષયરૂપ મોક્ષ છે એમ કહેવાય છે. (૧૦-૩)

**टीका–** कृत्स्नं-संपूर्णं निरवशेषं कर्म्म ज्ञानावरणाद्यन्तरायपर्यवसानमष्टविधं मूलप्रकृतिशब्दवाच्यं, उत्तरप्रकृतीनां तु द्वाविंशत्युत्तरं शतं, एतत् कृत्स्नं कर्म तस्य क्षयः शाटः आत्मप्रदेशेभ्योऽपगमः कर्म्मराशेर्मोक्षः, आत्मनः आत्मन्यवस्थानमिति ।

कृत्स्नकर्म्मक्षयलक्षणो मोक्षो भवतीत्यादि भाष्यं, कृत्स्नकर्म्मक्षयो लक्षणं यस्य मोक्षस्य, कृत्स्नकर्म्मविमुक्त्याऽऽत्मा मुक्त इति लक्ष्यते, स एव मोक्षः, सकलकर्म्मविमुक्तस्य ज्ञानदर्शनोपयोगलक्षणस्यात्मनः स्वात्मन्यवस्थानं मोक्षः, न पुनरात्माभाव एव, परिणामिनो निरन्वयनाशे न उपपत्तिदृष्टान्तौ, परिणामित्वादेव ज्ञानाद्यात्मा, न सोऽभावः,

स च कर्म्मणामपगमः क्रमेणामुनेति दर्शयति-पूर्वं क्षीणानि चत्वारि कर्म्माणीति केवलज्ञानोत्पत्तेः प्राक् पूर्वं मोहनीयज्ञानदर्शनावरणान्तरायाख्यानि चत्वारि घातिकर्म्माणि क्षीणानि, ततः केवलज्ञानोत्पत्तिः, पश्चाद्वेदनीयनामगोत्रायुष्कक्षयो भवतीति, केवलज्ञानोत्पादात् पश्चाद्वेदनीयादीनि चत्वारि कर्म्माणि क्षयं प्रतिपद्यन्ते भवधारणीयानि, एवं तत्क्षयसमकालमेव सकलकर्म्मक्षयतुल्यकालमेवौदारिकशरीरवियुक्त-

स्यास्य मनुष्यजन्मनः प्रहाणमिति छेदः बन्धहेत्वभावाच्चोत्तरस्य जन्मनोऽप्रादुर्भावः एषाऽवस्थेति पूर्वजन्मोच्छेद उत्तरजन्माप्रादुर्भावः केवली आत्मा ज्ञानाद्युपयोगलक्षणः शुद्ध इत्येषाऽवस्था कृत्स्नकर्म्मक्षय-लक्षणा मोक्ष इत्याख्यायते, अवस्थाग्रहणमात्माऽनुच्छेदप्रतिपादनार्थमिति ॥१०-३॥

**ટીકાર્થ–** કૃત્સ્ન એટલે સંપૂર્ણ, અર્થાત્ નિરવશેષ. મૂળ પ્રકૃતિની અપેક્ષાએ જ્ઞાનાવરણથી પ્રારંભીને અંતરાય સુધીનું આઠ પ્રકારનું કર્મ છે. ઉત્તરપ્રકૃતિના તો એકસો બાવીશ ભેદો છે. આટલા ભેદો કૃત્સ્ન કર્મ છે, અર્થાત્ ઉત્તરપ્રકૃતિના બધા મળીને એકસો બાવીશ ભેદો થાય છે. તેમનો ક્ષય એટલે તે પ્રકૃતિઓનું આત્મપ્રદેશો પરથી ખરી જવું, અર્થાત્ કર્મરાશિથી(=કર્મસમૂહથી) આત્માનો મોક્ષ(=છૂટકારો) થાય છે. આત્માનું આત્મામાં અવસ્થાન(=રહેવાનું) થાય છે.

"कृत्स्नकर्मक्षयलक्षणो मोक्षो भवतीत्यादि" ભાષ્ય છે. જેનું લક્ષણ કૃત્સ્ન કર્મક્ષય છે તે મોક્ષ છે. [અર્થાત્ મોક્ષ સિવાય બીજી કોઈ વસ્તુનું આવું લક્ષણ નથી.] સઘળા કર્મોથી મુક્ત થયેલો આત્મા મુક્ત એ પ્રમાણે ઓળખાય છે અને તે જ મોક્ષ છે. સઘળા કર્મોથી વિમુક્ત અને જ્ઞાન-દર્શનના ઉપયોગ સ્વરૂપ આત્માનું પોતાનામાં(=આત્મામાં) અવસ્થાન (=રહેવું) તે મોક્ષ છે. પણ આત્માનો અભાવ જ થતો નથી. પરિણામી એવા આત્માનો નિરન્વય નાશ થવામાં (કોઈ) હેતુ(યુક્તિ) અને દૃષ્ટાંત નથી. પરિણામી હોવાથી આત્મા જ્ઞાનાદિ સ્વરૂપ છે. પરિણામી આત્મા અભાવ રૂપ થતો નથી.

તે અભાવ કર્મના દૂર થવા રૂપ છે. આ ક્રમથી કર્મો દૂર થાય છે- "पूर्वं क्षीणानि चत्वारि कर्माणीति" કેવલજ્ઞાનની ઉત્પત્તિ પૂર્વે(=પહેલા) મોહનીય-જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને અંતરાય એ ચાર ઘાતિ-કર્મોનો ક્ષય થાય છે. ત્યારબાદ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. "पश्चाद्वेदनीय-नामगोत्रायुष्कक्षयो भवतीति" કેવળજ્ઞાન થયા પછી ભવધારણીય એવા

વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્ય એ ચારનો ક્ષય થાય છે. આ પ્રમાણે "तत् क्षयसमकालमेव (इति)" સઘળા કર્મોનો ક્ષય થાય ત્યારે તત્કાલ જ "औदारिकशरीरवियुक्तस्यास्य मनुष्यजन्मनः प्रहाणमिति" ઔદારિક શરીરથી રહિત થયેલા આ મહાત્માના મનુષ્ય જન્મનો નાશ થાય છે અને બંધહેતુનો અભાવ હોવાથી નવો જન્મ થતો નથી. "एषाऽवस्था" એટલે પૂર્વજન્મનો નાશ અને ઉત્તરજન્મના અભાવવાળા કેવલી આત્માની જ્ઞાનાદિ ઉપયોગ સ્વરૂપ શુદ્ધ અને સંપૂર્ણ કર્મક્ષય સ્વરૂપ આ અવસ્થા મોક્ષ એમ કહેવાય છે. આત્માનો નાશ થતો નથી એ જણાવવા માટે અવસ્થા શબ્દનો પ્રયોગ કર્યો છે. (૧૦-૩)

**भाष्यावतरणिका–** किञ्चान्यत्–

**ભાષ્યાવતરણિકાર્થ–** વળી બીજું–

**टीकावतरणिका–** किञ्चान्यदित्यनेन तस्यामवस्थायां प्रष्टव्यशेषमाशङ्कते, "औपशमिकक्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिकपारिणामिकौ चे"त्युक्तं जीवस्वतत्त्वं, तत् किं तस्यामवस्थायां सकलमेव परिशटति उत नैव, आहोश्वित् किञ्चित् परिशटति किञ्चिन्नेति सन्देहापनयनार्थमाह सूत्रकारः–

**ટીકાવતરણિકાર્થ–** "किञ्चान्यत्" એવા પ્રયોગથી તે અવસ્થામાં બાકી રહેલા પૂછવા યોગ્યની શંકા કરે છે- "औपशमिकक्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिकपारिणामिकौ च" પૂર્વે (અ.૨ સૂ.૧)માં જીવનું તત્ત્વ સ્વરૂપ(=સ્વભાવ) જણાવ્યું છે તે સ્વરૂપ તે અવસ્થામાં સઘળું ય નાશ થાય છે કે નહિ જ ? અથવા કંઈક નાશ પામે છે કે કંઈક નાશ નથી પામતું ? એ પ્રમાણે સંદેહ (શંકા) દૂર કરવા માટે સૂત્રકાર કહે છે–

**કયા ભાવોના અભાવથી મોક્ષ થાય–**

**औपशमिकादिभव्यत्वाभावाच्चान्यत्र केवलसम्यक्त्व-ज्ञानदर्शनसिद्धत्वेभ्यः ॥१०-४॥**

**સૂત્રાર્થ–** કેવળ(ક્ષાયિક)સમ્યક્ત્વ, કેવળજ્ઞાન, કેવળદર્શન અને સિદ્ધત્વ વિના ઔપશમિકાદિ ભાવોના તથા ભવ્યત્વના અભાવથી મોક્ષ થાય છે. (૧૦-૪)

**भाष्यं–** औपशमिकक्षायोपशमिकौदयिकपारिणामिकानां भावानां भव्यत्वस्य चाभावान्मोक्षो भवति, अन्यत्र केवलसम्यक्त्वकेवलज्ञान-केवलदर्शनसिद्धत्वेभ्यः । एते ह्यस्य क्षायिका नित्यास्तु मुक्तस्यापि भवन्ति ॥१०-४॥

**ભાષ્યાર્થ–**ઔપશમિક, ક્ષાયોપશમિક, ઔદાયિક અને પારિણામિક એ ભાવોનો અને ભવ્યત્વનો અભાવ થવાથી મોક્ષ થાય છે પણ કેવળ (ક્ષાયિક) સમ્યક્ત્વ, કેવળજ્ઞાન, કેવળદર્શન અને સિદ્ધત્વ એ ચાર ભાવોનો નાશ થતો નથી. એના(=મુક્તજીવના) આ ભાવો ક્ષાયિક હોવાથી નિત્ય છે તેથી મુક્ત આત્માને પણ આ ભાવો હોય છે. (૧૦-૪)

**टीका–** उपशमे भवं औपशमिकं उपशमेन वा निर्वृत्तः, स आदिर्येषां ते इमे औपशमिकादयः, आदिग्रहणेन क्षायिकक्षायोपशमिकौदयिक-पारिणामिकाः गृहीताः, सेत्स्यल्लक्षणं भव्यत्वं, औपशमिकादयश्च भव्यत्वं च औपशमिकादिभव्यत्वानि एषामभावः औपशमिकादिभव्यत्वाभावः, चशब्दः समुच्चये, औपशमिकाद्यभावाद्भव्यत्वाभावाच्च मुक्तात्मा भवति,

किं सर्वेषामौपशमिकादीनामभावो ?, नेत्युच्यते, अन्यत्र केवल-सम्यक्त्वज्ञानदर्शनसिद्धत्वेभ्यः शेषा न सन्ति, औपशमिकक्षायोपशमि-कौदयिकाः सर्वथा न सन्त्येव, क्षायिके तु भावे केवलसम्यक्त्वं, क्षायिकसम्यक्त्वमित्यर्थः, केवलज्ञानं केवलदर्शनं सिद्धत्वं च सम्भवति मुक्तात्मनि, पारिणामिके तु भावे भव्यत्वमेकमेव केवलं सिद्धत्वे न सम्भवति,

नन्वौपशमिकादिग्रहणात् भव्यत्वं संगृहीतमेव, किमर्थं पुनर्भव्यत्व-ग्रहणं ?, उच्यते, पारिणामिकभावे भव्यत्वमेव केवलं सिद्धे न समस्ति,

शेषाः प्रायेण सन्तीति ज्ञापनार्थं, अस्तित्वगुणवत्त्वासर्वगतत्वानादित्वा-सङ्ख्येयप्रदेशवत्त्वनित्यत्वादयः सन्त्येव,

एतदनुसारि भाष्यं-'औपशमिके'त्यादि औपशमिकादयः कृतद्वन्द्वाः षष्ठीबहुवचनेन निर्दिष्टाः, एषामभावाद्भव्यत्वाभावाच्च मोक्षः, अन्यत्र केवलसम्यक्त्वादिभ्यः इत्युपपदलक्षणा पञ्चमी, दर्शनसप्तकक्षयात् क्षायिकं केवलसम्यक्त्वं, समस्तज्ञानावरणक्षयात् क्षायिकं केवलज्ञानं, अशेषदर्शनावरणक्षयात् क्षायिकं केवलदर्शनं, समस्तकर्म्मक्षयात् सिद्धत्वमित्येते क्षायिका भावा यस्मान्नित्याः तस्मान्मुक्तस्यापि भवन्तीति ॥१०-४॥

**ટીકાર્થ–** ઉપશમમાં થયેલો ભાવ તે ઔપશમિક અથવા ઉપશમથી થયેલો ભાવ તે ઔપશમિક. ઔપશમિક જેની આદિમાં છે તે ઔપશમિકાદિ. સૂત્રમાં સમાસનો વિગ્રહ આ પ્રમાણે છે- औपशमिकादयश्च भव्यत्वं च औपशमिकादिभव्यत्वानि एषामभावः औपशमिकादिभव्यत्वाभावः तस्मात् औपशमिकाद्यभावाद् भव्यत्वाभावात् च. અહીં આદિ શબ્દના ગ્રહણથી ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક એ ભાવો ગ્રહણ કર્યા છે. જે સિદ્ધ થશે તે ભવ્ય છે. એવું ભવ્યત્વનું લક્ષણ છે. ઔપશમિકાદિ ભાવોનો અને ભવ્યત્વનો અભાવ થાય છે. ઔપ-શમિકાદિના અભાવથી અને ભવ્યત્વના અભાવથી જીવ મુક્તાત્મા (=મુક્તસ્વરૂપ) બને છે.

**પ્રશ્ન–** શું ઔપશમિકાદિ બધા ભાવોનો અભાવ થાય છે ?

**ઉત્તર–** ના, કેવળસમ્યક્ત્વ, કેવળજ્ઞાન, કેવળદર્શન અને સિદ્ધત્વ એ ભાવો સિવાય બાકીના ભાવો રહેતા નથી. ઔપશમિક, ક્ષાયોપશમિક અને ઔદયિક એ ભાવો સર્વથા હોતા નથી. ક્ષાયિકભાવમાં તો કેવળ સમ્યક્ત્વ, કેવળજ્ઞાન, કેવળદર્શન અને સિદ્ધત્વ એ (ચાર) મુક્તાત્મામાં હોય છે. કેવળ સમ્યક્ત્વ એટલે ક્ષાયિક સમ્યક્ત્વ. પારિણામિકભાવમાં તો માત્ર એક ભવ્યત્વ જ સિદ્ધાવસ્થામાં નથી હોતું.

**પ્રશ્ન–** ઔપશમિકાદિ એ પ્રમાણે આદિ શબ્દના ઉલ્લેખથી ભવ્યત્વનું ગ્રહણ થઈ જ જાય છે તો પછી ભવ્યત્વ એવા શબ્દનું ફરી ગ્રહણ શા માટે કર્યું છે ?

**ઉત્તર–** પારિણામિકભાવમાં કેવળ ભવ્યત્વ જ સિદ્ધમાં ન હોય બાકીના ભાવો પ્રાયઃ કરીને હોય છે એ જણાવવા માટે ભવ્યત્વ શબ્દનું ગ્રહણ કર્યું છે. અસ્તિત્વ, ગુણવત્ત્વ, સર્વગતત્વ, અનાદિત્વ, અસંખ્યેયપ્રદેશવત્ત્વ અને નિત્યત્વ વગેરે ભાવો સિદ્ધમાં છે જ.

આને(સૂત્રને) અનુસરનારું ભાષ્ય આ પ્રમાણે છે–

"औपशमिक" इत्यादि, સૂત્રમાં ઔપશમિક વગેરે શબ્દોનો દ્વન્દ્વ સમાસ કર્યો છે અને એ સમાસનો છઠ્ઠી વિભક્તિના બહુવચનથી નિર્દેશ કર્યો છે. ઔપશમિકાદિ ભાવોના અભાવથી અને ભવ્યત્વના અભાવથી મોક્ષ થાય છે. "अन्यत्र" એટલે હવે કહેવાશે તે ભાવો સિવાયના ભાવોનો અભાવ થાય છે. અહીં [1]ઉપપદમાં પાંચમી વિભક્તિ છે.

અહીં દર્શનસપ્તકના ક્ષયથી કેવલ સમ્યક્ત્વ=ક્ષાયિક સમ્યક્ત્વ, સઘળા જ્ઞાનાવરણીયકર્મના ક્ષયથી ક્ષાયિક કેવળજ્ઞાન, સઘળા દર્શનાવરણીયકર્મના ક્ષયથી ક્ષાયિક કેવળદર્શન અને સઘળા કર્મોના ક્ષયથી સિદ્ધત્વ પ્રગટ થાય છે. આ ભાવો ક્ષાયિક છે એથી નિત્ય છે. તેથી મુક્ત આત્માઓને પણ આ ભાવો હોય છે. (૧૦-૪)

**टीकावतरणिका–** स पुनर्मुक्तात्मा यत्र मुक्तः समस्तकर्म्मभिः किं तत्रैवावतिष्ठते उतान्यत्रेति पृष्टो जगाद–

---

૧. વિભક્તિના કારક અને ઉપપદ એમ બે પ્રકાર છે. કારકના કારણે થયેલી વિભક્તિ કારકવિભક્તિ છે. જેમકે ग्रामादागच्छति અહીં પંચમી વિભક્તિ અપાદાનકારકમાં છે. अन्यो मैत्रात् चैत्रः અહીં ઉપપદ પંચમી વિભક્તિ છે. જે પંચમી વિભક્તિ ઉપપદના=પાંચમી વિભક્તિની સમીપમાં રહેલા પદના કારણે થયેલી હોય તે ઉપપદ પંચમી કહેવાય છે. अन्यो मैत्रात् चैत्रः અહીં मैत्रात् એ પંચમી વિભક્તિ સમીપમાં રહેલા अन्य પદના કારણે છે. પ્રસ્તુતમાં केवलसम्यत्वादिभ्यः એ સ્થળે પંચમી વિભક્તિ સમીપમાં રહેલા अन्यत्र પદના યોગથી આવેલી છે. માટે તે ઉપપદ લક્ષણા પંચમી કહેવાય.

**ટીકાવતરણિકાર્થ–** તે મુક્તાત્મા સઘળા કર્મોથી જ્યાં મુક્ત થાય છે ત્યાં જ રહે છે કે બીજે રહે છે એ પ્રમાણે પૂછાયેલા સૂત્રકારે (આ પ્રમાણે) કહ્યું છે–

**મુક્ત થયેલો આત્મા ક્યાં જાય ?**

## तदनन्तरमूर्ध्वं गच्छत्यालोकान्तात् ॥१०-५॥

**સૂત્રાર્થ–** ત્યારબાદ આત્મા ઉપર લોકાંત સુધી જાય છે. (૧૦-૫)

**भाष्यं–** तदनन्तरमिति कृत्स्नकर्मक्षयानन्तरमौपशमिकाद्यभावानन्तरं चेत्यर्थः । मुक्त ऊर्ध्वं गच्छत्यालोकान्तात् । कर्मक्षये देहवियोगसिध्य-मानगतिलोकान्तप्राप्तयोऽस्य युगपदेकसमयेन भवन्ति । तद्यथा-प्रयोगपरिणामादिसमुत्थस्य गतिकर्मण उत्पत्तिकार्यारम्भविनाशा युगपदेकसमयेन भवन्ति तद्वत् ॥१०-५॥

**ભાષ્યાર્થ–** ત્યારબાદ એટલે સઘળા કર્મોનો ક્ષય થયા પછી અને ઔપશમિકાદિ ભાવોનો અભાવ થયા પછી આત્મા લોકાંત સુધી જાય છે. સઘળા કર્મોનો ક્ષય થવાથી મુક્તાત્માને શરીરનો વિયોગ સિદ્ધ થતા આત્માની ગતિ અને લોકાંતની પ્રાપ્તિ આ બધું એકી સાથે એક સમયે થાય છે. તે આ પ્રમાણે- જેવી રીતે પ્રયોગપરિણામાદિથી ઉત્પન્ન થયેલ ગતિકાર્યની ઉત્પત્તિ, કાર્યઆરંભ અને વિનાશ (એ ત્રણે) એકી સાથે એક સમયમાં થાય છે તેવી રીતે પૂર્વોક્ત દેહવિયોગ વગેરે એકી સાથે એક સમયમાં થાય છે. (૧૦-૫)

**टीका–** तच्छब्देन कृत्स्नकर्म्मक्षयः परामृश्यते, औपशमिकादि-भव्यत्वाभावो वा, तदनन्तरमिति कृत्स्नकर्म्मक्षयानन्तरं अनु-सततमेव मुक्तः सन्नूर्ध्वं गच्छत्यूर्ध्वमेव गच्छति,

कीयतीं भूमिमित्याह-आलोकान्तात् पञ्चास्तिकायसमुदायो लोकस्त-स्यान्तो-मस्तकः तत्रेषत्प्राग्भारा नाम क्षोणी तुहिनशकलधवला उत्तानकच्छत्राकृतिस्तस्याश्चोपरि योजनमेकं लोकः तस्याधस्तनक्रोशत्रयं हित्वा तुरीयक्रोशस्य उपरितनके षड्भागे त्रयस्त्रिंशदुत्तरधनुस्त्रिशतीमिते

धनुस्त्रिभागाधिके लोकान्तशब्दो वर्त्तते, आङो मर्यादायां प्रयोगः, आ उदकान्तादिति यथा, एवमालोकान्तात्, न गच्छति ततः परमिति,

तस्य च मुक्तात्मनो देहवियोगः सर्वात्मना तैजसकार्मणयोः क्षयः, सिद्ध्यमानगतिरिति ताच्छील्ये चानः, सेधनशील एवासौ, नान्यशीलः, अवश्यमेव सिद्ध्यति, तस्य गतिरितो गमनं मुक्तस्य सतः लोकान्तप्राप्तिर्लोकान्तावस्थानं एतत्त्रितयमप्येकेन समयेन परमनिरुद्धेन कालविशेषेण युगपद्भवति, गतिश्च समयान्तरं प्रदेशान्तरं चास्पृशन्ती भवति, तस्याचिन्त्यसामर्थ्यात् चैतत् सर्वं युगपद्भवति देहवियोगादि,

केचिदाहुः-कर्म्मक्षयकालश्च देहवियोगादिसमकाल एव कथं भवतीति ?, 'तद्यथे'त्यादिना दृष्टान्तयति प्रसिद्धेन दृष्टान्तवस्तुना सिद्धस्य उत्पादादीनामेककालता साध्यते, प्रयोगो वीर्यान्तरायक्षयोपशमात् क्षयाद्वा चेष्टारूपपरिणामः आदिग्रहणात् स्वाभाविको वा परमाण्वादीनां गतिपरिणामस्तत्समुत्थस्य तस्माज्जातस्य गतिकर्म्मणो गतिक्रियाविशेषस्य कार्यद्वारेणोत्पत्तिकालः कार्यारम्भश्च कारणविनाशश्च पर्यायान्तरेण द्व्यणुकादिकार्यारम्भः पूर्वपर्यायविनाशः तद्वत् सिद्धस्यापि कर्म्मक्षयदेह-वियोगादयः समकालाः, एकसमयेन भवन्तीत्यर्थः, उत्पादविगमस्थान-वदिति सुज्ञानं ॥१०-५॥

**ટીકાર્થ–** સૂત્રમાં રહેલા "तदनन्तरं" એવા પ્રયોગમાં तत् શબ્દથી कृत्स्नकर्मक्षयः એ પદનો અને औपशमिकादिभव्यत्वाभावः એ પદનો પરામર્શ કરાય છે. तदनन्तरम् એટલે સઘળા કર્મોના ક્ષય પછી તરત જ (જીવ) મુક્ત થયે છતે ઉપર જ જાય છે.

**પ્રશ્ન–** કેટલી પૃથ્વી સુધી ઉપર જાય છે ?

**ઉત્તર–** आलोकान्तात्=પંચાસ્તિકાયના સમુદાય રૂપ લોકના અંત-મસ્તક સુધી. ત્યાં ઈષત્ પ્રાગ્ભારા નામની પૃથ્વી છે. તે પૃથ્વી બરફના સફેદ ટુકડા જેવી છે. ચત્તી છત્રીના આકાર જેવી છે. તેની ઉપર એક

યોજન સુધી લોક છે. તે એક યોજનના નીચેના ત્રણ ગાઉ છોડીને ઉપરના ચોથા ગાઉના ઉપરના છઠ્ઠા ભાગમાં ૩૩૩-૧/૩ ધનુષ્ય પ્રમાણ આકાશમાં લોકાંત શબ્દનો પ્રયોગ થાય છે. અહીં आङ्[૧] શબ્દનો પ્રયોગ મર્યાદા અર્થમાં છે. જેમકે આ उदकान्तात् એટલે પાણી સુધી. તેવી રીતે પ્રસ્તુતમાં લોકાંત સુધી, તેવી રીતે લોક પછી જતો નથી=લોક પૂર્ણ થયા પછી આગળ જતો નથી.

देहवियोगः=તૈજસ અને કાર્મણ શરીરનો સર્વથા ક્ષય. "सिद्धयमान-गतिरिति" અહીં તાત્શીલ્ય અર્થમાં आन પ્રત્યય છે. "તેનો સ્વભાવ" એ અર્થમાં अन् પ્રત્યય છે. આ જીવ સિદ્ધ થવાના સ્વભાવવાળો જ છે, બીજા સ્વભાવવાળો નથી. અવશ્ય જ સિદ્ધ થાય છે. મુક્ત થતા તે આત્માની અહીંથી લોકાંત સુધી ગતિ થાય છે. लोकान्तप्राप्तिः=લોકાંતમાં રહેવું. આ ત્રણેય એક જ સમયમાં(=અત્યંત સૂક્ષ્મકાળવિશેષમાં) એકી સાથે થાય છે. અન્ય સમયના અને અન્ય પ્રદેશના સ્પર્શથી રહિત ગતિ થાય છે. તેના (સિદ્ધ થતા આત્માના) અચિંત્ય સામર્થ્યથી દેહવિયોગ વગેરે આ બધું એકી સાથે થાય છે.

**પ્રશ્ન–** કર્મક્ષયકાળ દેહવિયોગાદિના સમકાળે જ કેવી રીતે થાય છે?

**ઉત્તર–** ભાષ્યકાર "तद्यथेत्यादिना"થી પ્રસિદ્ધ અન્ય દૃષ્ટાંતથી સિદ્ધના ઉત્પાદાદિ એકી સાથે એક સમયે થાય છે એ સિદ્ધ કરે છે. "પ્રયોગ" એટલે વીર્યાંતરાયના ક્ષયોપશમથી કે ક્ષયથી ચેષ્ટારૂપ પરિણામ. આદિ શબ્દના ગ્રહણથી પરમાણુ આદિના સ્વાભાવિક ગતિપરિણામનું ગ્રહણ કરવું. એ પ્રયોગપરિણામથી ઉત્પન્ન થયેલા ગતિકાર્યથી=ગતિરૂપ ક્રિયાવિશેષના કાર્યદ્વારા ઉત્પત્તિકાળ કાર્યારંભ અને કારણ વિનાશ થાય

---

૧. आङ् મર્યાદા અને અભિવિધિમાં યોજાય છે. મર્યાદા=સીમા, હદ. અભિવિધિ=અવધિ સહિત. જેમકે आपाटलीपुत्रात् वृष्टो मेघः અહીં आङ् નો મર્યાદા એવો અર્થ લેવામાં આવે તો પાટલીપુત્ર શરૂ થાય ત્યાં સુધી વરસાદ વરસ્યો, પણ પાટલી પુત્રમાં ન વરસ્યો. અભિવિધિ અર્થ લેવામાં આવે તો પાટલીપુત્રની અવધિ પૂરી થાય ત્યાં સુધી વરસાદ વરસ્યો, અર્થાત્ સંપૂર્ણ પાટલીપુત્રમાં પણ વરસાદ વરસ્યો. પ્રસ્તુતમાં आङ् મર્યાદા અર્થમાં હોવાથી લોકના અંત સુધી એવો અર્થ થાય.

છે, અર્થાત્ પર્યાયાંતરથી દ્વ્યણુકાદિ કાર્યનો આરંભ થાય છે અને પૂર્વપર્યાયનો વિનાશ થાય છે. તેની જેમ સિદ્ધ થતા જીવને પણ કર્મક્ષય અને દેહવિયોગ વગેરે સમકાળે એક સમયમાં થાય છે. જેમકે એક જ પદાર્થમાં ઉત્પત્તિ, વિનાશ અને સ્થિરતા એક જ સમયમાં થાય છે તેમ. આ વિષય આ રીતે સારી રીતે સમજી શકાય છે. (૧૦-૫)

**भाष्यावतरणिका–** अत्राह- प्रहीणकर्मणो निरास्रवस्य कथं गति-र्भवतीति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** જેના સઘળા કર્મોનો ક્ષય થઇ ગયો છે અને જે આશ્રવથી રહિત છે તેવા આત્માની ગતિ કેવી રીતે થાય ?

**ઉત્તર–** અહીં ઉત્તર કહેવાય છે–

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादिना सूत्रं सम्बध्नाति, प्रक्षीणकर्म्मण इति, क्षपितनिरवशेषकर्म्मराशेर्निराश्रवस्य निरस्तकायवाङ्मनोयोगस्य कथं केन प्रकारेण गतिः लोकान्तप्राप्तिर्भवति, अयं मन्यते-योगाभावात् स सदा निष्क्रियो, गतिस्तु क्रिया, अतो लोकान्तगमनमनुपपन्नमिति, अत्रोच्यते- यथा गमनं समस्ति मुक्तात्मनस्तथोच्यते–

**ટીકાવતરણિકાર્થ–** "अत्राह" ઇત્યાદિથી ભાષ્યકાર આગળના સૂત્રની સાથે સંબંધ જોડે છે- "प्रक्षीणकर्मण इति" કર્મ સમૂહને જેણે ખપાવી નાખ્યા છે અને "निराश्रवस्य" વચન, કાયા અને મનોયોગને જેણે દૂર કરી દીધા છે એવા જીવની ગતિ=લોકાંતપ્રાપ્તિ કેવી રીતે થાય ? કોઇ અજ્ઞાની જીવ આ પ્રમાણે માને છે કે યોગનો અભાવ હોવાથી જીવ સદા નિષ્ક્રિય થાય છે અને ગતિ તો ક્રિયા છે. આથી લોકાંત સુધી જવાનું ઘટતું નથી. અહીં ઉત્તર કહેવાય છે- મુક્તાત્માની જે રીતે ગતિ છે તે રીતે કહેવાય છે–

**આત્મા ઊર્ધ્વગતિ શા માટે કરે ?**

**पूर्वप्रयोगादसंगत्वाद्बन्धच्छेदात्तथागतिपरिणामाच्च तद्गतिः ॥१०-६॥**

**સૂત્રાર્થ–** સર્વકર્મક્ષય થતા પૂર્વપ્રયોગ, અસંગ, બંધવિચ્છેદ અને તથાગતિપરિણામ એ ચાર હેતુઓથી આત્મા ઉર્ધ્વગતિ કરે છે. (૧૦-૬)

**भाष्यं–** पूर्वप्रयोगात् । यथा हस्तदण्डचक्रसंयुक्तसंयोगात्पुरुषप्रयत्नतश्चाविद्धं कुलालचक्रमुपरतेष्वपि पुरुषप्रयत्नहस्तदण्डचक्रसंयोगेषु पूर्वप्रयोगाद्भ्रमत्येवाऽऽसंस्कारपरिक्षयात् । एवं यः पूर्वमस्य कर्मणा प्रयोगो जनितः स क्षीणेऽपि कर्मणि गतिहेतुर्भवति । तत्कृता गतिः ।

किञ्चान्यत्- असङ्गत्वात् । पुद्गलानां जीवानां च गतिमत्त्वमुक्तं, नान्येषां द्रव्याणाम् । तत्राधोगौरवधर्माणः पुद्गला ऊर्ध्वगौरवधर्माणो जीवाः । एष स्वभावः । अतोऽन्यासङ्गादिजनिता गतिर्भवति । यथा सत्स्वपि प्रयोगादिषु गतिकारणेषु जातिनियमेनाधस्तिर्यगूर्ध्वं च स्वाभाविक्यो लोष्टवाय्वग्नीनां गतयो दृष्टाः, तथा सङ्गविनिर्मुक्तस्योर्ध्वगौरवादूर्ध्वमेव सिध्यमानगतिर्भवति । संसारिणस्तु ॥ कर्मसङ्गादधस्तिर्यगूर्ध्वं च ॥

किञ्चान्यत्- बन्धच्छेदात् । यथा रज्जुबन्धच्छेदात्पेडाया बीजकोशबन्धनच्छेदाच्चैरण्डबीजानां गतिर्दृष्टा तथा कर्मबन्धनच्छेदात्सिध्यमानगतिः ।

किञ्चान्यत्- तथागतिपरिणामाच्च । ऊर्ध्वगौरवात्पूर्वप्रयोगादिभ्यश्च हेतुभ्यः तथास्य गतिपरिणाम उत्पद्यते, येन सिध्यमानगतिर्भवति । ऊर्ध्वमेव भवति, नाधस्तिर्यग्वा । गौरवप्रयोगपरिणामसङ्गयोगाभावात् ।

तद्यथा- गुणवद्भूमिभागारोपितमृतुकालजातं बीजोद्भेदादङ्कुरप्रवालपर्णपुष्पफलकालेष्वविमानितसेकदौर्हृदादिपोषणकर्मपरिणतं कालच्छिन्नं शुष्कमलाबु अप्सु न निमज्जति । तदेव गुरुकृष्णमृत्तिकालेपैर्घनैर्बहुभिरालिप्तं घनमृत्तिकालेपवेष्टनजनितागन्तुकगौरवमप्सु प्रक्षिप्तं तज्जलप्रतिष्ठं भवति, यदा त्वस्याद्भिः क्लिन्नो मृत्तिकालेपो व्यपगतो

भवति तदा मृत्तिकालेपसङ्गविनिर्मुक्तं मोक्षानन्तरमेवोर्ध्वं गच्छति आसलिलोर्ध्वतलात् ।

एवमूर्ध्वगौरवगतिधर्मा जीवोऽप्यष्टकर्ममृत्तिकालेपवेष्टितः तत्सङ्गात् संसारमहार्णवे भवसलिले निमग्नो भवासक्तोऽधस्तिर्यगूर्ध्वं च गच्छति, सम्यग्दर्शनादिसलिलक्लेदात्प्रहीणाष्टविधकर्ममृत्तिकालेप ऊर्ध्वगौरवा-दूर्ध्वमेव गच्छत्यालोकान्तात् ।

स्यादेतत् लोकान्तादप्यूर्ध्वं मुक्तस्य गतिः किमर्थं न भवतीति । अत्रोच्यते । धर्मास्तिकायाभावात् । धर्मास्तिकायो हि जीवपुद्गलानां गत्युपग्रहेणोपकुरुते । स तत्र नास्ति । तस्माद् गत्युपग्रहकारणाभावात्परतो गतिर्न भवति अप्सु अलाबुवत् । नाधो न तिर्यगित्युक्तम् । तत्रै-वानुश्रेणिगतिर्लोकान्तेऽवतिष्ठते मुक्तो निष्क्रियः इति ॥१०-६॥

**ભાષ્યાર્થ–** पूर्वप्रयोगात्=હાથ, દંડ અને ચક્રના સંયુક્ત સંયોગથી અને પુરુષના પ્રયોગથી ભમાડાયેલ કુંભારચક્ર(=કુંભારનો ચાકડો) પુરુષ-પ્રયત્ન, હાથ, દંડ અને ચક્રનો સંયોગ અટકી જવા છતાં (પૂર્વના) સંસ્કારનો ક્ષય ન થાય ત્યાં સુધી પૂર્વના પ્રયોગથી ભમે જ છે. આ પ્રમાણે જીવનો પૂર્વ કર્મ વડે જે પ્રયોગ ઉત્પન્ન કરાયો છે તે કર્મનો ક્ષય થઈ જવા છતાં ગતિનો હેતુ થાય છે. આમ પૂર્વપ્રયોગથી કરાયેલી ગતિ થાય છે.

વળી બીજું– असङ्गत्वात्- પુદ્ગલો અને જીવો ગતિવાળા છે એમ પૂર્વે (અ.૨ સૂ.૨૭ માં) કહ્યું છે. (જીવો અને પુદ્ગલો સિવાય) અન્ય દ્રવ્યો ગતિવાળા નથી. તેમાં પુદ્ગલો નીચે જવાના સ્વભાવવાળા છે અને જીવો ઊંચે જવાના સ્વભાવવાળા છે. આ સ્વભાવ છે. આનાથી અન્ય ગતિ સંગાદિથી ઉત્પન્ન કરાયેલી થાય છે. જેમકે- ગતિના કારણ પૂર્વપ્રયોગાદિ હોવા છતાં જાતિના=જન્મના નિયમનથી નીચે, તિર્ચ્છી અને ઉપર ગતિ થાય છે. તેમાં ઢેફાની નીચી, વાયુની તિર્ચ્છી અને અગ્નિની ઊર્ધ્વ સ્વાભાવિક ગતિ જોવામાં આવી છે. સંગથી મુક્ત

બનેલાનો ઉપર જવાનો સ્વભાવ હોવાથી તેની(=સિદ્ધ થતા જીવની) ઉપર જ ગતિ થાય છે અને સંસારી જીવની તો કર્મના સંગથી નીચી, તિર્છી અને ઉપર ગતિ થાય છે.

વળી બીજું– बन्धछेदात्- જેવી રીતે દોરીનું બંધન છેદાવાથી પેડાના[1] ઉપરના પડનું ઊર્ધ્વગમન થાય છે=ઉપર જાય છે અને જેવી રીતે બંધનનો છેદ થવાથી એરંડાના બીજોની ઊર્ધ્વગતિ જોવામાં આવી છે તેવી રીતે કર્મના બંધનનો છેદ થવાથી સિદ્ધ થતા જીવની ગતિ ઊર્ધ્વ થાય છે.

વળી બીજું- तथागतिपरिणामाच्च ઉપર જવાનો સ્વભાવ હોવાથી અને પૂર્વપ્રયોગ આદિ હેતુઓથી આનો (સિદ્ધ થતા આત્માનો) તેવા પ્રકારનો ગતિપરિણામ ઉત્પન્ન થાય છે, જેથી સિદ્ધ થતા જીવની ઊર્ધ્વગતિ થાય છે, નીચી કે તિર્છીગતિ થતી નથી. કેમકે સિદ્ધ થતા જીવને ગતિપ્રયોગપરિણામ અને સંગનો યોગ હોતો નથી. તે આ પ્રમાણે–

ગુણવાળી ભૂમિમાં વાવેલું (યોગ્ય) ઋતુકાળે થયેલું, બીજનો ઉદ્‌ભેદ થવાથી (અનુક્રમે) અંકુર-પ્રવાલ-પર્ણ-પુષ્પ-ફળના કાળમાં આદરપૂર્વક સિંચન કરાયેલ, દોહલાદિના પોષણ કાર્યથી પરિણામ પામેલું(=પાકેલું) વેલામાંથી કાળે લણેલું સૂકું તુંબડું પાણીમાં ડૂબતું નથી. તે જ તુંબડાને વજનવાળી (ભારે) કાળી માટીવાળા ઘણાં ઘનલેપોથી લેપવામાં આવે ત્યારે તેમાં ઘનમાટીના લેપોને વીંટવાના કારણે ભારેપણું ઉત્પન્ન કરાય છે. (હવે) પાણીમાં નાંખેલું તે તુંબડું તળિયે બેસી જાય છે. જ્યારે પાણીથી ભીંજાતા ભીનો થયેલ માટીનો લેપ દૂર થાય છે તે વખતે માટીના લેપના સંગથી તુંબડું સંપૂર્ણપણે મુક્ત બને છે. માટીના લેપથી મુક્ત બન્યા પછી તરત જ ઉપર પાણીની સપાટી સુધી જાય છે.

એ પ્રમાણે ઉપર ગતિ કરવાના સ્વભાવવાળો જીવ પણ આઠ કર્મરૂપ માટીના લેપોથી વીંટળાયેલો તેના સંગથી(=આઠ કર્મના સંગથી) સંસાર-

૧. શબ્દકોષમાં પેડા='મોટો પેટારો' એવો અર્થ છે. મોટા પેટારામાં સમાય તેના કરતા પણ અધિક સામાન ભરી દબાવીને દોરડાથી બાંધ્યા પછી જ્યારે દોરડાના બંધનનો છેદ કરવામાં આવે ત્યારે પેટારાનું ઉપરનું ઢાંકણું ઉપર જાય છે. (અહીં આવું તાત્પર્ય જણાય છે.)

રૂપ મહાસાગરમાં ભવરૂપ પાણીમાં ડૂબેલો છે અને ભવમાં આસક્ત થયેલો નીચે-તિર્છો અને ઉપર જાય છે. સમ્યગ્દર્શનાદિ રૂપ પાણીથી ભીનો થવાના કારણે આઠ કર્મરૂપ માટીનો લેપ જેનો જતો રહ્યો છે એવો તે (જીવ) ઉપર જવાના સ્વભાવવાળો હોવાથી ઉપર જ લોકાંત સુધી જાય છે.

**પ્રશ્ન—** મુક્ત થયેલા આત્માની લોકાંતથી ઉપર ગતિ કેમ થતી નથી ?

**ઉત્તર—** ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી.

ધર્માસ્તિકાય જીવોને અને પુદ્ગલોને ગતિ કરવામાં સહાય કરવા વડે ઉપકાર કરે છે. અલોકમાં ધર્માસ્તિકાય નથી, તેથી ગતિમાં ઉપગ્રહરૂપ કારણ ન હોવાથી લોકાંત પછી ગતિ થતી નથી. જેમ પાણીના ઉપરના તર પછી તુંબડાની ગતિ થતી નથી તેમ.

શ્રેણી(=રેખા) પ્રમાણે ગતિ કરવાના સ્વભાવવાળો મુક્ત થયેલો જીવ લોકાંતે રહે છે અને કોઈપણ પ્રકારની ક્રિયાથી રહિત હોય છે. (૧૦-૬)

**टीका—** उपरतकर्तृव्यापारो यः कालस्तस्मात् पूर्वं-प्रथम कर्त्तृव्यापारः कर्तृक्रिया तस्याः प्रयोगः प्रयुक्तिः पूर्वप्रयोगः तस्मात् पूर्वप्रयोगात् पूर्वव्यापारात् यथा कुलालचक्रं हस्तदण्डचक्रसंयुक्तसंयोगात् हस्तेन दण्डः संयुक्तः दण्डेन चक्रं संयुक्तमिति संयुक्तसंयोगस्तस्मात् पुरुष-प्रयत्नतश्च पुरुषपरिस्पन्दाच्चाविद्धं वेगितं प्रेरितं उपरतेष्वपि पुरुष-व्यापारादिषु पूर्वप्रयोगाद्धस्तादिव्यापारप्रेरणात् भ्रमत्येव आसंस्कार-परिक्षयात्, संस्कारोऽनवरतक्रियाप्रबन्धः,

दृष्टान्तेन दार्ष्टान्तिकमर्थं समीकुर्वन्नाह- एवं यः पूर्वमस्येत्यादि योगनिरोधाभिमुखस्य यत् कर्म क्रिया तेन कर्म्मणा यः प्रयोगो जनितः स क्षीणेऽपि कर्म्मणि अविच्छिन्नसंस्कारत्वाद्योगाभावेऽपि गतिहेतुर्भवति तेन हेतुना क्रियते गतिरित्यर्थः,

किञ्चान्यदिति द्वितीयं हेत्वन्तरमुपन्यस्यति-असङ्गत्वादिति सङ्गत्वं स्खलितत्वमित्यर्थः, न सङ्गत्वमसङ्गत्वमस्खलितत्वं तस्मात् असङ्गत्वात्

सिद्धस्योर्ध्वं गतिः सिद्धा, न हि स्वाभाविक्या गत्या गच्छन्नूर्ध्वं क्वचित् स्खलनमासादयति,

एतद्व्याख्यानायाह-पुद्गलानामित्यादि, पूरणाद् गलनाच्च पुद्गलाः- परमाणुप्रभृतयः जीवास्तु ज्ञानदर्शनोपयोगलक्षणाः, एषां पुद्गलजीवानां गतिमत्त्वमुक्तं, नान्येषां धर्माधर्माकाशद्रव्याणां, तत्र स्वभावत एवाधोऽधस्तात् गौरवं भारिकत्वं परिणामविशेषः गौरवं धर्मो येषां ते गौरवधर्म्माणः पुद्गलाः, ऊर्ध्वगौरवधर्माणो जीवा इति, जीवानामपि तादृशं गौरवं-परिणामविशेषो लाघवं येषामिति, एवंविधं तेषां गौरवं विशिष्टं येनोर्ध्वं गच्छन्ति, एष पुद्गलानां जीवानां च स्वभावः, अतोऽन्येति स्वाभाविकीं गतिमपहाय सङ्गादिजनिता गतिर्भवति, सङ्गः कर्म्मकृतं स्खलनं, आदिग्रहणादभिघातप्रेरणादि गृह्यते, यथा सत्स्वपि विद्यमानेष्वपि प्रयोगादिषु गतिकारणेषु जातिनियमेन जातिः पृथिव्यनिलानलव्यक्तिभेदेन भिन्ना पृथिवीत्ववायुत्वाग्नित्वाख्या तया नियमः क्रियते, तत्र पृथिवीत्वनियमेनाधोगतिर्लोष्ठः, यो हि बादरः पृथिवीपरिणामः स सर्वोऽधोगतिः, एवं तिर्यग्गतिर्वायुः ऊर्ध्वगतिर्दहनः स्वजातिनियमेनैव, एवमेषामेताः स्वाभाविक्यो गतयो यथा तथा सङ्गविनिर्मुक्तस्य कर्म्मकृतस्खलनरहितस्य ऊर्ध्वगौरवात् परिणामविशेषात् ऊर्ध्वमेव सिद्ध्यमानगतिर्भवति, संसारिणस्तु नरकादिगतिचतुष्टयवर्त्तिनः संसारे परिभ्रमतः कर्म्मसंगात् कर्म्मजनितस्खलनाद् अधस्तिर्यगूर्ध्वं चानियमेन गतिर्भवति ।

किञ्चान्यदिति युक्त्यन्तरोपन्याससूचनं बन्धच्छेदादिति बध्यते येन रज्ज्वादिना स बन्धः तस्य छेदः शस्त्रेण तोडनं, तद् व्याचष्टे-यथा रज्ज्वा गाढमापिड्य बद्धायाः पेडायाः रज्जुबन्धच्छेदादुपरितनपुटस्य गमनमूर्ध्वं दृष्टं बीजकोशबन्धनच्छेदाच्च बीजकोशः फलं फली वा तस्यास्तु बन्धनं-गाढसम्पुटता सवितृकरजालशोषितायाः परिणतिकाले सम्पुटोद्भेदः

छेदः ततश्च एरण्डादिफलभेदे बीजानां गतिर्दृष्टा तानि तूड्डीय दूरे पतन्ति तथा कर्म्मबन्धः फलकडाहस्थानीयः तच्छेदात् तद्विघटनादनन्तरमेवोर्ध्वं सिद्ध्यमानगतिरिति ।

किञ्चान्यदिति विवक्षितार्थप्रबोधनाय हेत्वन्तरमुपादत्ते, तथागति-परिणामाच्चेति तथा तेन प्रकारेण सर्वकर्म्मविनिर्मुक्तस्यास्य गतिपरिणामो भवति विगतयोगस्यापि, चशब्दः समुच्चये, एभ्यः पूर्वोक्तहेतुभ्यः ऊर्ध्वगौरवात् पूर्वप्रयोगादिभ्यश्च गतिपरिणाम उत्पद्यते येन सिद्ध्यमान-गतिर्भवति, भवति च गतिपरिणाम ऊर्ध्वमेव भवति, नाधस्तिर्यग् वा, पूर्वाभिहितहेतुनिरपेक्षः ऊर्ध्वगौरवप्रयोगपरिणामाद् विना असङ्गयोगं चान्तरेणेत्यत आह-गौरवप्रयोगपरिणामासङ्गयोगाभावादिति,

तद्यथेत्यादिना दृष्टान्तमाह, अलाबुनोऽवस्थाः पूर्विका विशेष्यन्ते, गुणवद्भूभिभागारोपितादिति बीजावस्थागुणवान् भूमिभागोऽनुपहतः क्षारमूत्रपुरीषादिभिस्तत्रारोपितं-निरोपितं सत् काले वर्षासु जातं, ततश्चोच्छूनावस्थाद्बीजोद्भेदादङ्कुरः प्रवालं-किशलयं पर्णं-जरठं ततः पुष्पं ततः फलं, एषां बीजारोपणोद्भेदादङ्कुरप्रवालपर्णपुष्पफलानां कालेषु स्वेषु स्वेषु विमानितः प्राप्तकालो न कृतः कृतस्ततोऽविमानितः सेको दौर्हृदश्च, आदिग्रहणादस्थिधूमभस्मावगुण्ठनादिपरिग्रहः, एवमादिना पोषणकर्म्मणा परिणतं जरठीभूतं पक्वं काले परिपाकोत्तरकाले छिन्नं शुष्कमलाबु अप्सु न निमज्जति न जलान्तः प्रविशति, सर्वेषां विशेषणानामिदं तत्त्वं-निरुपहतं वातेनानाश्लिष्टं अशुषिरमिति, तदेव च पुनर्गुर्व्याः कृष्णमृत्तिकाया लेपैर्घनैः-निरन्तरैर्बहुभिरष्टाभिर्दर्भवेष्ट-नोत्तरकालमालिप्तं, तेन च घनमृत्तिकालेपेन वेष्टनेन च दर्भादिना जनितमागन्तुकं गौरवं यस्य तदेवंविधमप्सु प्रक्षिप्तं तलप्रतिष्ठितं भवति, उत्तरकालं यदा त्वस्याद्भिः सम्बन्धतः क्लिन्नो मृत्तिकालेपो व्यपगतो भवति तदा तत्सङ्गविनिर्मुक्तं दर्भादिबन्धनमृत्तिकादिमोक्षण-समनन्तरमेवोर्ध्वं गच्छत्यासलिलोर्ध्वतलादित्येष दृष्टान्तः,

सम्प्रति दार्ष्टान्तिकं दर्शयति-'एवमूर्ध्वगौरवे'त्यादि, संसारोदधौ भवसलिले भव औदारिकादिकायनिर्वृत्तिः भव एव सलिलं तत्र मग्नो भवासक्तः शरीरी अनियमेनाधस्तिर्यगूर्ध्वं च गच्छति, ततः सम्यग्दर्शन-ज्ञानचरणसलिलार्द्रीकृतः प्रहीणाष्टविधकर्म्ममृत्तिकालेप ऊर्ध्वमेव गच्छत्यालोकान्तादिति ।

स्यादेतदित्यादिना इदमाशङ्कते-ऊर्ध्वं गच्छत्यालोकान्तादिति को नियमः ?, स्वाभाविक्या गत्या लोकान्तादपि परेण गच्छतु, गतेर्निवार-कस्याभावादिति ।

अत्रोच्यते- धर्मास्तिकायाभावादिति, अस्त्येव निवारकं धर्म्मद्रव्यं, तद्ध्यपेक्षाकारणं, स्वयमेव गतिपरिणतस्य जीवपुद्गलद्रव्यस्य धर्मद्रव्यमुपग्राहकं भवति, मीनस्येव वारि द्रव्यं, नत्वगच्छन्तं झषं बलाद्वारि नयति, एवं गतिपरिणतस्यात्मनः पुद्गलस्य वा स्वत एव गत्युपग्रहकारी धर्मास्तिकायः कारणीभवति, स च लोकान्तात् परतो नास्ति, तस्माद् गत्युपग्रहकारिणोऽभावात् परतो गतिर्नास्ति, अप्सु यथाऽलाबुनः, अलाबु हि मृल्लेपापगमनात् स्वयमेव गच्छति, जलमस्तक-प्रतिष्ठं भवति, न परतो यात्युपग्राहकजलद्रव्याभावाद्, ऊर्ध्वमेव च प्रयाति, नाधो न तिर्यगित्युक्तमेव तत्रैवानुश्रेणिगतिर्लोकान्तेऽवतिष्ठत इति यत्र देशे स्थितो मुच्यते समस्तैः कर्मभिस्तत्र या शरीरस्योपरि ऋज्वी श्रेणिर्नभसस्तयैव गत्वा लोकान्तेऽवतिष्ठते मुक्तात्मा निष्क्रिय इति, एवमेषां मुक्तात्मनां पूर्वप्रयोगादिभिर्युक्तिभिस्तद्गतिरिति वचनात् तेषां गतिः सिद्धेति ॥१०-६॥

**ટીકાર્થ–** "पूर्वप्रयोगात्" જેમાં કર્તાનો વ્યાપાર અટકી ગયો છે તેવા કાળની પૂર્વે(=પહેલા) કર્તાની જે ક્રિયા તેનો પ્રયોગ તે પૂર્વપ્રયોગ. તે પૂર્વપ્રયોગથી=પૂર્વક્રિયાથી.

"हस्तदण्डचक्रसंयुक्तसंयोगात्" (इत्यादि), હાથથી દંડ સંયુક્ત છે અને દંડથી ચક્ર સંયુક્ત છે એ પ્રમાણે સંયુક્તનો સંયોગ છે. તેનાથી અને પુરુષના પ્રયત્નથી વેગવાળું અને પ્રેરણા કરાયેલું ચક્ર હસ્તાદિ ક્રિયાથી થયેલ સંસ્કારનો ક્ષય ન થાય ત્યાં સુધી ભમે જ છે. સંસ્કાર એટલે ક્રિયાની સતત રચના અથવા ક્રિયા સતત ચાલવી.

દાર્ષ્ટાન્તિક અર્થને દૃષ્ટાંત દ્વારા તુલના કરતા(=ઘટાવતા) ભાષ્યકાર કહે છે–

"एवं यः पूर्वमस्य" इत्यादि યોગનિરોધની સન્મુખ થયેલા આત્માની ક્રિયાથી જે પ્રયોગ ઉત્પન્ન કરાયેલો છે તે પ્રયોગ સંસ્કારનો નાશ ન થવાના કારણે યોગના અભાવમાં પણ ગતિનો હેતુ થાય છે, અર્થાત્ તે (પૂર્વપ્રયોગરૂપ) કારણથી ગતિ કરાવાય છે.

વળી ભાષ્યકાર બીજા હેતુનો પ્રારંભ કરે છે- "असङ्गत्वात्" સંગતિ એટલે સ્ખલના. સ્ખલના ન થવી તે, અર્થાત્ સ્ખલનાનો અભાવ તે અસંગતિ. અસંગતિથી સિદ્ધની ઊર્ધ્વગતિ સિદ્ધ છે. સ્વાભાવિક ગતિથી ઉપર જતો આત્મા ક્યાંય સ્ખલના પામતો નથી.

આનું જ વ્યાખ્યાન કરવા માટે ભાષ્યકાર કરે છે- "पुद्गलानामित्यादि" પૂર્ણ થવાના કારણે(=ભરાવાના કારણે) અને ગળવાના કારણે(=ઓછા થવાના કારણે) પુદ્‌ગલ કહેવાય છે. પરમાણુ વગેરે પુદ્‌ગલ છે. જીવો જ્ઞાન-દર્શનના ઉપયોગરૂપ લક્ષણવાળા છે. (આનાથી) પુદ્‌ગલો અને જીવો ગતિવાળા છે એમ કહ્યું. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ એ દ્રવ્યોની ગતિ હોતી નથી. તેમાં પુદ્‌ગલો અધોગૌરવ ધર્મવાળા છે. ગૌરવ એટલે ભારેપણું. ભારેપણું એ પરિણામવિશેષ છે. ગૌરવ જેનો ધર્મ છે તે ગૌરવધર્મવાળા પુદ્‌ગલો છે. જીવો ઊર્ધ્વગૌરવવાળા છે. જીવોનું પણ તેવા પ્રકારનું લાઘવ-ગૌરવ=પરિણામવિશેષ છે. તેમનું એવા પ્રકારનું વિશિષ્ટ ગૌરવ છે કે જેથી જીવો ઉપર જાય છે. આ (નીચે જવું અને ઉપર જવું એ) પુદ્‌ગલ અને જીવોનો સ્વભાવ છે.

"अतोऽन्येति" સ્વાભાવિક ગતિને છોડીને અન્ય ગતિ સંગાદિથી ઉત્પન્ન કરાયેલી હોય છે. સંગ એટલે કર્મથી કરાયેલી સ્ખલના. આદિ શબ્દના ગ્રહણથી અભિઘાત(=ઘા કરવો) અને પ્રેરણા વગેરે ગ્રહણ કરાય છે. જેમકે ગતિનું કારણ એવા પ્રયોગ વગેરે હોવા છતાં "जातिनियमेन" પૃથ્વી, વાયુ અને અગ્નિ એ વ્યક્તિ ભેદથી ભિન્ન જાતિ છે. પૃથ્વીત્વ, વાયુત્વ, અગ્નિત્વ એવા નામ રૂપે નિયમ(=નિયમન) કરાય છે. (તે નિયમન આ પ્રમાણે છે-) તેમાં પૃથ્વીત્વનિયમથી ઢેફું અધોગતિવાળું છે. જે પૃથ્વીપરિણામ બાદર છે તે સઘળો ય અધોગતિવાળો છે=નીચે જવાના સ્વભાવવાળો છે. એ પ્રમાણે વાયુ સ્વજાતિનિયમથી તિર્ચ્છીગતિવાળો છે. અગ્નિ સ્વજાતિનિયમથી ઊર્ધ્વગતિવાળો છે. જે પ્રમાણે પૃથ્વીત્વ વગેરેની આ ગતિઓ સ્વાભાવિક છે તે પ્રમાણે સંગથી સંપૂર્ણ મુક્ત=કર્મથી કરાયેલ સ્ખલનાથી રહિત સિદ્ધ થતા આત્માની ઊર્ધ્વ ગૌરવરૂપ પરિણામવિશેષથી ઊર્ધ્વ જ ગતિ થાય છે. નરકાદિ ચાર ગતિઓમાં રહેલા અને એથી સંસારમાં પરિભ્રમણ કરતા સંસારી જીવની તો કર્મથી ઉત્પન્ન કરાયેલી સ્ખલનાથી કોઈ પણ પ્રકારના નિયમન વિના નીચે, તિર્ચ્છી અને ઉપર ગતિ થાય છે. વળી બીજું–

વળી બીજું એ પ્રયોગ અન્ય યુક્તિના ઉપન્યાસનું સૂચન કરે છે.

"बन्धच्छेदादिति" દોરડી આદિથી બંધાવું તે બંધ. તેનો છેદ કરવો=શસ્ત્રથી તોડવું.

ભાષ્યકાર બંધછેદને કહે છે–

જેમ દોરડીથી કસીને બંધાયેલ પેડાના ઉપરના પડનું ઊર્ધ્વગમન જોવામાં આવ્યું છે. "बीजकोशबन्धनच्छेदाच्च" બીજકોશ એટલે ફળ અથવા ફળી તેનું બંધન એટલે ગાઢ બે પડ. સૂર્યના કિરણથી સુકાયેલા બે પડ પાકે ત્યારે બે પડ ભેદાય છે, અર્થાત્ બે પડનો છેદ થાય છે તેથી એરંડાદિના ફળનો ભેદ થયે છતે બીજોની ઊર્ધ્વગતિ જોવામાં આવી છે. તે બીજો (ઉપર) ઉડીને દૂર પડે છે. તે રીતે પ્રસ્તુતમાં ફળના પડના સ્થાને

કર્મબંધ છે તેના છેદથી તે પડના અલગ થવાથી=કર્મના અલગ થવાથી તરત જ સિદ્ધ થતા આત્માની ઊર્ધ્વગતિ થાય છે.

વળી બીજું–

વિવક્ષિત અર્થનો વિશેષ બોધ કરવા માટે અન્ય હેતુને ગ્રહણ કરે છે–

"तथागतिपरिणामाच्च" इति તે રીતે સર્વકર્મથી સંપૂર્ણ મુક્ત એવો સિદ્ધ થતો આત્મા યોગ રહિત હોવા છતાં (તેનો) તથાગતિપરિણામ થાય છે. આ પૂર્વોક્ત હેતુઓથી ઊર્ધ્વગૌરવ હોવાને કારણે અને પૂર્વપ્રયોગાદિથી ગતિપરિણામ ઉત્પન્ન થાય છે, જેથી સિદ્ધ થતા આત્માની ગતિ થાય છે અને ગતિપરિણામ ઊર્ધ્વ જ થાય છે નીચે કે તિર્યગ્ થતો નથી.

પૂર્વે કહેલ પૂર્વપ્રયોગ વગેરે હેતુઓથી નિરપેક્ષ એવો સિદ્ધ થતો આત્મા ઉપરગતિ કરવાના પરિણામથી સંગ અને યોગ વિના ઊર્ધ્વગતિ જ કરે છે. આથી જ કહે છે–

"गौरवप्रयोगपरिणामासङ्गयोगाभावादिति" ગૌરવથી(=ઊર્ધ્વગતિ-પરિણામથી) પ્રયોગથી(=પૂર્વપ્રયોગથી) પરિણામથી(=તથાગતિ-પરિણામથી) અસંગથી(=કર્મકૃત સ્ખલનાનો અભાવ હોવાથી) અને યોગના અભાવથી સિદ્ધ થતા આત્માની ઊર્ધ્વગતિ થાય છે.

"तद्यथा" ઇત્યાદિથી દૃષ્ટાંતને કહે છે–

તુંબડાથી પૂર્વાવસ્થાઓને વિશેષથી કહે છે-गुणवद्भूमिभागारोपितादिति-બીજની અવસ્થા સારી હોવી જોઇએ એટલે કે બીજ નવું, સક્ષમ હોવું જોઇએ, પણ જુનું કે સડેલું ન હોવું જોઇએ. ભૂમિભાગ ગુણવાન જોઇએ, અર્થાત્ ક્ષાર-મૂત્ર-પુરીષ વગેરેથી હણાયેલ ન હોવો જોઇએ. આવું પણ બીજ વર્ષાકાળે વવાયેલું હોય તો જ ઊગે છે. તેથી તે ભૂમિભાગમાં વર્ષાકાળે વવાયેલું હોવું જોઇએ. પછી ઉચ્છૂન અવસ્થાથી, અર્થાત્ બીજોના ઊગવાથી અંકુર, કિશલય, પાંદડું, પુષ્પ અને ફળની અવસ્થા ક્રમસર પ્રાપ્ત થાય છે. આ બીજનું આરોપણ, બીજનું ઊગવું, અંકુર, પ્રવાલ, પર્ણ, પુષ્પ, ફળની માવજત પોતપોતાના કાળે કરાયેલી હોય તો વિમાનિત થાય

છે અને પોતપોતાના કાળે ન કરાયેલી હોય તો અવિમાનિત થાય છે. સેક(સિંચન), દોહલો વિમાનિત થયેલા હોવા જોઇએ. [1]આદિ શબ્દના ગ્રહણથી હાડકા, ધૂમાડો, ભસ્મ, અવગુંઠન વગેરે કારણોને ગ્રહણ કરવા. આવા પ્રકારના પોષણના કાર્યોથી કાળે તુંબડી પરિપક્વ બને છે. પરિપક્વ થયા પછી કાપેલી તુંબડી સુકાયા પછી પાણીમાં ડૂબતી નથી, અર્થાત્ પાણીની ઉપર તરે છે. આ બધા વિશેષણો મૂકવાનું કારણ એ છે કે તુંબડી (નક્કર) પવનથી નિરુપહત તૈયાર થાય છે પણ પોકળ તૈયાર થતી નથી.

પછી એ જ તુંબડીની ઉપર ઘાસ વીંટીને ભારે કાળી માટીના ક્રમસર આઠ લેપોથી લેપવામાં આવે ત્યારે તેમાં આગંતુક (નવું) ભારેપણું ઉત્પન્ન થાય છે. પછી એ તુંબડીને પાણીમાં નાખતા તળિયે સ્થિર થાય છે. પછી એ તુંબડી પાણીના સંપર્કથી ભીની થતા માટીનો લેપ દૂર થાય છે ત્યારે ઘાસાદિના બંધનથી અને માટી આદિથી મુક્ત થયા પછી તુરત જ ઉપર (પાણીના ઉપરના તર) સુધી જાય છે. આ પ્રમાણે આ દૃષ્ટાંત છે.

હવે દાર્ષ્ટાન્તિકને બતાવે છે–

"एवमूर्ध्वगौरवेत्यादि" ભવરૂપ સમુદ્રમાં ઔદારિકાદિ શરીરની ઉત્પત્તિ થાય છે. ભવ એ જ પાણી અને તેમાં મગ્ન થયેલો=ભવમાં આસક્ત થયેલો જીવ નિયમન વિના નીચે, તિર્ચ્છો અને ઉપર જાય છે. ત્યાર પછી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી પાણીથી ભીનો કરાયેલો અને આઠ પ્રકારનો કર્મરૂપ માટીનો લેપ જેનો નાશ થઇ ગયો છે એવો તે જીવ ઉપર જ લોકાંત સુધી જાય છે.

"स्यादेतत्" ઇત્યાદિથી આશંકા કરે છે કે ઉપર લોકાંત સુધી જાય છે એમાં કયો નિયમ છે ? સ્વાભાવિક ગતિથી લોકાંતથી પણ આગળ જાય છે. કેમ કે ગતિને રોકનારનો અભાવ છે, અર્થાત્ લોકાંતથી આગળ ગતિને કોઇ રોકતું નથી.

---

૧. ભાષ્યમાં दौर्हदादि એ સ્થળે આદિ શબ્દના ગ્રહણથી હાડકા, ધૂમાડો, રાખ, અવગૂંઠનાદિનું ગ્રહણ કરવું એમ જણાવ્યું છે. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે- ભૂમિમાં હાડકા ન હોવા જોઇએ, ત્યાં ધૂમાડો ન થવો જોઇએ, ભૂમિમાં રાખનું મિશ્રણ ન હોવું જોઇએ ઇત્યાદિ ગ્રહણ કરવું.

અહીં ઉત્તર કહેવાય છે- ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી ધર્માસ્તિકાય-દ્રવ્ય લોકાંતથી આગળ જતા રોકે છે. ધર્માસ્તિકાયદ્રવ્ય ગતિનું અપેક્ષા (=નિમિત્ત) કારણ છે. સ્વયં જ ગતિના પરિણામવાળા થયેલા જીવ-પુદ્ગલદ્રવ્યને ધર્માસ્તિકાયદ્રવ્ય અનુગ્રહ કરનાર થાય છે. જેમ પાણીદ્રવ્ય માછલાને (ગતિ કરવામાં) ઉપગ્રહ કરે છે તેમ. (ન ચાલતા) માછલાને પાણી બળાત્કારે લઇ જતું નથી. એ પ્રમાણે જાતે જ ગતિના પરિણામવાળા થયેલા આત્માને કે પુદ્ગલદ્રવ્યને ધર્માસ્તિકાયદ્રવ્ય ગતિમાં ઉપગ્રહ કરનારો થાય છે. એ રીતે ધર્માસ્તિકાયદ્રવ્ય ગતિમાં કારણ થાય છે. ધર્માસ્તિકાયદ્રવ્ય લોકાંત પછી નથી. તેથી ઉપગ્રહ કરનારનો અભાવ હોવાથી લોકાંતથી આગળ ગતિ નથી. માટીનો લેપ દૂર થવાથી તુંબડુ ઉપર જ જાય છે નીચે કે તિર્છું નહિ એમ પૂર્વે (આ જ સૂત્રમાં) કહ્યું જ છે અને ત્યાં જ (અ.૨ સૂ.૨૭ માં) આકાશપ્રદેશની શ્રેણી પ્રમાણે ગતિવાળો તે લોકાંતે રહે છે. જે દેશમાં(=સ્થાનમાં) રહેલો સઘળા કર્મોથી મુકાય છે ત્યાં જ શરીરની ઉપર આકાશની જે ઋજુ શ્રેણી છે તે ઋજુ શ્રેણીથી જ જઇને લોકાંતે મુક્તાત્મા નિત્ય રહે છે.

આ પ્રમાણે મુક્ત જીવોની પૂર્વ પ્રયોગાદિ યુક્તિઓથી તદ્ગતિ એવા વચનથી મુક્તાત્માઓની ગતિ સિદ્ધ થઇ. (૧૦-૬)

**टीकावतरणिका–** त एते सिद्धाः क्षेत्रादिभिर्द्वादशभिरनुयोगद्वारैरनुगन्तव्याः 'प्रमाणनयैरधिगम' इति वचनादित्याह–

**ટીકાવતરણિકાર્થ–** આ સિદ્ધો ક્ષેત્ર વગેરે બાર અનુયોગદ્વારોથી જાણવા જોઇએ. કેમકે प्रमाणनयैरधिगमः એવું (અ.૧ સૂ.૬ નું) વચન છે. આથી સૂત્રકાર કહે છે–

**ક્ષેત્રાદિ બાર અનુયોગદ્વારોથી સિદ્ધોની વિચારણા–**

**क्षेत्रकालगतिलिङ्गतीर्थचारित्रप्रत्येकबुद्धबोधितज्ञानावगाहनान्तरसङ्ख्याऽल्पबहुत्वतः साध्याः ॥१०-७॥**

**સૂત્રાર્થ–** ક્ષેત્ર, કાળ, ગતિ, લિંગ, તીર્થ, ચારિત્ર, પ્રત્યેકબુદ્ધ-બોધિત, જ્ઞાન, અવગાહના, અંતર, સંખ્યા અને અલ્પ-બહુત્વ એ બાર દ્વારોથી સિદ્ધના જીવોની વિશેષ વિચારણા કરવી જોઇએ. (૧૦-૭)

**भाष्यं–** क्षेत्रं कालः गतिः लिङ्गं तीर्थं चारित्रं प्रत्येकबुद्धबोधितः ज्ञानमवगाहना अन्तरं संख्या अल्पबहुत्वमित्येतानि द्वादशानुयोगद्वाराणि सिद्धस्य भवन्ति । एभिः सिद्धः साध्योऽनुगम्यश्चिन्त्यो व्याख्येय इत्येकार्थत्वम् । तत्र पूर्वभावप्रज्ञापनीयः प्रत्युत्पन्नभावप्रज्ञापनीयश्च द्वौ नयौ भवतः । तत्कृतोऽनुयोगविशेषः तद्यथा–

क्षेत्रम् । कस्मिन् क्षेत्रे सिध्यतीति । प्रत्युत्पन्नभावप्रज्ञापनीयं प्रति सिद्धिक्षेत्रे सिध्यति । पूर्वभावप्रज्ञापनीयस्य जन्म प्रति पञ्चदशसु कर्मभूमिषु जातः सिध्यति । संहरणं प्रति मानुषक्षेत्रे सिध्यति । तत्र प्रमत्तसंयताः संयतासंयताश्च संह्रियन्ते । श्रमण्यपगतवेदः परिहार-विशुद्धिसंयतः पुलाकोऽप्रमत्तश्चतुर्दशपूर्वी आहारकशरीरीति न संह्रियन्ते । ऋजुसूत्रनयः शब्दादयश्च त्रयः प्रत्युत्पन्नभावप्रज्ञापनीयाः, शेषा नया उभयभावं प्रज्ञापयन्तीति ।

कालः । अत्रापि नयद्वयम् । कस्मिन्काले सिध्यतीति । प्रत्युत्पन्नभाव-प्रज्ञापनीयस्य अकाले सिध्यति । पूर्वभावप्रज्ञापनीयस्य जन्मतः संहरणतश्च । जन्मतोऽवसर्पिण्यामुत्सर्पिण्यामनवसर्पिण्युत्सर्पिण्यां च जातः सिध्यति । एवं तावदविशेषतः । विशेषतोऽप्यवसर्पिण्यां सुषमदुःषमायां सङ्ख्येयेषु वर्षेषु शेषेषु जातः सिध्यति । दुःषमसुषमायां सर्वस्यां सिध्यति, दुःषमसुषमायां जातो दुःषमायां सिध्यति, न तु दुःषमायां जातः सिध्यति, अन्यत्र नैव सिध्यति । संहरणं प्रति सर्वकालेष्ववसर्पिण्यामुत्सर्पिण्यामनवसर्पिण्युत्सर्पिण्यां च सिध्यति ।

गतिः । प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य सिद्धिगत्यां सिध्यति । शेषास्तु नया द्विविधा अनन्तरपश्चात्कृतगतिकश्च एकान्तरपश्चात्कृतगतिकश्च ।

अनन्तरपश्चात्कृतगतिकस्य मनुष्यगत्यां सिध्यति । एकान्तरपश्चात्कृतगतिकस्याविशेषेण सर्वगतिभ्यः सिध्यति ।

लिङ्गं स्त्रीपुंनपुंसकानि । प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्यावेदः सिध्यति । पूर्वभावप्रज्ञापनीयस्यानन्तरपश्चात्कृतगतिकस्य परम्परपश्चात्कृतगतिकस्य च त्रिभ्यो लिङ्गेभ्यः सिध्यति ।

तीर्थम् । सन्ति तीर्थकरसिद्धाः तीर्थकरतीर्थे, नोतीर्थकरसिद्धाः तीर्थकरतीर्थे, अतीर्थकरसिद्धाः तीर्थकरतीर्थे । एवं तीर्थकरीतीर्थे सिद्धा अपि ।

लिङ्गे पुनरन्यो विकल्प उच्यते । द्रव्यलिङ्गं भावलिङ्गमलिङ्गमिति । प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्यालिङ्गः सिध्यति । पूर्वभावप्रज्ञापनीयस्य भावलिङ्गं प्रति स्वलिङ्गे सिध्यति । द्रव्यलिङ्गं त्रिविधं स्वलिङ्गमन्यलिङ्गं गृहिलिङ्गमिति, तत्प्रति भाज्यम् । सर्वस्तु भावलिङ्गं प्राप्तः सिध्यति ।

चारित्रम् । प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य नोचारित्री नोऽचारित्री सिध्यति । पूर्वभावप्रज्ञापनीयो द्विविधः- अनन्तरपश्चात्कृतिकश्च परम्परपश्चात्कृतिकश्च । अनन्तरपश्चात्कृतिकस्य यथाख्यातसंयतः सिध्यति । परम्परपश्चात्कृतिकस्य व्यञ्जितेऽव्यञ्जिते च । अव्यञ्जिते त्रिचारित्रपश्चात्कृतश्चतुश्चारित्रपश्चात्कृतः पञ्चचारित्रपश्चात्कृतश्च । व्यञ्जिते सामायिकसूक्ष्मसाम्परायिकयथाख्यातपश्चात्कृतसिद्धाः छेदोपस्थाप्यसूक्ष्मसम्पराययथाख्यातपश्चात्कृतसिद्धाः सामायिकच्छेदोपस्थाप्यसूक्ष्मसम्परायथाख्यातपश्चात्कृतसिद्धाः छेदोपस्थाप्यपरिहारविशुद्धिसूक्ष्मसम्परायथाख्यातपश्चात्कृतसिद्धाः सामायिकच्छेदोपस्थाप्यपरिहारविशुद्धिसूक्ष्मसम्पराययथाख्यातपश्चात्कृतसिद्धाः ।

प्रत्येकबुद्धबोधितः । अस्य व्याख्याविकल्पश्चतुर्विधः । तद्यथा- अस्ति स्वयंबुद्धसिद्धः । स द्विविधः-अर्हंश्च तीर्थकरः प्रत्येकबुद्धसिद्धश्च । बुद्धबोधितसिद्धः त्रिचतुर्थो विकल्पः, परबोधकसिद्धाः स्वेष्टकारिसिद्धाः ।

ज्ञानम् । अत्र प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य केवली सिध्यति । पूर्वभावप्रज्ञापनीयो द्विविधः अनन्तरपश्चात्कृतिकश्च, परम्परपश्चात्कृतिकश्च अव्यञ्जिते च व्यञ्जिते च । अव्यञ्जिते द्वाभ्यां ज्ञानाभ्यां सिध्यति । त्रिभिश्चतुर्भिरिति । व्यञ्जिते द्वाभ्यां मतिश्रुताभ्याम् । त्रिभिर्मतिश्रुतावधिभि-र्मतिश्रुतमनःपर्यायैर्वा । चतुर्भिर्मतिश्रुतावधिमनःपर्यायैरिति ।

अवगाहना । कः कस्यां शरीरावगाहनायां वर्तमानः सिध्यति । अवगाहना द्विविधा उत्कृष्टा जघन्या च । उत्कृष्टा पञ्चधनुःशतानि धनुःपृथक्त्वेनाभ्यधिकानि । जघन्या सप्तरत्नयोऽङ्गुलपृथक्त्वेन हीनाः । एतासु शरीरावगाहनासु सिध्यति पूर्वभावप्रज्ञापनीयस्य । प्रत्युत्पन्नभाव-प्रज्ञापनीयस्य तु एतास्वेव यथास्वं त्रिभागहीनासु सिध्यति ।

अन्तरम् । सिध्यमानानां किमन्तरम् । अनन्तरं च सिध्यन्ति सान्तरं च सिध्यन्ति ।

तत्रानन्तरं जघन्येन द्वौ समयौ, उत्कृष्टेनाष्टौ समयान् । सान्तरं जघन्येनैकं समयम्, उत्कृष्टेन षण्मासा इति ।

सङ्ख्या । कत्येकसमये सिध्यन्ति । जघन्येनैक उत्कृष्टेनाष्टशतम् ।

अल्पबहुत्वम् । एषां क्षेत्रादीनामेकादशानामनुयोगद्वाराणामल्पबहुत्वं वाच्यम् । तद्यथा-

क्षेत्रसिद्धानां जन्मतः संहरणतश्च, कर्मभूमिसिद्धाश्चाकर्मभूमिसिद्धाश्च सर्वस्तोकाः संहरणसिद्धाः, जन्मतोऽसङ्ख्येयगुणाः । संहरणं द्विविधं, परकृतं स्वयंकृतं च । परकृतं देवकर्मणा चारणविद्याधरैश्च । स्वयंकृतं चारणविद्याधराणामेव । एषां च क्षेत्राणां विभागः कर्मभूमिरकर्मभूमिः समुद्रा द्वीपा ऊर्ध्वमधस्तिर्यगिति लोकत्रयम् । तत्र सर्वस्तोका ऊर्ध्वलोकसिद्धाः, अधोलोकसिद्धाः सङ्ख्येयगुणाः, तिर्यग्लोकसिद्धाः सङ्ख्येयगुणाः, सर्वस्तोकाः समुद्रसिद्धाः, द्वीपसिद्धाः सङ्ख्येयगुणाः ।

एवं तावदव्यञ्जिते । व्यञ्जितेऽपि सर्वस्तोका लवणसिद्धाः, कालोदसिद्धाः सङ्ख्येयगुणा, जम्बूद्वीपसिद्धाः सङ्ख्येयगुणाः, धातकीखण्डसिद्धाः सङ्ख्येयगुणाः, पुष्करार्धसिद्धाः सङ्ख्येयगुणा इति ।

काल इति त्रिविधो विभागो भवति । अवसर्पिणी उत्सर्पिणी अनवसर्पिण्युत्सर्पिणीति । अत्र सिद्धानां (व्यञ्जितानां) व्यञ्जिताव्यञ्जितविशेषयुक्तोऽल्पबहुत्वानुगमः कर्तव्यः । पूर्वभावप्रज्ञापनीयस्य सर्वस्तोका उत्सर्पिणीसिद्धा, अवसर्पिणीसिद्धा विशेषाधिका, अनवसर्पिण्युत्सर्पिणीसिद्धाः सङ्ख्येयगुणा इति । प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्याकाले सिध्यति । नास्त्यल्पबहुत्वम् ।

गतिः । प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य सिद्धिगतौ सिध्यति । नास्त्यल्पबहुत्वम् । पूर्वभावप्रज्ञापनीयस्यानन्तरपश्चात्कृतिकस्य मनुष्यगतौ सिध्यति । नास्त्यल्पबहुत्वम् । परम्परपश्चात्कृतिकस्यानन्तरा गतिश्चिन्त्यते । तद्यथा-सर्वस्तोकास्तिर्यग्योन्यनन्तरगतिसिद्धा, मनुष्येभ्योऽनन्तरगतिसिद्धाः सङ्ख्येयगुणा, नारकेभ्योऽनन्तरगतिसिद्धाः सङ्ख्येयगुणा, देवेभ्योऽनन्तरगतिसिद्धाः सङ्ख्येयगुणा इति ।

लिङ्गम् । प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य व्यपगतवेदः सिध्यति । नास्त्यल्पबहुत्वम् । पूर्वभावप्रज्ञापनीयस्य सर्वस्तोका नपुंसकलिङ्गसिद्धाः, स्त्रीलिङ्गसिद्धाः सङ्ख्येयगुणाः, पुल्लिङ्गसिद्धाः सङ्ख्येयगुणा इति ।

तीर्थम् । सर्वस्तोकाः तीर्थकरसिद्धाः तीर्थकरतीर्थे नोतीर्थकरसिद्धाः सङ्ख्येयगुणा इति । तीर्थकरतीर्थसिद्धा नपुंसकाः सङ्ख्येयगुणाः । तीर्थकरतीर्थसिद्धाः स्त्रियः सङ्ख्येयगुणाः । तीर्थकरतीर्थसिद्धाः पुमांसः सङ्ख्येयगुणा इति ।

चारित्रम् । अत्रापि नयौ द्वौ प्रत्युत्पन्नभावप्रज्ञापनीयश्च पूर्वभावप्रज्ञापनीयश्च । प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य नोचारित्री नोअचारित्री सिध्यति । नास्त्यल्पबहुत्वम् । पूर्वभावप्रज्ञापनीयस्य व्यञ्जिते चाव्यञ्जिते

च । अव्यञ्जिते सर्वस्तोकाः पञ्चचारित्रसिद्धाश्चतुश्चारित्रसिद्धाः सङ्खेयगुणास्त्रिचारित्रसिद्धाः सङ्खेयगुणाः । व्यञ्जिते सर्वस्तोकाः सामायिकच्छेदोपस्थाप्यपरिहारविशुद्धिसूक्ष्मसम्परायथाख्यातचारित्रसिद्धाः छेदोपस्थाप्यपरिहारविशुद्धिसूक्ष्मसम्परायथाख्यातचारित्रसिद्धाः सङ्ख्येयगुणाः सामायिकच्छेदोपस्थाप्यसूक्ष्मसम्परायथाख्यातचारित्रसिद्धाः सङ्ख्येयगुणाः सामायिकपरिहारविशुद्धिसूक्ष्मसम्परायथाख्यातसिद्धाः सङ्ख्येयगुणाः सामायिकसूक्ष्मसम्परायथाख्यातचारित्रसिद्धाः सङ्ख्येयगुणाः छेदोपस्थाप्यसूक्ष्मसम्परायथाख्यातचारित्रसिद्धाः सङ्ख्येयगुणाः ।

प्रत्येकबुद्धबोधितः । सर्वस्तोकाः प्रत्येकबुद्धसिद्धाः । बुद्धबोधितसिद्धा नपुंसकाः सङ्ख्येयगुणाः । बुद्धबोधितसिद्धाः स्त्रियः सङ्ख्येयगुणाः । बुद्धबोधितसिद्धाः पुमांसः सङ्ख्येयगुणा इति ।

ज्ञानम् । कः केन ज्ञानेन युक्तः सिध्यति । प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य सर्वः केवली सिध्यति । नास्त्यल्पबहुत्वम् । पूर्वभावप्रज्ञापनीयस्य सर्वस्तोका द्विज्ञानसिद्धाः, चतुर्ज्ञानसिद्धाः सङ्ख्येयगुणाः, त्रिज्ञानसिद्धाः सङ्ख्येयगुणाः । एवं तावदव्यञ्जिते । व्यञ्जितेऽपि सर्वस्तोका मतिश्रुतज्ञानसिद्धाः, मतिश्रुतावधिमनःपर्यायज्ञानसिद्धाः सङ्खेयगुणाः, मतिश्रुतावधिज्ञानसिद्धाः सङ्ख्येयगुणाः ।

अवगाहना । सर्वस्तोका जघन्यावगाहनासिद्धाः, उत्कृष्टावगाहनासिद्धास्ततोऽसङ्ख्येयगुणाः, यवमध्यसिद्धा असङ्ख्येयगुणाः, यवमध्योपरिसिद्धा असङ्ख्येयगुणाः, यवमध्याधस्तात्सिद्धा विशेषाधिकाः, सर्वे विशेषाधिकाः ।

अन्तरम् । सर्वस्तोका अष्टसमयानन्तरसिद्धाः सप्तसमयानन्तरसिद्धाः षट्समयानन्तरसिद्धा इत्येवं यावद् द्विसमयानन्तरसिद्धा इति सङ्ख्येय-

गुणाः । एवं तावदनन्तरेषु, सान्तरेष्वपि सर्वस्तोकाः षण्मासान्तरसिद्धाः, एकसमयान्तरसिद्धाः सङ्ख्येयगुणाः, यवमध्यान्तरसिद्धाः सङ्ख्येयगुणाः, अधस्ताद्यवमध्यान्तरसिद्धा असङ्ख्येयगुणाः, उपरियवमध्यान्तरसिद्धा विशेषाधिकाः, सर्वे विशेषाधिकाः ।

*सङ्ख्या* । *सर्वस्तोका अष्टोत्तरशतसिद्धाः विपरीतक्रमात्सप्तोत्तरशत*-सिद्धादयो यावत् पञ्चाशत् इत्यनन्तगुणाः । एकोनपञ्चाशदादयो यावत्पञ्चविंशतिरित्यसङ्ख्येयगुणाः । चतुर्विंशत्यादयो यावदेक इति सङ्ख्येयगुणाः । विपरीतहानिर्यथा- सर्वस्तोका अनन्तगुणहानिसिद्धाः, असङ्ख्येयगुणहानिसिद्धा अनन्तगुणाः, सङ्ख्येयगुणहानिसिद्धा सङ्ख्येयगुणा इति ।

एवं निसर्गाधिगमयोरन्यतरजं तत्त्वार्थश्रद्धानात्मकं शङ्काद्यतिचारवियुक्तं प्रशमसंवेगनिर्वेदानुकम्पास्तिक्याभिव्यक्तिलक्षणं विशुद्धं सम्यग्दर्शनमवाप्य सम्यग्दर्शनोपलम्भाद् विशुद्धं च ज्ञानमधिगम्य निक्षेपप्रमाणनयनिर्देशसत्सङ्ख्यादिभिरभ्युपायैर्जीवादीनां तत्त्वानां पारिणामिकौदयिकौपशमिकक्षायोपशमिकक्षायिकानां भावानां स्वतत्त्वं विदित्वा आदिमत्पारिणामिकौदयिकानां च भावानामुत्पत्तिस्थित्यन्यतानुग्रहप्रलयतत्त्वज्ञो विरक्तो निस्तृष्णस्त्रिगुप्तः पञ्चसमितो दशलक्षणधर्मानुष्ठानात् फलदर्शनाच्च निर्वाणप्राप्तियतनयाभिवर्धितश्रद्धासंवेगो भावनाभिर्भावितात्माऽनुप्रेक्षाभिः स्थिरीकृतात्मानभिष्वङ्गः संवृतत्वान्निरास्रवत्वाद्विरक्तत्वान्निस्तृष्णत्वाच्च व्यपगताभिनवकर्मोपचयः परीषहजयाद्बाह्याभ्यन्तरतपोनुष्ठानादनुभावतश्च सम्यग्दृष्टिविरतादीनां च जिनपर्यन्तानां परिणामाध्यवसायविशुद्धिस्थानान्तराणामसङ्ख्येयगुणोत्कर्षप्राप्त्या पूर्वोपचितकर्म निर्जरयन् सामायिकादीनां च सूक्ष्मसम्परायान्तानां संयमविशुद्धिस्थानानामुत्तरोत्तरोपलम्भात्पुलाकादीनां च निर्ग्रन्थानां संयमानुपालनविशुद्धिस्थानविशेषाणामुत्तरोत्तरप्रतिपत्त्या घटमानोऽत्यन्तप्रहीणार्तरौद्रध्यानो धर्मध्यानविजयाद-

वासमाधिबलः शुक्लध्यानयोश्च पृथक्त्वैकत्ववितर्कयोरन्यतरस्मिन्वर्तमानो नानाविधानृद्धिविशेषान्प्राप्नोति । तद्यथा-

आमर्षौषधित्वं विप्रुडौषधित्वं सर्वौषधित्वं शापानुग्रहसामर्थ्यजननीमभिव्याहारसिद्धिमीशित्वं वशित्वमवधिज्ञानं शरीरविकरणाङ्गप्राप्तितामणिमानं लघिमानं महिमानमणुत्वम् । अणिमा बिसच्छिद्रमपि प्रविश्यासीत । लघुत्वं नाम लघिमा वायोरपि लघुतरः स्यात् । महत्त्वं महिमा मेरोरपि महत्तरं शरीरं विकुर्वीत । प्राप्तिर्भूमिष्ठोऽङ्गुल्यग्रेण मेरुशिखरभास्करादीनपि स्पृशेत् । प्राकाम्यमप्सु भूमाविव गच्छेत् भूमावप्स्विव निमज्जेदुन्मज्जेच्च । जङ्घाचारणत्वं येनाग्निशिखाधूमनीहारावश्यायमेघवारिधारामर्कटतन्तुज्योतिष्करश्मिवायूनामन्यतममप्युपादाय वियति गच्छेत् । वियद्गतिचारणत्वं येन वियति भूमाविव गच्छेत् शकुनिवच्च प्रडीनावडीनगमनानि कुर्यात् । अप्रतिघातित्वं पर्वतमध्येन वियतीव गच्छेत् । अन्तर्धानमदृश्यो भवेत् । कामरूपित्वं नानाश्रयानेकरूपधारणं युगपदपि कुर्यात् । तेजोनिसर्गे सामर्थ्यमित्येतदादि ।

इति इन्द्रियेषु मतिज्ञानविशुद्धिविशेषाद्दूरात् स्पर्शनास्वादनघ्राणदर्शनश्रवणानि विषयाणां कुर्यात् । संभिन्नज्ञानत्वं युगपदनेकविषयपरिज्ञानमित्येतदादि ।

मानसं कोष्ठबुद्धित्वं बीजबुद्धित्वं पदप्रकरणोद्देशाध्यायप्राभृतवस्तुपूर्वाङ्गानुसारित्वमृजुमतित्वं विपुलमतित्वं परचित्तज्ञानमभिलषितार्थप्राप्तिमनिष्टानवाप्तीत्येतदादि ।

वाचिकं क्षीरास्रवित्वं मध्वास्रवित्वं वादित्वं सर्वरुतज्ञत्वं सर्वसत्त्वावबोधनमित्येतदादि ।

तथा विद्याधरत्वमाशीविषत्वं भिन्नाभिन्नाक्षरचतुर्दशपूर्वधरत्वमिति ।

ततोऽस्य निस्तृष्णत्वात् तेष्वनभिषक्तस्य मोहक्षपकपरिणामावस्थस्याष्टाविंशतिविधं मोहनीयं निरवशेषतः प्रहीयते । ततश्छद्मस्थवीतरागत्वं प्राप्तस्यान्तर्मुहूर्तेन ज्ञानावरणदर्शनावरणान्तरायाणि युगपदशेषतः प्रहीयन्ते ।

ततः संसारबीजबन्धनिर्मुक्तः फलबन्धनमोक्षापेक्षो यथाख्यातसंयतो जिनः केवली सर्वज्ञः सर्वदर्शी शुद्धो बुद्धः कृतकृत्यः स्नातको भवति।

ततो वेदनीयनामगोत्रायुष्कक्षयात्फलबन्धननिर्मुक्तो निर्दग्धपूर्वोपात्ते-न्धनो निरुपादान इवाग्निः पूर्वोपात्तभववियोगाद्धेत्वभावाच्चोत्तरस्या-प्रादुर्भावाच्छान्तः संसारसुखमतीत्यात्यन्तिकमैकान्तिकं निरुपमं निरतिशयं नित्यं निर्वाणसुखमवाप्नोतीति ।

एवं तत्त्वपरिज्ञानाद्विरक्तस्याऽऽत्मनो भृशम् ।
निरास्रवत्वाच्छिन्नायां नवायां कर्मसन्ततौ ॥१॥
पूर्वार्जितं क्षपयतो यथोक्तैः क्षयहेतुभिः ।
संसारबीजं कात्स्न्र्येन मोहनीयं प्रहीयते ॥२॥
ततोऽन्तरायज्ञानघ्नदर्शनघ्नान्यनन्तरम् ।
प्रहीयन्तेऽस्य युगपत् त्रीणि कर्माण्यशेषतः ॥३॥
गर्भसूच्यां विनष्टायां यथा तालो विनश्यति ।
तथा कर्मक्षयं याति मोहनीये क्षयं गते ॥४॥
ततः क्षीणचतुष्कर्मा प्राप्तोयथाख्यातसंयमम् ।
बीजबन्धननिर्मुक्तः स्नातकः परमेश्वरः ॥५॥
शेषकर्मफलापेक्षः शुद्धो बुद्धो निरामयः ।
सर्वज्ञः सर्वदर्शी च जिनो भवति केवली ॥६॥
कृत्स्नकर्मक्षयादूर्ध्वं निर्वाणमधिगच्छति ।
यथा दग्धेन्धनो वह्निर्निरुपादानसन्ततिः ॥७॥
दग्धे बीजे यथात्यन्तं प्रादुर्भवति नाङ्कुरः ।
कर्मबीजे तथा दग्धे नारोहति भवाङ्कुरः ॥८॥
तदनन्तरमेवोर्ध्वमालोकान्तात्स गच्छति ।
पूर्वप्रयोगासङ्गत्वबन्धच्छेदोर्ध्वगौरवैः ॥९॥

कुलालचक्रे दोलायामिषौ चापि यथेष्यते ।
पूर्वप्रयोगात्कर्मेह तथा सिद्धगतिः स्मृता ॥१०॥
मृल्लेपसङ्गनिर्मोक्षाद्यथा दृष्टाऽप्स्वलाबुनः ।
कर्मसङ्गविनिर्मोक्षात्तथा सिद्धगतिः स्मृता ॥११॥
एरण्डयन्त्रपेडासु बन्धच्छेदाद्यथा गतिः ।
कर्मबन्धनविच्छेदात्सिद्धस्यापि तथेष्यते ॥१२॥
ऊर्ध्वगौरवधर्माणो जीवा इति जिनोत्तमैः ।
अधोगौरवधर्माणः पुद्गला इति चोदितम् ॥१३॥
यथाधस्तिर्यगूर्ध्वं च लोष्टवाय्वग्निवीतयः ।
स्वभावतः प्रवर्तन्ते तथोर्ध्वं गतिरात्मनाम् ॥१४॥
अतस्तु गतिवैकृत्यमेषां यदुपलभ्यते ।
कर्मणः प्रतिघाताच्च प्रयोगाच्च तदिष्यते ॥१५॥
अधस्तिर्यगथोर्ध्वं च जीवानां कर्मजा गतिः ।
ऊर्ध्वमेव तु तद्धर्मा भवति क्षीणकर्मणाम् ॥१६॥
द्रव्यस्य कर्मणो यद्वदुत्पत्त्यारम्भवीतयः ।
समं तथैव सिद्धस्य गतिमोक्षभवक्षयाः ॥१७॥
उत्पत्तिश्च विनाशश्च प्रकाशतमसोरिह ।
युगपद्भवतो यद्वत् तथा निर्वाणकर्मणोः ॥१८॥
तन्वी मनोज्ञा सुरभिः पुण्या परमभास्वरा ।
प्राग्भारा नाम वसुधा लोकमूर्ध्नि व्यवस्थिता ॥१९॥
नृलोकतुल्यविष्कम्भा सितच्छत्रनिभा शुभा ।
ऊर्ध्वं तस्याः क्षितेः सिद्धा लोकान्ते समवस्थिताः ॥२०॥
तादात्म्यादुपयुक्तास्ते केवलज्ञानदर्शनैः ।
सम्यक्त्वसिद्धतावस्था हेत्वभावाच्च निष्क्रियाः ॥२१॥

ततोऽप्यूर्ध्वं गतिस्तेषां कस्मान्नास्तीति चेन्मतिः ।
धर्मास्तिकायस्याभावात्स हि हेतुर्गतेः परः ॥२२॥
संसारविषयातीतं मुक्तानामव्ययं सुखम् ।
अव्याबाधमिति प्रोक्तं परमं परमर्षिभिः ॥२३॥
स्यादेतदशरीरस्य जन्तोर्नष्टाष्टकर्मणः ।
कथं भवति मुक्तस्य सुखमित्यत्र मे शृणु ॥२४॥
लोके चतुर्ष्विहार्थेषु सुखशब्दः प्रयुज्यते ।
विषये वेदनाभावे विपाके मोक्ष एव च ॥२५॥
सुखो वह्निः सुखो वायुर्विषयेष्विह कथ्यते ।
दुःखाभावे च पुरुषः सुखितोऽस्मीति मन्यते ॥२६॥
पुण्यकर्मविपाकाच्च सुखमिष्टेन्द्रियार्थजम् ।
कर्मक्लेशविमोक्षाच्च मोक्षे सुखमनुत्तमम् ॥२७॥
सुखप्रसुप्तवत् केचिदिच्छन्ति परिनिर्वृतिम् ।
तदयुक्तं क्रियावत्त्वात् सुखानुशयतस्तथा ॥२८॥
श्रमक्लममदव्याधिमदनेभ्यश्च सम्भवात् ।
मोहोत्पत्तेर्विपाकाच्च दर्शनघ्नस्य कर्मणः ॥२९॥
लोके तत्सदृशो ह्यर्थः कृत्स्नेऽप्यन्यो न विद्यते ।
उपगीयेत तद् येन तस्मान्निरुपमं सुखम् ॥३०॥
लिङ्गप्रसिद्धेः प्रामाण्यादनुमानोपमानयोः ।
अत्यन्तं चाप्रसिद्धं तद् यत्तेनानुपमं स्मृतम् ॥३१॥
प्रत्यक्षं तद्भगवतामर्हतां तैश्च भाषितम् ।
गृह्यतेऽस्तीत्यतः प्राज्ञैर्न छद्मस्थपरीक्षया ॥३२॥

यस्त्विदानीं सम्यग्दर्शनज्ञानचरणसम्पन्नो भिक्षुर्मोक्षाय घटमानः कालसंहननायुर्दोषादल्पशक्तिः, कर्मणां चातिगुरुत्वादकृतार्थ एवोपरमति,

स सौधर्मादीनां सर्वार्थसिद्धान्तानां कल्पविमानविशेषाणामन्यतमे देवतयोपपद्यते ।

तत्र सुकृतकर्मफलमनुभूय स्थितिक्षयात् प्रच्युतो देशजातिकुल-शीलविद्याविनयविभवविषयविस्तरविभूतियुक्तेषु मनुष्येषु प्रत्यायातिम-वाप्य पुनः सम्यग्दर्शनादिविशुद्धबोधिमवाप्नोति । अनेन सुखपरम्परा-युक्तेन कुशलाभ्यासानुबन्धक्रमेण परं त्रिर्जनित्वा सिध्यतीति ॥१०-७॥

## भाष्यप्रशस्तिः

वाचकमुखस्य शिवश्रियः प्रकाशयशसः प्रशिष्येण ।
शिष्येण घोषनन्दिक्षमणस्यैकादशाङ्गविदः ॥१॥
वाचनया च महावाचकक्षमणमुण्डपादशिष्यस्य ।
शिष्येण वाचकाचार्यमूलनाम्नः प्रथितकीर्तेः ॥२॥
न्यग्रोधिकाप्रसूतेन विहरता पुरवरे कुसुमनाम्नि ।
कौभीषणिना स्वातितनयेन वात्सीसुतेनार्घ्यम् ॥३॥
अर्हद्वचनं सम्यग्गुरुक्रमेणागतं समुपधार्य ।
दुःखार्तं च दुरागमविहतमतिं लोकमवलोक्य ॥४॥
इदमुच्चैर्नागरवाचकेन सत्त्वानुकम्पया दृब्धम् ।
तत्त्वार्थाधिगमाख्यं स्पष्टमुमास्वातिना शास्त्रम् ॥५॥
यस्तत्त्वाधिगमाख्यं ज्ञास्यति च करिष्यते च तत्रोक्तम् ।
सोऽव्याबाधसुखाख्यं प्राप्स्यत्यचिरेण परमार्थम् ॥६॥

॥ इति तत्त्वार्थाधिगमे स्वोपज्ञभाष्यसमेते दशमोऽध्यायः समाप्तः ॥

॥ समाप्तश्चायं ग्रन्थः ॥

**ભાષ્યાર્થ–** ક્ષેત્ર, કાળ, ગતિ, લિંગ, તીર્થ, ચારિત્ર પ્રત્યેકબુદ્ધ-બોધિત, જ્ઞાન, અવગાહના, અંતર, સંખ્યા અને અલ્પબહુત્વ આ બાર અનુયોગ દ્વારો સિદ્ધના(સિદ્ધની વિચારણા માટે) છે. આ બાર દ્વારોથી સિદ્ધો સાધ્ય છે. સાધ્ય, અનુગમ્ય, ચિંત્ય અને વ્યાખ્યેય(=વ્યાખ્યાન

કરવા યોગ્ય) આ બધા શબ્દોનો એક જ અર્થ છે. તેમાં(=સિદ્ધોની વિચારણામાં) પૂર્વભાવ(=અતીતકાળ)પ્રજ્ઞાપનીય અને પ્રત્યુત્પન્નભાવ (=વર્તમાનકાળ)પ્રજ્ઞાપનીય એ બે નયો છે તેનાથી (પૂર્વભાવપ્રજ્ઞાપનીય અને પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીય એ બે નયોથી) કરાયેલો અનુયોગ (=વ્યાખ્યા)વિશેષ છે, અર્થાત્ વિશેષ વ્યાખ્યા છે. તે આ પ્રમાણે–

(૧) **ક્ષેત્ર–** કયા ક્ષેત્રમાં સિદ્ધ થાય છે તેની વિચારણા પ્રત્યુત્પન્નભાવ-પ્રજ્ઞાપનીયને આશ્રયીને સિદ્ધિક્ષેત્રમાં સિદ્ધ થાય છે. પૂર્વભાવ-પ્રજ્ઞાપનીયને આશ્રયીને પંદર કર્મભૂમિમાં જન્મેલો જીવ સિદ્ધ થાય છે. સંહરણને આશ્રયીને મનુષ્યક્ષેત્રમાં સિદ્ધ થાય છે. તેમાં પ્રમત્તસંયત અને દેશવિરતિ જીવો સંહરણ કરાય છે. સાધ્વી, અવેદી, પરિહાર-વિશુદ્ધિસંયત, પુલાક, અપ્રમત્ત, ચૌદપૂર્વધર અને આહારકશરીરી આ જીવો સંહરણ કરાતા નથી. ઋજુસૂત્ર અને શબ્દાદિ ત્રણ નયો પ્રત્યુત્પન્નભાવને આશ્રયીને પ્રજ્ઞાપનીય છે. બાકીના નયો ઉભયભાવને આશ્રયીને પ્રજ્ઞાપના કરે છે.

(૨) **કાળ–** અહીં પણ બે નય છે. કાળદ્વારમાં કયા કાળમાં સિદ્ધ થાય છે તેની વિચારણા છે. પ્રત્યુપન્નભાવપ્રજ્ઞાપનીયને આશ્રયીને અકાળે સિદ્ધ થાય છે. પૂર્વભાવપ્રજ્ઞાપનીયને આશ્રયીને જન્મથી અને સંહરણથી એ બે વિચારણા છે. તેમાં અવસર્પિણી, ઉત્સર્પિણી અને નોઅવસર્પિણી-નોઉત્સર્પિણીમાં જન્મેલો સિદ્ધ થાય છે. આ પ્રમાણે સામાન્યથી છે. વિશેષથી તો અવસર્પિણીમાં સુષમદુષમ(=ત્રીજા) આરામાં સંખ્યાતા વર્ષો બાકી રહે ત્યારે સિદ્ધ થાય છે. દુષમસુષમ (=ચોથા) આરામાં સર્વકાળમાં જન્મેલો સિદ્ધ થાય છે. ચોથા આરામાં જન્મેલો પાંચમા આરામાં સિદ્ધ થાય છે. પાંચમાં આરામાં જન્મેલો સિદ્ધ થતો નથી. આ સિવાયના કાળમાં જન્મેલો જીવ સિદ્ધ થતો જ નથી. સંહરણને આશ્રયીને અવસર્પિણી, ઉત્સર્પિણી અને નોઅવસર્પિણી-નોઉત્સર્પિણી એમ સર્વકાળે સિદ્ધ થાય છે.

(૩) **ગતિ–** પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયને આશ્રયીને સિદ્ધિગતિમાં સિદ્ધ થાય છે. બાકીના નયો અનંતર પશ્ચાત્કૃતગતિક અને એકાંતર પશ્ચાત્કૃતગતિક એમ બે પ્રકારે છે. તેમાં અનંતર પશ્ચાત્કૃતગતિકને આશ્રયીને મનુષ્યગતિમાં સિદ્ધ થાય છે. એકાંતર પશ્ચાત્કૃતગતિકને આશ્રયીને સર્વગતિમાંથી આવેલો મનુષ્ય સિદ્ધ થાય છે.

(૪) **લિંગ–** સ્ત્રી, પુરુષ અને નપુંસક એમ ત્રણ લિંગો છે. પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયને આશ્રયીને વેદરહિત મનુષ્ય સિદ્ધ થાય છે. પૂર્વભાવપ્રજ્ઞાપનીયને આશ્રયીને અનંતર પશ્ચાત્કૃતગતિક અને પરંપર પશ્ચાત્કૃતગતિકને આશ્રયીને ત્રણેય લિંગોથી સિદ્ધ થાય છે.

(૫) **તીર્થ–** તીર્થંકરોના તીર્થમાં તીર્થંકર સિદ્ધો હોય છે. નોતીર્થંકર સિદ્ધો તીર્થંકરના તીર્થમાં હોય છે. અતીર્થંકર સિદ્ધો તીર્થંકરના તીર્થમાં હોય છે. એ પ્રમાણે તીર્થંકરી તીર્થમાં સિદ્ધ થયેલા જીવો પણ હોય છે.

**લિંગ–** વળી લિંગમાં અન્ય વિકલ્પ કહેવાય છે. દ્રવ્યલિંગ-ભાવલિંગ અને અલિંગ. પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયને આશ્રયીને લિંગરહિત (મનુષ્ય) સિદ્ધ થાય છે. પૂર્વભાવપ્રજ્ઞાપનીયના ભાવલિંગને આશ્રયીને સ્વલિંગમાં સિદ્ધ થાય છે. દ્રવ્યલિંગ- સ્વલિંગ, અન્યલિંગ અને ગૃહિલિંગ એમ ત્રણ પ્રકારનું છે. તેને આશ્રયીને વિકલ્પ કરવા યોગ્ય છે. સઘળા જીવો ભાવલિંગને પામેલા સિદ્ધ થાય છે.

(૬) **ચારિત્ર–** પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયને આશ્રયીને નોચારિત્રી નોઅચારિત્રી સિદ્ધ થાય છે. પૂર્વભાવપ્રજ્ઞાપનીય અનંતર પશ્ચાત્કૃતિક અને પરંપર પશ્ચાત્કૃતિક એમ બે પ્રકારે છે. અનંતર પશ્ચાત્કૃતિકની વ્યંજિત અને અવ્યંજિતમાં વિચારણા છે. અવ્યંજિતમાં ત્રિચારિત્ર-પશ્ચાત્કૃત, ચતુષ્ચારિત્રપશ્ચાત્કૃત, પંચચારિત્રપશ્ચાત્કૃત એમ ત્રણ ભેદ છે. વ્યંજિતમાં સામાયિક, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત પશ્ચાત્કૃત સિદ્ધો હોય છે. છેદોપસ્થાપનીય, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત પશ્ચાત્કૃત સિદ્ધો હોય છે. સામાયિક-છેદોપસ્થાપ્ય-સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત

પશ્ચાત્કૃત સિદ્ધો હોય છે. છેદોપસ્થાપ્ય-પરિહારવિશુદ્ધિ-સૂક્ષ્મસંપરાય-યથાખ્યાત પશ્ચાત્કૃત સિદ્ધો હોય છે. સામાયિક-છેદોપસ્થાપ્ય-પરિહારવિશુદ્ધિ-સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત પશ્ચાત્કૃત સિદ્ધો હોય છે.

(૭) **પ્રત્યેકબુદ્ધબોધિત–** આની વ્યાખ્યાના વિકલ્પો ચાર પ્રકારે છે. તે આ પ્રમાણે- સ્વયંબુદ્ધસિદ્ધો હોય છે. સ્વયંબુદ્ધસિદ્ધો તીર્થંકરસિદ્ધ અને પ્રત્યેકબુદ્ધસિદ્ધ એમ બે પ્રકારના છે. બુદ્ધબોધિતસિદ્ધનો ત્રીજો અને ચોથો વિકલ્પ આ પ્રમાણે છે- પરબોધકસિદ્ધ અને સ્વેષ્ટકારિસિદ્ધ.

(૮) **જ્ઞાન–** અહીં પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયતાની અપેક્ષાએ કેવલી સિદ્ધ થાય છે. પૂર્વભાવપ્રજ્ઞાપનીયતાના અનંતરપશ્ચાત્કૃતિક અને પરંપરપશ્ચાત્કૃતિક એમ બે પ્રકાર છે. અને તેની વ્યંજિત અને અવ્યંજિતમાં વિચારણા છે. અવ્યંજિતમાં બે, ત્રણ કે ચાર જ્ઞાનથી સિદ્ધ થાય છે. વ્યંજિતમાં મતિ-શ્રુત એ બે જ્ઞાનથી સિદ્ધ થાય છે. મતિ-શ્રુત-અવધિ કે મતિ-શ્રુત-મનઃપર્યવ એ ત્રણ જ્ઞાનથી સિદ્ધ થાય છે.

(૯) **અવગાહના–** કોણ કઇ અવગાહનામાં વર્તતો સિદ્ધ થાય છે. અવગાહના ઉત્કૃષ્ટ અને જઘન્ય એમ બે પ્રકારની છે. ઉત્કૃષ્ટ અવગાહના ૨ થી ૯ ધનુષથી યુક્ત એવા ૫૦૦ ધનુષ્ય ઉત્કૃષ્ટ અવગાહના છે. ૨ થી ૯ અંગુલહીન સાત હાથ જઘન્ય અવગાહના છે. પૂર્વભાવ-પ્રજ્ઞાપનીયને આશ્રયીને આ શરીર અવગાહનાઓમાં સિદ્ધ થાય છે. પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયને આશ્રયીને પોતાના શરીર પ્રમાણે ત્રીજો ભાગ ન્યૂન એવી આ જ અવગાહનામાં સિદ્ધ થાય છે.

(૧૦)**અંતર–** આ દ્વારમાં સિદ્ધ થતા જીવોનું અંતર કેટલું પડે છે તેની વિચારણા છે. અંતર વિના અને અંતર સહિત સિદ્ધ થાય છે. તેમાં અંતર વિના જઘન્યથી ૨ સમય સુધી અને ઉત્કૃષ્ટથી આઠ સમય સુધી સિદ્ધ થાય છે. અંતર સહિત જઘન્યથી એક સમય પછી અને ઉત્કૃષ્ટથી ૬ માસ પછી સિદ્ધ થાય છે.

(૧૧)**સંખ્યા–** એક સમયમાં કેટલા સિદ્ધ થાય ? જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી એકસો આઠ સિદ્ધ થાય.

**(૧૨)અલ્પબહુત્વ–** આ દ્વારમાં ક્ષેત્ર વગેરે અગિયાર અનુયોગ દ્વારોનું અલ્પબહુત્વ કહેવા યોગ્ય છે. તે આ પ્રમાણે–

**(૧) ક્ષેત્ર–** ક્ષેત્રસિદ્ધોનું અલ્પબહુત્વ જન્મથી અને સંહરણથી એમ બે રીતે તથા કર્મભૂમિસિદ્ધો અને અકર્મભૂમિસિદ્ધો એમ બે રીતે વિચારવું. તેમાં સંહરણસિદ્ધો સૌથી થોડા છે. (તેનાથી) જન્મથી સિદ્ધો અસંખ્યગુણા છે. સંહરણ પરકૃત અને સ્વયંકૃત એમ બે પ્રકારે છે. દેવકર્મથી અને ચારણ-વિદ્યાધરોથી કરાયેલું સંહરણ પરકૃત છે. સ્વયંકૃત સંહરણ ચારણ-વિદ્યાધરોનું જ હોય છે. આ ક્ષેત્રોનો વિભાગ કર્મભૂમિ-અકર્મભૂમિ-સમુદ્રો-દ્વીપો, ઉપર, નીચે અને તિર્ચ્છું એમ ત્રણ લોક છે. તેમાં ઊર્ધ્વલોકસિદ્ધો સૌથી થોડા છે (એનાથી) અધોલોકસિદ્ધો સંખ્યાતગુણા છે. તેનાથી તિર્ચ્છાલોકસિદ્ધો સંખ્યાતગુણા છે.

સમુદ્રસિદ્ધો સૌથી ઓછા છે. (તેનાથી) દ્વીપસિદ્ધો સંખ્યાતગુણા છે. એ પ્રમાણે આ અવ્યંજિતમાં કહ્યું. વ્યંજિતમાં પણ લવણસમુદ્રસિદ્ધો સર્વથી ઓછા છે. તેનાથી કાલોદધિ સમુદ્રસિદ્ધો સંખ્યાતગુણા છે. તેનાથી જંબૂદ્વીપસિદ્ધો સંખ્યાતગુણા છે. તેનાથી ધાતકીખંડસિદ્ધો સંખ્યાતગુણા છે. તેનાથી પુષ્કરાર્ધદ્વીપસિદ્ધો સંખ્યાતગુણા છે.

**(૨) કાળ–** કાળના ત્રણ વિભાગ છે. અવસર્પિણી, ઉત્સર્પિણી અને નોઅવસર્પિણી-નોઉત્સર્પિણી. અહીં સિદ્ધોના અલ્પબહુત્વમાં વ્યંજિત અને અવ્યંજિત એવો વિશેષ અનુગમ કરવો. પૂર્વભાવપ્રજ્ઞાપનીયને આશ્રયીને ઉત્સર્પિણીસિદ્ધો સૌથી થોડા છે. એનાથી અવસર્પિણીસિદ્ધો વિશેષાધિક છે. એનાથી નોઅવસર્પિણી-નોઉત્સર્પિણીસિદ્ધો સંખ્યાતગુણા છે. પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયને આશ્રયીને અકાળે સિદ્ધ થાય છે. આમાં અલ્પબહુત્વ નથી.

**(૩) ગતિ–** પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયને આશ્રયીને સિદ્ધિગતિમાં સિદ્ધ થાય છે. આમાં અલ્પબહુત્વ નથી. પૂર્વભાવપ્રજ્ઞાપનીયના અનંતર પશ્ચાત્કૃતિકને આશ્રયીને મનુષ્યગતિમાં સિદ્ધ થાય છે. આમાં અલ્પબહુત્વ

નથી. પરંપર પશ્ચાત્કૃતિકને આશ્રયીને અનંતરગતિ વિચારાય છે. તે આ પ્રમાણે- તિર્યંચયોનિમાંથી આવેલા અનંતરગતિસિદ્ધો સૌથી થોડા છે. તેનાથી મનુષ્યોમાંથી આવેલા અનંતરગતિસિદ્ધો સંખ્યાતગુણા છે. તેનાથી નારકોમાંથી આવેલા અનંતરગતિસિદ્ધો સંખ્યાતગુણા છે. તેનાથી દેવોમાંથી આવેલા અનંતરગતિસિદ્ધો સંખ્યાતગુણા છે.

(૪) **લિંગ–** પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયને આશ્રયીને વેદરહિત સિદ્ધ થાય છે. આમાં અલ્પબહુત્વ નથી. પૂર્વભાવપ્રજ્ઞાપનીયને આશ્રયીને નપુંસકલિંગસિદ્ધો સૌથી થોડા છે. તેનાથી સ્ત્રીલિંગસિદ્ધો સંખ્યાતગુણા છે. તેનાથી પુરુષલિંગસિદ્ધો સંખ્યાતગુણા છે.

(૫) **તીર્થ–** તીર્થંકરસિદ્ધો સૌથી થોડા છે. તેનાથી તીર્થંકરના તીર્થમાં નોતીર્થંકરસિદ્ધો સંખ્યાતગુણા છે. તેનાથી તીર્થંકરતીર્થસિદ્ધનપુંસકો સંખ્યાતગુણા છે. તેનાથી તીર્થંકરતીર્થસિદ્ધસ્ત્રીઓ સંખ્યાતગુણા છે. તેનાથી તીર્થંકરતીર્થસિદ્ધપુરુષો સંખ્યાતગુણા છે.

(૬) **ચારિત્ર–** અહીં પણ પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીય અને પૂર્વભાવપ્રજ્ઞાપનીય એવા બે નયો છે- તેમાં પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયને આશ્રયીને નોચારિત્રી-નોઅચારિત્રી સિદ્ધ થાય છે. આમાં અલ્પબહુત્વ નથી. પૂર્વભાવપ્રજ્ઞાપનીયને આશ્રયીને વ્યંજિત અને અવ્યંજિતમાં વિચારણા કરવી. તેમાં અવ્યંજિતમાં સિદ્ધો સૌથી થોડા છે. તેનાથી પાંચ ચારિત્રસિદ્ધો અને ચાર ચારિત્રસિદ્ધો સંખ્યાતગુણા છે. તેનાથી ત્રણ ચારિત્રસિદ્ધો સંખ્યાતગુણા છે. વ્યંજિતમાં સામાયિક-છેદોપસ્થાપ્ય-પરિહારવિશુદ્ધિ-સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાતચારિત્રસિદ્ધો સૌથી થોડા છે. (તેનાથી) છેદોપસ્થાપ્ય-પરિહારવિશુદ્ધિ-સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાતચારિત્રસિદ્ધો સંખ્યાતગુણા છે. તેનાથી સામાયિક-છેદોપસ્થાપ્ય-સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાતચારિત્રસિદ્ધો સંખ્યાતગુણા છે. તેનાથી સામાયિક-પરિહારવિશુદ્ધિ-સૂક્ષ્મસંપરાય-યથાખ્યાતચારિત્રસિદ્ધો સંખ્યાતગુણા છે. તેનાથી સામાયિક-સૂક્ષ્મસંપરાય-યથાખ્યાતચારિત્રસિદ્ધો

સંખ્યાતગુણા છે. તેનાથી છેદોપસ્થાપ્ય-સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાતચારિત્રસિદ્ધો સંખ્યાતગુણા છે.

(૭) **પ્રત્યેકબુદ્ધબોધિત–** પ્રત્યેકબુદ્ધસિદ્ધો સૌથી થોડા છે, તેનાથી બુદ્ધબોધિતસિદ્ધનપુંસકો સંખ્યાતગુણા છે. તેનાથી બુદ્ધબોધિતસિદ્ધસ્ત્રીઓ સંખ્યાતગુણી છે. તેનાથી બુદ્ધબોધિતસિદ્ધપુરુષો સંખ્યાતગુણા છે.

(૮) **જ્ઞાન–** આ દ્વારમાં કોણ કયા જ્ઞાનથી સિદ્ધ થાય છે તેની વિચારણા છે. પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયને આશ્રયીને સર્વકેવલી સિદ્ધ થાય છે. કેવલી=કેવલજ્ઞાનથી યુક્ત સિદ્ધ થાય છે. આમાં અલ્પબહુત્વ નથી. પૂર્વભાવપ્રજ્ઞાપનીયને આશ્રયીને બે જ્ઞાનસિદ્ધો સૌથી થોડા છે. તેનાથી ચાર જ્ઞાનસિદ્ધો સંખ્યાતગુણા છે. તેનાથી ત્રણ જ્ઞાનસિદ્ધો સંખ્યાતગુણા છે. આ અવ્યંજિતની વાત કરી. વ્યંજિતમાં પણ મતિશ્રુત-જ્ઞાનસિદ્ધો સૌથી થોડા છે. તેનાથી મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવજ્ઞાનસિદ્ધો સંખ્યાતગુણા છે. તેનાથી મતિ-શ્રુત-અવધિજ્ઞાનસિદ્ધો સંખ્યાતગુણા છે.

(૯) **અવગાહના–** જઘન્ય અવગાહનાવાળા સિદ્ધો સૌથી થોડા છે. એનાથી ઉત્કૃષ્ટ અવગાહનાવાળા સિદ્ધો અસંખ્યાતગુણા છે. તેનાથી યવમધ્ય સિદ્ધો અસંખ્યાતગુણા છે. તેનાથી યવમધ્યની ઉપર સિદ્ધ થયેલા અસંખ્યાતગુણા છે. તેનાથી યવમધ્યની નીચે સિદ્ધ થયેલા વિશેષાધિક છે. બધા મળીને વિશેષાધિક છે.

(૧૦)**અંતર–** આઠ સમય અનંતરસિદ્ધો સૌથી થોડા છે. સાત સમય અનંતરસિદ્ધો, છ સમય અનંતરસિદ્ધો એ પ્રમાણે યાવત્ બે સમય અનંતરસિદ્ધો સુધી સિદ્ધો સંખ્યાતગુણા જાણવા. આ પ્રમાણે અનંતરમાં કહ્યું. અંતરસહિતમાં પણ છમાસ અંતરસિદ્ધો સૌથી થોડા છે. તેનાથી એક સમય અંતરસિદ્ધો સંખ્યાતગુણા છે. તેનાથી યવમધ્ય અંતરસિદ્ધો સંખ્યાતગુણા છે. તેનાથી નીચેના યવમધ્ય અંતરસિદ્ધો અસંખ્યાતગુણા છે. તેનાથી ઉપરના યવમધ્ય અંતરસિદ્ધો વિશેષાધિક છે. બધા મળીને વિશેષાધિક છે.

**(૧૧)સંખ્યા–** એકસો આઠ સિદ્ધો સૌથી થોડા છે. હવે વિપરીત ક્રમથી એકસો સાત સિદ્ધોથી આરંભી પચાસ સિદ્ધો સુધીના સિદ્ધો અનંતગુણા છે. હવે ઓગણપચાસથી આરંભી પચ્ચીસ સુધીના સિદ્ધો અસંખ્યાતગુણા છે. હવે ચોવીસથી આરંભી એક સુધીના સિદ્ધો સંખ્યાતગુણા છે. વિપરીતહાનિ આ પ્રમાણે છે- અનંતગુણહાનિસિદ્ધો સૌથી થોડા છે. તેનાથી અસંખ્યગુણહાનિસિદ્ધો અનંતગુણા છે. તેનાથી સંખ્યાતગુણહાનિસિદ્ધો સંખ્યાતગુણા છે.

આ પ્રમાણે નિસર્ગ કે અધિગમ એ બેમાંથી કોઇ એકથી ઉત્પન્ન થયેલું અને તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ, શંકાદિ અતિચારથી રહિત અને શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્ય લક્ષણવાળું, વિશુદ્ધ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરીને અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી વિશુદ્ધજ્ઞાનને મેળવીને નિક્ષેપ-પ્રમાણ-નય-નિર્દેશ-સત્-સંખ્યા વગેરે ઉપાયથી જીવાદિ તત્ત્વોને અને પારિણામિક-ઔદયિક-ઔપશમિક-ક્ષાયોપશમિક અને ક્ષાયિક ભાવોનું સ્વરૂપ જાણીને આદિમત્ પારિણામિક-ઔદયિક ભાવોની ઉત્પત્તિ-સ્થિતિ-અન્યતાનુગ્રહ-પ્રલયરૂપ તત્ત્વને જાણનારો વિરક્ત થાય છે. તૃષ્ણારહિત થાય છે. ત્રણ ગુપ્તિથી ગુપ્ત થાય છે. પાંચ સમિતિથી સમિત થાય છે. દર્શનલક્ષણવાળા ધર્મના આચરણથી અને ફળ જોવાથી મોક્ષની પ્રાપ્તિ માટે કરાતી યતનાથી વૃદ્ધિ કરાયેલી શ્રદ્ધા અને સંવેગવાળો થાય છે. આત્માને ભાવનાઓથી ભાવિત કરે છે. અનુપ્રેક્ષાથી આત્માને સ્થિર કરે છે અને રાગથી રહિત બને છે. સંવરવાળો હોવાથી, આશ્રવરહિત થવાથી, વિરક્ત થવાથી અને તૃષ્ણાથી રહિત થવાથી નવા કર્મોને એકઠા કરતો નથી. પરીષહોને જીતવાથી અને બાહ્ય-અભ્યંતર તપને આચરવાથી અને અનુભાવથી સમ્યગ્દષ્ટિ અને વિરતથી પ્રારંભી જિન સુધીના પરિણામ અધ્યવસાયની વિશુદ્ધિના સ્થાનોમાંથી કોઇ એક સ્થાનની અસંખ્યેયગુણવૃદ્ધિની પ્રાપ્તિની પૂર્વે એકઠા કરેલા કર્મોની નિર્જરા કરતો સામાયિકથી માંડી સૂક્ષ્મસંપરાય સુધીના સંયમવિશુદ્ધિસ્થાનોમાં પછી

પછીના વિશુદ્ધિસ્થાનોની પ્રાપ્તિ થવાથી પુલાક વગેરે નિર્ગ્રંથોના સંયમનું પાલન કરવાથી પછી પછીના વિશુદ્ધિસ્થાનોની પ્રાપ્તિથી જેના આર્તરૌદ્રધ્યાન અત્યંત ક્ષીણ થઇ ગયા છે એવા તે ધર્મધ્યાન પર વિજય મેળવવાથી સમાધિબળને પ્રાપ્ત કરે છે અને પૃથક્ત્વવિતર્ક અને એકત્વ-વિતર્ક એ બે શુક્લધ્યાનમાંથી કોઇ એક ધ્યાનમાં વર્તતો એવો તે વિશેષ પ્રકારની વિવિધ ઋદ્ધિઓને પામે છે. તે આ પ્રમાણે–

આમર્શ ઔષધિ-વિપ્રુડ્ઔષધિ-સર્વૌષધિ-શાપ-અનુગ્રહસામર્થ્ય-જનની અભિવ્યવહારસિદ્ધિ, ઇશિત્વ, વશિત્વ, અવધિજ્ઞાન, શરીર-વિકરણાંગપ્રાપ્તિતા, અણિમા, લઘિમા, મહિમા, અણુત્વ (ઋદ્ધિઓને પામે છે. તેમાં)- અણિમા એટલે કમળના નાળમાં(=ડાંડીમાં) પ્રવેશીને રહે. લઘુત્વ એટલે હલકાપણું. લઘુત્વ(લબ્ધિ)થી વાયુથી પણ અધિક હલકો થાય. મહત્ત્વ એટલે મોટાઇ. મહત્ત્વલબ્ધિથી મેરુથી પણ મોટું શરીર વિકુર્વે. પ્રાપ્તિ એટલે ભૂમિ પર રહેલો આંગળીના અગ્રભાગથી મેરુશિખરને અથવા સૂર્ય વગેરેને પણ સ્પર્શે. પ્રાકામ્ય એટલે પાણીમાં ભૂમિની જેમ ચાલે અને ભૂમિમાં પણ પાણીની જેમ ડૂબે અને ઉપર આવે. જંઘાચારણલબ્ધિથી અગ્નિજવાળા, ધૂમાડો, બરફ, ઝાકળ, વાદળના પાણીની ધારા, કરોડિયાની જાળ, સૂર્યના કિરણો અને વાયુ આ બધામાંથી કોઇ એકનું પણ (આલંબન) લઇને આકાશમાં જાય. આકાશગતિ ચારણત્વલબ્ધિથી આકાશમાં ભૂમિની જેમ જાય અને પક્ષીની જેમ ઉપર-નીચે અને તિર્ચ્છું ગમન કરે. અપ્રતિઘાતિત્વ એટલે પર્વતના મધ્યમાંથી આકાશની જેમ જાય. અંતર્ધ્યાન એટલે અદૃશ્ય થાય. કામરૂપિત્વ એટલે જુદા જુદામાં રહેલા અનેક રૂપોને એકી સાથે પણ ધારણ કરે. તેજોલેશ્યાને પ્રગટાવવાનું સામર્થ્ય ઇત્યાદિ.

ઇન્દ્રિયોમાં(ઇન્દ્રિય સંબંધી) મતિજ્ઞાનની વિશુદ્ધિવિશેષથી દૂરથી પણ વિષયોને ગ્રહણ કરે, અર્થાત્ સ્પર્શી શકે, સ્વાદ લઇ શકે, સુંઘી શકે, જોઇ શકે અને સાંભળી શકે. સંભિન્નજ્ઞાનત્વ એટલે અનેક વિષયોનું એકી સાથે જ્ઞાન થાય. ઇત્યાદિ.

માનસ, કોષ્ઠબુદ્ધિત્વ, બીજબુદ્ધિત્વ, પદાનુસારિત્વ, પ્રકરણાનુસારિત્વ, ઉદ્દેશાનુસારિત્વ, અધ્યાયનુસારિત્વ, પ્રાભૃતાનુસારિત્વ, વસ્તુ-અનુસારિત્વ, પૂર્વાંગાનુસારિત્વ, ઋજુમતિત્વ, વિપુલમતિત્વ, પરચિત્તજ્ઞાન, અભિલષિતાર્થપ્રાપ્તિ, અનિષ્ટની અપ્રાપ્તિ ઇત્યાદિ.

વાચિક, ક્ષીરાસ્રવિત્વ, મધુઆસ્રવિત્વ, વાદિત્વ, સર્વરુતજ્ઞત્વ, સર્વસત્ત્વાવબોધ ઇત્યાદિ.

તથા વિદ્યાધરત્વ, આશીવિષત્વ, ભિન્નાભિન્નાક્ષરત્વ, ચતુર્દશપૂર્વત્વ એ પ્રમાણે ઋદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

ત્યાર બાદ તૃષ્ણાથી રહિત હોવાથી તેમાં(ઋદ્ધિઓમાં) આસક્તિથી રહિત મોહને ખપાવવાના પરિણામમાં રહેલા એ મહાત્માનું અઠ્ઠાવીશ પ્રકારનું મોહનીયકર્મ સંપૂર્ણપણે ક્ષય પામે છે. તેથી છદ્મસ્થ વીતરાગપણાને પામેલા એ મહાત્માના અંતર્મુહૂર્તમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય એકી સાથે સંપૂર્ણપણે ક્ષય પામે છે.

ત્યારબાદ સંસારરૂપ બીજના બંધનથી સંપૂર્ણ મુક્ત ફળબંધનની મુક્તિની અપેક્ષાવાળો, યથાખ્યાતસંયત, જિન, કેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી, શુદ્ધ, બુદ્ધ, કૃતકૃત્ય અને સ્નાતક થાય છે.

ત્યારબાદ વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્યનો ક્ષય થવાથી, ફળબંધનથી સંપૂર્ણ મુક્ત, પૂર્વે લીધેલા કાષ્ઠો બળી ગયા છે જેના અને જે નવા કાષ્ઠોને લેતો નથી એવો અગ્નિ જેમ શાંત થાય છે તેમ આત્મા પૂર્વે ગ્રહણ કરેલા ભવના વિયોગથી અને હેતુનો અભાવ હોવાથી નવા ભવની ઉત્પત્તિ ન થવાથી શાંત થાય છે. તથા સંસારસુખ ઓળંગીને આત્યંતિક, એકાંતિક, નિરુપમ, નિરતિશય અને નિત્ય મોક્ષસુખને પ્રાપ્ત કરે છે.

સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રથી સંપન્ન અને મોક્ષ માટે પ્રયત્ન કરતો જે સાધુ હમણાં કાળ-સંહનન અને આયુષ્યના દોષથી અલ્પ-શક્તિવાળો છે તથા કર્મથી અતિભારી હોવાથી કૃતાર્થ થયા વિના જ

અટકી જાય છે, તે સાધુ સૌધર્મ વગેરે કલ્પોમાં કે સર્વાર્થસિદ્ધ સુધીના વિમાન વિશેષોમાંથી કોઈપણ એક કલ્પમાં કે વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે.

ત્યાં સુકૃત કર્મફળને અનુભવીને સ્થિતિના ક્ષયથી ચ્યવેલો દેશ-જાતિ-કુલ-શીલ-વિદ્યા-વિનય-વિભવ-વિષય-વિસ્તાર-વિભૂતિથી યુક્ત મનુષ્યોમાં જન્મ પામીને ફરી સમ્યગ્દર્શનાદિ વિશુદ્ધબોધિને પ્રાપ્ત કરે છે. આ સુખપરંપરાથી યુક્ત એવા કુશલ અભ્યાસના અનુક્રમથી ઉત્કૃષ્ટથી ત્રણવાર ઉત્પન્ન થઈને સિદ્ધ થાય છે.

**નોંધ–** ભાષ્યમાં રહેલા શ્લોકોનો અર્થ ટીકામાં આવી જતો હોવાથી અહીં તેનો અર્થ લખ્યો નથી. (૧૦-૭)

## ભાષ્યપ્રશસ્તિ

જેમનો યશ જગતમાં પ્રગટ છે તે શિવશ્રી નામના વાચક મુખ્યના પ્રશિષ્ય અગિયાર અંગોના જ્ઞાતા ઘોષનંદિક્ષમાશ્રમણના શિષ્ય વાચનાથી (ભણાવનારની અપેક્ષાએ) મહાવાચક શ્રમણ મુંડપાદના શિષ્ય વિસ્તૃત કીર્તિવાળા મૂલ નામના વાચકાચાર્યના શિષ્ય કૌભીષણ ગોત્રવાળા સ્વાતિ નામના પિતા અને વાત્સીસૂતગોત્રવાળી (ઉમા નામની) માતાના પુત્ર ન્યગ્રોધિકા ગામમાં જન્મેલા કુસુમપુર(પાટલીપુત્ર) નામના શ્રેષ્ઠ નગરમાં વિચરતા ઉચ્ચનાગર શાખાના વાચક શ્રી ઉમાસ્વાતિજીએ ગુરુપરંપરાથી મળેલા ઉત્તમ અરિહંત વચનોને સારી રીતે સમજીને (શરીર અને મનનાં) દુઃખોથી પીડિત તથા દુરાગમથી (મિથ્યાશાસ્ત્રોથી) નષ્ટબુદ્ધિવાળા જગતને જોઈને જીવોની અનુકંપાથી સ્પષ્ટ અર્થવાળા આ તત્ત્વાર્થાધિગમ નામના શાસ્ત્રની રચના કરી છે. જે તત્ત્વાર્થાધિગમ નામના શાસ્ત્રને જાણશે અને તેમાં કહ્યા મુજબ કરશે તે અવ્યાબાધ સુખરૂપ પરમાર્થને(=મોક્ષને) અલ્પકાળમાં પ્રાપ્ત કરશે.

**टीका–** क्षेत्रादीनामल्पबहुत्वान्तानां द्वन्द्वः, क्षेत्रादीनि च द्वादशापि द्वाराणि प्रतिपदं दर्शयति भाष्येण,

तत्र क्षेत्रमाकाशं जीवपुद्गलानां निवासगतिविशेषणात् लोकाकाश-परिग्रहः, तस्यापि लोकाकाशस्यैकदेशग्रहणं, अर्द्धतृतीया द्वीपाः समुद्र-द्वयमीषत्प्राग्भारोपलक्षितश्च गगनप्रदेश इति ।

कालोऽनादिरनन्तस्तस्याप्युत्सर्पिण्यवसर्पिणी अनुत्सर्पिण्यवसर्पिणी च ग्राह्या ।

गतिर्नारकादिभेदेन चतुर्विधा ।

लिङ्गं पुंस्त्रीनपुंसकाख्यं, अथवा द्रव्यलिङ्गं भावलिङ्गमलिङ्गमिति ।

तीर्थमिति तीर्थकरत्वं प्राप्य सिद्ध इत्यादिविकल्पं ।

चारित्रं सामायिकादि मूलगुणोत्तरगुणभेदं ।

प्रत्येकबुद्धबोधितः स्वयंबुद्धसिद्धादिभेदं ।

ज्ञानं मतिश्रुतादिभेदं ।

अवगाहनमिति शरीरावगाहग्रहणं ।

अन्तरमेकसमयादिकं षण्मासान्तं ।

सङ्ख्येत्येकस्मिन् समये कियन्तः सिध्यन्तीत्यादि ।

अल्पबहुत्वमिति क्षेत्रसिद्धाद्यन्तःपातिनां परस्परं चिन्त्यते,

एतानि द्वादशानुयोगद्वाराणि सिद्धस्य सिद्धत्वलाभे कारणानि भवन्ति,

एतदेव स्पष्टयति-'एभि'रित्यादि भाष्यं, तत्र-अस्मिन् सिद्धव्याख्याने कर्तव्ये द्वौ नयौ पूर्वभावप्रज्ञापनीयः प्रत्युत्पन्नभावप्रज्ञापनीयश्च पूर्वम्-अतीतं भावं प्रज्ञापयतीति, पूर्वभावप्रज्ञापनीयः । प्रत्युत्पन्नं-वर्तमानं भावं प्रज्ञापयतीति । प्रत्युत्पन्नभावप्रज्ञापनीयः । नैगमादिप्रसिद्धनयेभ्यश्च नेमौ व्यतिरिक्तौ, एतेषामेव वाचोयुक्तिभेदेन ग्रहणम् । तत्र नैगम-सङ्ग्रह-व्यवहाराः सर्वकालार्थग्राहित्वात् पूर्वभावप्रज्ञापनीयशब्दवाच्याः । ऋजुसूत्र-शब्द-समभिरूढैवम्भूतास्तु वर्तमानकालार्थप्रतिग्राहित्वात्

प्रत्युत्पन्नभावप्रज्ञापनीयशब्दवाच्या विज्ञेयाः । आभ्यां नयाभ्यां क्षेत्रादयो व्याख्येयाः । तत्कृतः ताभ्यां कृतोऽनुयोगविशेषो-व्याख्याप्रकारः ।

तद्यथेत्यादिना क्षेत्रं निरूपयति-कस्मिन् क्षेत्रे सिध्यति । तत्र प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य सिद्धिक्षेत्रे सिद्ध्यतीति तत्र सिद्धः प्रतिष्ठितः, यथा चागमः-"इह बोंदिं चइत्ताणं तत्थ गंतूण सिज्झइ" अप्राप्तस्थानस्तु नैव सिद्धः, कृत्यशेषत्वात् । पूर्वभावप्रज्ञापनीयस्य जन्म यत्र जातः कर्म्मभूमिषु पञ्चसु भरतेषु पञ्चस्वैरवतेषु पञ्चसु विदेहेषु सिद्ध्यति, संहरणं प्रति मानुषक्षेत्रे सिध्यति ।

संहरणं द्विधा-स्वकृतं परकृतं च, तत्र स्वकृतं चारणानां विद्याधराणां वेच्छातो विशिष्टस्थानाश्रयणं, परकृतं चारणविद्याधरदेवैः प्रत्यनीक-तयाऽनुकम्पया वोत्क्षिप्यान्यत्र क्षेपणं संहरणं, तच्च न सर्वस्यैव साधोः संहरणं समस्तीत्येतद्विवेकेन दर्शयति, तत्र प्रमत्तसंयताः संयतासंयता देशविरताः संह्रियन्ते, केचिदाहुः-अविरतसम्यग्दृष्टिरपीति, अमी पुनर्न जातुचित् संह्रियन्ते श्रमणी-संयतीत्यर्थः अपगतवेदः क्षपितवेदः परिहारविशुद्धिसंयतः उक्तलक्षणः तथा पुलाकसंयतः अप्रमत्तसंयतः चतुर्दशपूर्वधरः आहारकशरीरीति एते सप्तापि न संह्रियन्ते,

आगमेऽपि "समणिं अवगतवेदं परिहारपुलागमप्पमत्तं च ।
चोद्दसपुव्वि आहारगं च नवि कोऽवि संहरति ॥१॥"

ऋजुसूत्रनयः शब्दादयश्च त्रयः शब्दसमभिरूढैवम्भूताः प्रत्युत्पन्नभाव-प्रज्ञापनीयाः वर्त्तमानार्थग्राहिणः शेषा नैगमादयो नया उभयभावं प्रज्ञापयन्त्यतीतं वर्त्तमानं चेति, कालत्रयाभ्युपगमादिति ।

काल इत्यत्रापि तदेव नयद्वयं, कस्मिन् काले सिध्यतीति ?, तत्र प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य अकाले अविद्यमानकाले ईषत्प्राग्भारोप-लक्षितगगने सिध्यति, न च तत्र कालः समस्ति, ततश्च तत्र सिध्यति,

इतरस्य तु जन्मनः संहरणतश्च, तत्र जन्मतोऽवसर्पिण्यादिषु त्रिष्वपि जातः सिध्यति, एवं तावदविशेषतः, सामान्येनेत्यर्थः, स विशेषतस्तु अवसर्पिण्यां सुषमदुष्षमायां तृतीये कालविभागे सङ्ख्येयेषु वर्षेषु शेषेषु जातः सिद्ध्यति, दुष्षमसुषमायां सर्वस्यां चतुर्थे कालविभागे सर्वत्र सिद्ध्यति, दुष्षमसुषमायां जातो दुष्षमायां पञ्चमे कालविभागे सिद्ध्यति, नतु दुष्षमायां जातः कदाचित् सिद्ध्यतीति, अन्यत्रेत्यति-दुष्षमायामपि जातो नैव सिध्यति, संहरणं प्रति संहरणं विवक्ष्यते यदा तदा सर्वकालेषु अवसर्पिण्यादिषु त्रिष्वपि सिध्यतीति ।

गतिद्वारे प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य सिद्धिगत्यां सिध्यति, नान्यस्यां गतौ, शेषास्त्रिकालविषया नया द्विप्रकाराः-अनन्तरपश्चात्कृतगतिका एकान्तरपश्चात्कृतगतिकाश्चेत्यनन्तरा पश्चात्कृता गतिर्येषां तेऽनन्तरपश्चात्-कृतगतिकास्तेषां मनुष्यगत्यां सिद्ध्यति, एकान्तराः पश्चात्कृता गतयो येन तस्यापि अविशेषेण सर्वगतिभ्यः सिद्ध्यति, एकया मनुष्यगत्या अन्तरिताः-पश्चात्कृताः नरकादिगतयो येनेत्यर्थः ।

लिङ्गं स्त्र्यादि तत्र प्रत्युत्पन्नभावप्रज्ञापनीयस्य अवेदो विगतलिङ्गः सिद्ध्यति, लिङ्गं वेद इत्येकोऽर्थः, पूर्वभावप्रज्ञापनीयस्य तु अनन्तरपश्चात्-कृतगतिकस्य, अनन्तरपश्चात्कृतलिङ्गस्येत्यर्थः, गतौ चतुर्विधायां नियमेन लिङ्गं, लिङ्गे चावश्यंभाविनी गतिरिति लिङ्गशब्दो नोच्चरितः, अविनाभावाद् यदेवानन्तरं पुंल्लिङ्गं स्त्रीलिङ्गं नपुंसकलिङ्गं वा एकमेव,

एकान्तरपश्चात्कृतगतिकस्य चेत्यत्रापि गतिशब्दो लिङ्गवाची, एकेनान्तरेण लिङ्गेन पश्चात्कृतानि शेषलिङ्गानि येन तस्य, त्रिभ्योऽपि लिङ्गेभ्यः सिध्यति ।

तीर्थमित्यत्र सन्तीति विद्यन्ते तीर्थकरसिद्धाः तीर्थकरनामकर्म्मानु-भवनपूर्वकाः सिद्धाः तीर्थकरसिद्धाः, ते च तीर्थकरतीर्थे तीर्थकरेण प्राक्

प्रवर्तितं तीर्थं तस्मिन् सति पुनः स एव तीर्थस्य प्रवर्त्तयिता तीर्थकरः सिध्यति, नोतीर्थकरसिद्धाः प्रत्येकबुद्धाः, ते च तीर्थकरतीर्थे, अतीर्थकरसिद्धाः साधवः तीर्थकरतीर्थे, एवमुक्तेन प्रकारेण तीर्थकरीतीर्थे सिद्धा अपि वाच्याः, तीर्थकरीतीर्थतस्तीर्थकरी सिद्ध्यतीत्यादि ।

लिङ्गे पुनरन्यो विकल्प उच्यते–

ननु च पूर्वमेवोपन्यसनीयः स्यात्, सत्यमेव, क्षम्यतामिदमेकमाचार्यस्य[१], त्रिप्रकारं लिङ्गं द्रव्यलिङ्गं भावलिङ्गं अलिङ्गमिति, तत्र प्रत्युत्पन्नग्राहिणो नयस्य शुद्धस्यालिङ्ग एव सिद्ध्यति, यतो द्रव्यलिङ्गं न सम्भवत्येव,

द्रव्यलिङ्गं त्रिविधं–रजोहरणमुखवस्त्रिकाचोलपट्टकादि स्वलिङ्गं, अन्यलिङ्गं भौतपरिव्राजकादिवेषः, गृहिलिङ्गं दीर्घकेशकच्छबन्धादि, तदेवंविधं, द्रव्यलिङ्गं भाज्यं, कदाचित् सलिङ्गः कदाचिदलिङ्ग इति, भावलिङ्गं श्रुतज्ञानक्षायिकसम्यक्त्वचरणानि, तत्र किञ्चिदनुयायि किञ्चिन्निवर्त्तते, श्रुतं नास्ति सिद्धे, क्षायिकसम्यक्त्वं तु विद्यते, चरणमपि सामायिकादि व्यावर्त्तत एव, पूर्वभावप्रज्ञापनीयस्य भावलिङ्गं श्रुतादिकं स्वलिङ्गं तत्रस्थः सिद्ध्यति, सङ्क्षेपतस्तु सर्वो भावलिङ्गप्राप्तः सिद्ध्यतीति नियमः ।

चारित्रमिति वर्त्तमानग्राहिणो नयस्य नोचारित्री नोअचारित्री सिद्ध्यति, नोशब्दः सर्वत्र प्रतिषेधे, नास्त्यस्य चारित्रं सामायिकादि, नोअचारित्री द्वौ नञौ प्रकृतमर्थं गम्यत इत्यपि वक्तुं न शक्यते, तस्मान्न विरतो नाविरत इति, पूर्वभावप्रज्ञापनीयो द्विधा–अनन्तरस्य पश्चात्कृतिः–पश्चात्करणं यत्रासावनन्तरपश्चात्कृतिको नयः, अस्य तु यथाख्यातचारित्री सिद्ध्यति, इतरस्य तु व्यञ्जिते व्यक्तिमापादिते स्पष्टीकृते विशेषिते अव्यञ्जिते–

१. नवमेऽध्याये पुलाकादिनिर्ग्रन्थेषु तीर्थादनन्तरं लिङ्गद्वारमिति तीर्थानन्तरं लिङ्गद्वारपरामर्शः, वेदरूपलिङ्गानां तीर्थात् प्राग्भावेऽपि स्वलिङ्गस्य तीर्थे एवोत्पादात् नेपथ्यरूपलिङ्गस्य तीर्थद्वारानन्तरं चिन्त्यता स्यात् ।

सामान्यमात्रेऽविशेषिते वक्तव्यं, तत्राव्यञ्जिते त्रिचतुःपञ्च-चारित्रपश्चात्कृतिकः सिध्यति, अविशेषितमिदं,

कानि त्रीणि चारित्राणि चत्वारि पञ्च वा ?, अतो व्यञ्जिते सामायिकं सूक्ष्मसम्परायं यथाख्यातं च, अथवा [१]छेदोपस्थाप्यं सूक्ष्मसम्परायं यथाख्यातमिति त्रिचारित्रस्य विकल्पद्वयं, चतुश्चारित्रस्यापि विकल्पद्वयमेव सुज्ञानं, पञ्चचारित्रस्यैक एव विकल्पः ।

प्रत्येकबुद्धसिद्ध इति चतुर्द्धा व्याख्यायते-तीर्थकरः प्रत्येकबुद्धः परबोधकः स्वेष्टकारी चेति,

तद्यथेत्यादिना दर्शयति, अस्ति स्वयंबुद्धसिद्धः स्वयमेव बुद्धो नान्येन बोधितः, स द्विविधः-तीर्थकरोऽर्हन् तीर्थकरनामकर्म्मोदयभाक्, तथा परः प्रत्येकबुद्धसिद्धः प्रत्येकमेकमात्मानं प्रति केनचिन्निमित्तेन सञ्जात-जातिस्मरणादिना वल्कलचीरिप्रभृतयः करकण्ड्वादयश्च प्रत्येकबुद्धाः, बुद्धबोधितोऽपि द्विविधः-बुद्धेन-ज्ञातसिद्धान्तेन विदितसंसारस्वभावेन बोधितो बुद्धबोधितः, परबोधकः परस्मायुपदेशं ददाति, अपरः पुनः स्वस्मै हितं इष्टं स्वेष्टं तत्करणशीलः स्वेष्टकारी, न परस्मायुपदिशति किञ्चिदिति चतुर्थो विकल्पः, एते चत्वारोऽपि विकल्पद्वयमनुप्रविशन्ति, तत्र स्वयंबुद्धसिद्धे तीर्थकरः प्रत्येकबुद्धश्च, बुद्धबोधितसिद्धे परबोधकः स्वेष्टकारी चेति ।

ज्ञानमित्यत्रापि तावेव द्वौ नयौ, तत्र वर्त्तमानकालग्राहिणः केवलज्ञानवान् सिद्ध्यति, इतरो द्विविधः, तत्रानन्तरं कदाचित् किञ्चित् ज्ञानं भवति, परम्परपश्चात्कृतिकस्याव्यञ्जिते व्यञ्जिते चेति चत्वारो विकल्पाः, तत्राव्यञ्जिते द्वे त्रीणि चत्वारि वा ज्ञानानि पश्चात्कृतानि, व्यञ्जिते मति-

---

१. यद्यपि सामायिकमन्तरा न छेदोपस्थाप्यसम्भवः तथापि मूलानवस्थाप्यादिना तद्विनाशे त्रिचतुश्चरित्रविकल्पयोरुत्तरविकल्पसम्भवः ।

श्रुतवान् मतिश्रुतावधिमान् मतिश्रुतमनःपर्यायवान् वा मतिश्रुताऽवधिमनः-पर्यायवान् सिध्यतीति ।

अवगाहनेति आत्मनः शरीरेऽवगाहः-अनुप्रवेशः सङ्कोचविकाश-धर्म्मत्वादात्मनः, तच्छरीरं किंप्रमाणमिति चिन्त्यते, अवगाहना चरमशरीरे, साऽवगाहना द्विधा-उत्कृष्टा जघन्या च, तत्रोत्कृष्टा पञ्चधनुःशतानि धनुःपृथक्त्वेनाधिकानि, द्विप्रभृत्या नवभ्यः पृथक्त्वसंज्ञा, एतच्चोत्कृष्टं देहमानं मरुदेवीप्रभृतीनां सम्भवति, तीर्थकराणां पञ्चैव धनुःशतानि उत्कृष्टा, जघन्या च सप्तहस्ता तीर्थकराणामेव, (द्विहस्ता) अङ्गुलपृथ-क्त्वोना, सामान्येन तु जघन्या द्विहस्तानामेव कूर्म्मासुतादीनामिति, तत्र पूर्वभावप्रज्ञापनीयस्य एतास्वेवावगाहनासु सिध्यति, प्रत्युत्पन्नभावप्रज्ञा-पनीयस्य तु यथास्वं पञ्चधनुःशतादिकासु तृतीयभागहीनासु सिध्यतीति ।

अन्तरमिति सिध्यतां जीवानामन्तरमनन्तरं च, तत्रान्तरमेको वर्त्तमान-समये सिद्धस्ततोऽन्यः कियता कालेन सेत्स्यतीति सिद्धिगमनशून्यः कालोऽंतरमन्तरालमित्यर्थः, अनन्तरमन्तरव्यवच्छेदोऽनुसंततमित्यर्थः, तत्र नैरन्तर्येण जघन्यतः सिद्ध्यति द्वौ समयौ उत्कृष्टानष्टौ समयानिति, ततः परं व्यवच्छेदः, अन्तरं तु जघन्येनैकः समयः उत्कृष्टेन षण्मासाः सिध्यतः, सिद्ध्यतां व्यवच्छेदः कदाचिदेकस्मिन् समये द्वयोस्त्रिषु चेत्यादि यावत् षण्मासा इति ।

सङ्ख्येति एकस्मिन् समये कति सिध्यन्ति ?, जघन्यत एकः सिध्यति उत्कृष्टेनाष्टोत्तरशतमिति ।

अल्पबहुत्वमेषामित्यादि क्षेत्रादीनां सङ्ख्यान्तानामेकादशानामल्पबहुत्वं चिन्त्यते, जन्मतः संहरणतश्चेति, जन्मतः पञ्चदशसु कर्म्मभूमिषु, अकर्म्म-भूमयस्त्रिंशत् हैमवताद्याः, तत्र संहरणं कर्म्मभूमिष्वकर्म्मभूमिषु वा, तत्र सर्वस्तोकाः संहरणसिद्धाः, अत एवासङ्ख्येयगुणा जन्मतः सिद्धाः,

संहरणं द्विविधमित्यादि गतार्थं, समभूतलाद्भूभागान्नवयोजनशतान्यारुह्य तत उपर्यूर्ध्वलोकः, अधोलोकोऽपि नवयोजनशतान्यवगाह्य परतः, अष्टादशयोजनशतपरिमाणो मध्ये तिर्यग्लोकः, भाष्यशेषं पठितसिद्धं,

एवं क्षेत्रगतमल्पबहुत्वमभिधाय कालकृतमल्पबहुत्वं भण्यते-

काल इति त्रिविधो विभागो भवतीत्यादि सुज्ञानमेव भाष्यं,

गतावल्पबहुत्वं चिन्त्यते-तिर्यग्योन्यनन्तरगतिसिद्धा इति, तिर्यग्योने-रुद्वृत्य मनुष्यगतौ सिद्धस्तथा मनुष्यगतेरेवोद्वृत्य मनुष्येषूत्पद्य सिद्धाः, एवं शेषेष्वपि वाच्यं,

लिङ्गमिति स्त्र्यादिकं, नपुंसकसिद्धाः स्तोकाः, स्त्रीसिद्धाः सङ्ख्येय-गुणाः, पुंसिद्धाः सङ्ख्येयगुणा इति ।

तीर्थमित्यत्र अल्पबहुत्वचिन्ता, तीर्थकरतीर्थे नोतीर्थकरसिद्धा अतीर्थ-कराः सन्तः सिद्धास्तीर्थकरसिद्धेभ्यः सङ्ख्येयगुणाः, ते नपुंसकादयोऽपि सर्वे सङ्ख्येयगुणाः तीर्थकरसिद्धेभ्यः,

एवं चारित्रमित्यत्रापि तावेव द्वौ नयौ, चतुश्चारित्रसिद्धेषु द्वौ विकल्पौ त्रिचारित्रसिद्धेष्वपि द्वावेव, सर्वत्र सङ्ख्येयगुणत्वं,

प्रत्येकबुद्धबोधित इत्यत्र सर्वस्तोकाः प्रत्येकबुद्धसिद्धाः, सर्वत्र सङ्ख्येयगुणत्वं । ज्ञानमित्यत्रापि सर्वत्र सङ्ख्येयगुणत्वम् ।

अवगाहनेत्यत्र उत्कृष्टावगाहनासिद्धाः असङ्ख्येयगुणाः, द्वावसङ्ख्ये-यगुणौ द्वौ विशेषाधिकाविति ।

अन्तरमित्यत्राष्टासु समयेषु नैरन्तर्येण सिद्धाः अष्टसमयसिद्धाश्च तेऽनन्तरसिद्धाश्चेति समासः, एवं सप्त, सर्वेऽपि सङ्ख्येयगुणाः,

सान्तरेष्वपीत्यादि, एकसमयान्तरसिद्धाः सङ्ख्येयगुणाः, यवमध्यं प्रायस्तपोऽनुष्ठानं तस्मिन् यवमध्यान्तरे च सङ्ख्येयगुणाः, अधस्ताद्यवमध्यान्तरे असङ्ख्येयगुणाः ।

सङ्ख्येत्यत्र अष्टोत्तरसिद्धाः सर्वस्तोकाः, विपरीतक्रमादिति अष्टोत्तर-शतात् सप्तोत्तरशतसिद्धा अनन्तगुणाः, एवं विपरीतहान्या यावत् पञ्चाशदित्यनन्तगुणाः, विपरीतहानिर्यथेत्यादिना दर्शयति, सर्वस्तोका अनन्तगुणहानिसिद्धाः, असङ्ख्येयगुणहानिसिद्धा अनन्तगुणाः, सङ्-ख्येयगुणहानिसिद्धाः सङ्ख्येयगुणा इति ।

एवमित्यादिना मन्दबुद्ध्यनुग्रहार्थं सकलमेव तत्त्वार्थशास्त्रार्थं समासतः कथयति-विशुद्धं सम्यग्दर्शनमवाप्येत्येतस्य विशेषणानि निसर्गाधि-गमादीनि, ज्ञानं च विशुद्धमधिगम्य सम्यग्दर्शनोपलम्भात्, मिथ्यादर्शना-रोपितमज्ञानमेव नियमतो मिथ्यादृष्टेः, सम्यक्त्वलाभात्तु विशुद्धं ज्ञानं, निक्षेपो नामादिः, प्रमाणे प्रत्यक्षपरोक्षे, नया नैगमादयः, तथा निर्देश-स्वामित्वादिभिः सत्सङ्ख्याक्षेत्रादिभिश्च जीवादीनां तत्त्वानां पारिणामिकादयो ये भावास्तेषां स्वरूपं विदित्वा धर्म्माधर्म्मादी-नामनाद्यनन्तानां च पारिणामिकादीनां घनशरीरादीनामुत्पत्तिस्थिति-विनाशवतामनुग्रहः-उपकारस्तत्कृतः प्रलयः-उपघात इत्येवमवगम्य तत्त्वज्ञो विरक्तः सांसारिकेभ्यो भावेभ्यः विगततृष्णो गुप्त्याद्यनुष्ठानात् फलदर्शनादिति निर्वाणमेव फलं तत्प्राप्तौ यतनया प्रयत्नात् अभिवर्द्धित-श्रद्धासंवेगः पञ्चानां व्रतानां भावना ईर्यासमित्यादयस्ताभिर्भावितात्मा अनित्याद्यनुप्रेक्षाभिः स्थिरीकृतात्माऽनभिष्वङ्गो न क्वचिदाबद्धस्नेहः संवृतत्वादिभिः व्यपगताभिनवकर्म्मोपचयः, कर्म्मणां चानुभावतः सम्यग्दृष्ट्यादिगुणस्थानानां केवलिपर्यन्तानामसङ्ख्येयगुणोत्कर्षप्राप्त्या पूर्वोपचितकर्म्मनिर्जरणात् सामायिकाद्युपलम्भात् पुलाकादिस्थानावाप्ते-र्व्यपेतार्त्तरौद्रध्यानो धर्म्मध्यानविजयाभ्यासादवाप्ताद्यशुक्लध्यानद्वयस्य नानाविधा लब्धय उत्पद्यन्ते,

स्वहस्तपादाद्यवयवपरामर्षमात्रेणैव सर्वरोगापनयनमामर्शौषधित्वं तदीयमूत्रपुरीषावयवसम्पर्काच्छरीरनैरुज्यं विप्रुडौषधित्वं, तथा सर्व एव

तदीयावयवा दुःखार्त्तानामौषधीभवन्तीति सर्वौषधित्वं, अभिव्याहार-सिद्धिर्वाङ्मात्रेणैव शापदानसामर्थ्यं अनुग्रहकरणसामर्थ्यं वा, ईशित्वं सर्वभूतेश्वरत्वं, वशित्वं सर्वभूतानि वशवर्तीनि, तथाऽवधिज्ञानमनेकरूपं वैक्रियशरीरकरणं तदेव च दर्शयत्यणिमादिविशिष्टं, जङ्घाचारणत्व-मग्निशिखाधूमाद्यपि निःश्रित्य व्योमनि गच्छेत्, मर्कटतन्तुः कोलिक-कोशकृततन्तुः, अपरं वियद्गतिचारणत्वं निर्निश्र एव विश्रब्धं । भूमाविव व्योमनि गच्छेत्, यथा च शकुनिर्वियति प्रडीनमुपरिष्ठात् गमनं अवडीनं अधस्ताद्गमनं करोत्येवमसावपि कुर्यात्, गच्छन् पर्वत-भित्त्यादिभिरपि न प्रतिहन्यत इति अप्रतिघातित्वं अन्तर्द्धानं-अदृश्यत्वं युगपदनेकरूपित्वं कामरूपित्वं, तेजोलेश्यामोक्षणसामर्थ्यमादिग्रहणा-च्छीतलेश्यानिसर्गशक्तिः मतिज्ञानविशुद्धिप्रकर्षाद्विषयाणां रूपादीनां देशप्रमाणनियमोल्लङ्घनेनापि ग्रहणं कुर्यात्, युगपदनेकविषयग्रहणं संभिन्नज्ञानत्वं, आदिग्रहणादिन्द्रियव्यत्यासेनापि विषयग्रहणसामर्थ्यं,

मानसं मनोव्यापारजातं कोष्ठबुद्धित्वं यत्किञ्चित् पदवाक्यादि गृहीतं तन्न कदाचिन्नश्यतीति कोष्ठप्रक्षिप्तधान्यवद्, बीजबुद्धित्वं अल्पमपि प्रदर्शितं वस्तु अनेकेन प्रकारेण गमयति, तद्यथा-पदेन प्रदर्शितेन प्रकरणेन उद्देशकादिना वा सर्वमर्थं ग्रन्थं चानुधावति, परचित्तं जानाति, अभिलषितमर्थं प्राप्नोत्येव अनिष्टं च नैवाप्नोति, एवमादयोऽतिशयाः शुभानुभावादपरिमितास्तस्यामवस्थायां प्रादुःष्यन्तीति ।

वाचिकमपि अतिशयवत्त्वं तस्य क्षीराश्रवित्वं श्रृण्वतस्तदीयवचनं क्षीरमिव स्वदते, एवं मध्वाश्रवित्वं, विद्वत्संसन्मध्येष्वपराजितत्वं वादित्वं, सर्वेषां म्लेच्छमृगपशुपक्षिप्रभृतीनां रुतार्थज्ञानं, सर्वान् सत्त्वान् अबुद्धिकानपि विबोधयतीति सर्वसत्त्वावबोधनं, आदिग्रहणादिक्षु-रसाश्रवित्वादिग्रहणं, तथा विद्याः सर्वाः एव तस्य तदा स्वयमेवोपतिष्ठन्ते,

आशीविषत्वं कर्म्मजातिभेदादनेकप्रकारं, भिन्नाक्षराणि किञ्चिन्न्यूनाक्षराणि चतुर्दश पूर्वाणि सम्पूर्णानि वा अभिन्नाक्षराणि वा तद्धारणत्वं,

ततोऽस्येत्यादि । तेष्वतिशयेष्वनभिषक्तस्यानुपजातगार्द्धस्य मोह-क्षपकपरिणामावस्थस्येति अविरतसम्यग्दृष्ट्यादिस्थानवर्त्तिनो मोह-क्षपणाभिमुखस्य श्रेण्या निरवशेषमोहक्षये सति ज्ञानावरणादिप्रहाणे च संसारबीजबन्धनं मोहज्ञानावरणादि तेन निर्मुक्तः केवली भवति,

ततश्च फलबन्धनं वेदनीयादिचतुष्कं तन्मोक्षणापेक्षस्तेनापि वेदनीया-दिनाऽशेषफलबन्धनेन विमुक्तो ध्यानाग्निनिर्दग्धपूर्वोपात्तकर्म्मेन्धनो निरिन्धन इवाग्निः पूर्वोपात्तो भवः औदारिकादिकायस्तद्वियोगादुत्तरस्य च कायस्य हेत्वभावात् संसारे पुनरप्रादुर्भावाच्छान्तः परमाह्लादमुपगतः कारणापेक्षं संसारसुखमतीत्य आत्यन्तिकं साद्यपर्यवसानं एकान्तिकं एकान्तेनैव भवति, न कदाचिन्न भवतीत्यर्थः, निरुपममिति नास्तीह किञ्चित्तस्योपमानं तत्सदृशमिति, निरतिशयमिति नास्यातिशयः प्रकर्षापकर्षलक्षणो विद्यते, सर्वमुक्तानां तुल्यत्वात्, नित्यमिति ध्रुवं कूटस्थमविकारी निवार्णसुखमवाप्नोतीति ।

सत्कारार्हः सततं, निरुत्सुको निर्भयो [१]विशुद्धमदः(यः)
निष्प्रणयो निर्द्वेषो, निर्द्वन्द्वो नीरजा वितनुः ॥१॥
संसाराग्नि निर्वाप्य दहन्तं परमसौख्यसलिलेन ।
निर्वाति स्वात्मस्थो, गतजातिजरामरणरोगः ॥२॥
व्याबाधाभावाच्च स, सर्वज्ञत्वाच्च भवति परमसुखी ।
व्याबाधाभावो नु, स्वस्थस्य ज्ञस्य ननु प्रसुखं ॥३॥
अनुपमममेयमव्ययमनघं शिवमजरमरुजमभयतृषम् ।
एकान्तिकमात्यन्तिकमव्याबाधं सुखं ह्येतत् ॥४॥

---

१. विरुग् विगदः इति पाठान्तरम् ।

त्रिष्वपि कालेषु सुखानि यानि तिर्यङ्मनुष्यदेवानाम् ।
सर्वाणि तानि न समानि तस्य मात्रा सुखेनापि ॥५॥
तानि हि रागोद्रेकाद्व्याबाधापूर्वकाणि च सुखानि ।
न ह्यस्ति रागमपविध्य तत्र किञ्चित् सुखमपृक्तं ॥६॥
एवं क्षायिकसम्यक्त्ववीर्यसिद्धत्वदर्शनज्ञानैः ।
आत्यन्तिकैः स युक्तो, निर्द्वन्द्वेनापि च सुखेन ॥७॥

सम्प्रत्येनमेव शास्त्रार्थं श्लोकैरुपसंहरति, द्विर्बद्धं सुबद्धं भवतीति ।

एवमित्यादि ॥१॥ उक्तनीत्या यानि जीवादीनि तत्त्वानि तत्परिज्ञानाद् विरक्तस्य विषयसुखवितृष्णस्य भृशमात्मनः स्थगिताश्रवद्वारत्वाद् विच्छिन्नायामभिनवकर्म्मसन्ततौ कर्म्मसन्ताने ।

पूर्वेत्यादि ॥२॥ प्राक्तनं कर्म्म क्षपयतः तपोऽनुष्ठानादिभिः क्षयहेतुभिः संसारतरोर्बीजं समस्तमेव मोहनीयं प्रहीयते क्षपकश्रेण्यां ।

तत इत्यादिना ॥३॥ अन्तराये ज्ञानदर्शनावरणयोश्च क्षीणयोर्युगपत् अशेषतः ।

गर्भसूच्यामित्यादि ॥४॥ मस्तकसूच्यां ध्वस्तायां सर्वात्मना विनाशमुपैति सकलस्तालतरुः, एवं मोहनीये क्षीणे शेषं कर्म्म क्षयमेति सर्वं ।

तत इत्यादि ॥५॥ क्षपितसकलघातिकर्म्मा यथाख्यातसंयममनुप्राप्तः बीजबन्धनेन मोहनीयादिना विमुक्तः, स्नातकोऽन्तर्मलापगमात् परमेश्वरः केवलर्द्धिप्राप्तः ।

शेष इत्यादि ॥६॥ वेदनीयादिकर्म्मफलापेक्षः शुद्धो मोहादिमलापगमाद् बुद्धः केवलज्ञानावाप्तेः निरामयो निर्गताशेषरोगनिदानः केवली भवति ।

कृत्स्नेत्यादि ॥७॥ सकलकर्म्मनिर्मुक्तः ऊर्ध्वमेव निर्वाणमधिगच्छति, निर्वृत्तस्य स्थानमप्युपचारान्निर्वाणं, अथवा निर्वाणं निर्वृत्तत्वं सिद्धत्वं प्रक्षिप्तप्रदग्धेन्धनो वह्निरिव निर्दग्धकाष्ठाद्युपादानसन्तानः ।

दग्ध इत्यादि ॥८॥ बीजेऽत्यन्तं भस्मसात्कृते नाङ्कुरस्य प्रादुर्भावः, एवं कर्म्मबीजे ध्वस्ते संसाराङ्कुरस्याप्रादुर्भावः ।

तदनन्तरेत्यादि ॥९॥ सकलकर्म्मक्षयसमनन्तरमालोकान्तादूर्ध्वं स गच्छति,

कथं मुक्तस्य गतिरित्याशङ्कायामिदमाह-पूर्वप्रयोगादसङ्गत्वात् बन्धच्छेदात् ऊर्ध्वगौरवाच्च गतिरस्य सिद्धा भवति। पूर्वप्रयोगस्योदाहरणानि दर्शयति-

कुलालेत्यादि ॥१०॥ पूर्वप्रयोगात् कर्म क्रिया यथा कुलालचक्रादिषु तथा सिद्धिगतिः स्मृता ।

मृल्लेपेत्यादि ॥११॥ अलाबुनोऽप्सून्मज्जनं दृष्टं मृल्लेपसङ्गनिर्मोक्षात्, एवं कर्म्माष्टकसङ्गत्यागात् सिद्धिगतिः सिद्धा ।

'एरण्डे'त्यादि ॥१२॥ व्याघ्रपादबीजबन्धनच्छेदाद्यन्त्रबन्धनच्छेदात् पेडाबन्धनच्छेदाच्च गतिर्दृष्टा मिञ्जाफालपेटापुटानां एवं कर्म्मबन्धनविच्छेदात् सिद्धस्य गतिः ।

'ऊर्ध्व'इत्यादि ॥१३॥ ऊर्ध्वगमनपरिणतिः एव गौरवं धर्म्मः-स्वभावो जीवानां, पुद्गलास्त्वधोगमनधर्माण इति सर्वज्ञवचनं ।

यथेत्यादि ॥१४॥ यथाक्रममधोगमनादि लोष्ठादीनां वीतयो-गतयः स्वभावादेव जायते, तथोर्ध्वगतिरात्मनां ।

अतस्त्वित्यादि ॥१५॥ अस्मादुक्तात् प्रकारात् यथा गतिवैकृत्यं यद्भवति गतेर्विकाररूपं तत् कर्म्मणः-क्रियायाः प्रतिघाताद्गिरिभित्त्यादिषु प्रयोगाच्च पुरुषेच्छानुविधानात् तदिष्यते सर्वं ।

अध इत्यादि ॥१६॥ सर्वतो गतिर्जीवानामधः तिर्यगूर्ध्वं च कर्मजा गतिः, क्षीणकर्म्मणां ऊर्ध्वमेव गतिः तद्धर्मा सा स्वाभाविकी गतिर्धर्मो येषामिति ।

द्रव्यस्येत्यादि ॥१७॥ द्रव्यस्य परमाण्वादेः कर्म्मणः-क्रियाया यथा उत्पत्तिरारम्भो गतिश्च समं-युगपत् तथा सिद्धस्य गतिमोक्षभवक्षया गतिः मुक्तिः मोक्षः भवक्षयः स्वात्मन्यवस्थानं जन्मक्षयः संसारक्षयो वेति ।

उत्पत्तिरित्यादि ॥१८॥ प्रकाशतमसोर्यथा युगपदुत्पत्तिविनाशौ यस्मिन् काले प्रकाश उत्पद्यते तस्मिन्नेव काले तमसो विनाश इति युगपद्, एवं निर्वाणं कर्म्मक्षयश्चेत्येक एव कालः । तथाऽन्यत्राप्युक्तं

"सत्यं बन्धनमोक्षादूर्ध्वं जीवः प्रवेगतो याति ।
नन्वेरण्डकबीजं, बन्धनमुक्तं व्रजत्यूर्ध्वं ॥१॥
सङ्गत्यागाद्वा लघुरात्मा भूत्वा स उत्पतत्यूर्ध्वं ।
ननु गतलेपाऽलाबूरुद्याति जले निमग्नापि ॥२॥
ध्यानेन तथा चात्मा, प्रयोजितो येन स व्रजत्यूर्ध्वं ।
तिष्ठासुरपि न शक्तः, प्रवेगितो ननु नरः स्थातुं ॥३॥
अपि चाग्नेरिव गमनं, स्वाभाविकमूर्ध्वमात्मनस्तस्य ।
आत्माग्निशिखाया गतिरन्या कर्म्मानिलवशाद्धि ॥४॥
स्ववशस्यानभिसन्धेश्च तस्य न च विग्रहा गतिर्भवति ।
भवति हि विग्रहगमनं, कर्म्मवशस्यार्थिनश्चेह ॥५॥
अपि चानुश्रेणिगतिर्जीवानां चैव पुद्गलानां च ।
स्वाभाविकीष्यते येन तेन साऽविग्रहा सिद्धा ॥६॥
सिद्धस्य गतिरयुक्ता, स्ववशत्वान्निष्प्रयोजनत्वाच्च ।
नासिद्धता च युक्ता, कर्म्मविमुक्तस्य निःपततः ॥७॥
बन्धविमोक्षात् सङ्गत्यागात् पूर्वप्रयोगतो वापि ।
ननु गच्छतोऽन्यवशता न च मुक्तोऽभीष्यते विवशः ॥८॥
इत्येवं विप्रलापोऽस्पृष्टगतौ नान्तराऽस्ति यत् कालः ।
सत्यां हि सोत्तरावस्थायां स्यात् सिद्ध इतरो वा ॥९॥

सोऽस्पृष्टया हि गत्याऽनन्तरमेव समये जगच्छिखरं ।
अवगाहतेतरां तेन नास्ति ननु भो व्रजत्कालः ॥१०॥

सिद्ध्यति गत्वा ह्यात्मा, सिद्धिक्षेत्रे प्रहाय देहमिह ।
न ह्यन्तराऽस्ति सिद्धिर्नासिद्धिश्चास्ति मुक्तस्य ॥११॥

स्ववशस्यानभिसन्धेः, कृतकृत्यस्य च यथा स्वभावेन ।
तस्योपयोग इष्टः तथा गतिः सा स्वभावेन ॥१२॥–

अथ यस्याः पृथिव्या उपरि मुक्तानामवस्थानं सा किंस्वरूपेत्याह–

तन्वीत्यादि ॥१९॥ मध्ये योजनाष्टकबहला प्रदेशपरिहान्या चोपर्युपरि मक्षिकापत्रात् तनुतरा पर्यन्तेऽतितन्वी मनोज्ञेति अत्यन्तरुचिरा सुरभिरिष्ट-गन्धा पुण्यवद्भिः पृथिवीकायिकैर्निर्वर्त्तिता पुण्या भृशं भासनशीला प्राग्भारेति नाम तस्याः, सा च लोकमूर्ध्नि व्यवस्थिता ।

नृलोकेत्यादि ॥२०॥ नृलोकेऽर्धतृतीया द्वीपा मानुषोत्तरमहीधरपरिक्षिप्ताः तत्तुल्यविष्कम्भा, पञ्चचत्वारिंशद्योजनलक्षविस्तरेत्यर्थः, उत्तानीकृतसित-च्छत्रकाकृतिः शुभरूपाद्यात्मिका शुभा तस्याः क्षितेरुपरि लोकान्तस्पृशां सिद्धानामवस्थानं ।

'तादात्म्ये'त्यादि ॥२१॥ स आत्मा–स्वभावो येषां ते तदात्मानस्तद्भाव-स्तादात्म्यं तस्मात्–केवलज्ञानदर्शनस्वभावाद् आत्मनैवोपयुक्ताः क्षायिकसम्यक्त्वसिद्धत्वावस्थाः, हेत्वभावाच्च निष्क्रियाः, क्रियापरिणामं प्रति न किञ्चित्तेषामस्ति निमित्तमिति ।

ततोऽप्यूर्ध्वमित्यादि ॥२२॥ लोकान्तात् परतोऽपि गतिस्तेषां कस्मान्न भवतीति चेत् गतेर्हेतुर्धर्मास्तिकायः परः प्रधानमपेक्षाकारणं, तदभावान्न परतो गतिः ।

संसारेत्यादि ॥२३॥ संसारविषयमतीतं मुक्तानां सुखमव्ययत्वाद्विगत-व्याबाधं च परमं–प्रकृष्टं परमर्षिभिस्तीर्थकरादिभिरभिहितं ।

स्यादेतदित्यादि ॥२४॥ नष्टाष्टकर्म्मणो विगतयोगत्रयस्य कथमकरणस्य सुखसम्भव इत्यत्र मे श्रृणु ।

लोके इत्यादि ॥२५॥ प्रतीतिं दर्शयति, सुखो विषयः शब्दादिः तथा दुःखवेदनायाश्चाभावे कर्म्मविपाके च सद्वेदनीयादिके तथा सकलकर्म्मक्षयलक्षणे च मोक्षे ।

सुखो वह्निरित्यादि ॥२६॥ उदाहरणानि यथाक्रमं दर्शयति ।

पुण्यकर्म्मेत्यादि ॥२७॥ गतार्थावेव श्लोकौ ।

सुखप्रसुप्तवतित्यादि ॥२८॥ शोभनेन स्वापेन सुखनिद्रया सुप्तवदिच्छन्ति निर्वृतिं, तदेतदयुक्तं, योगवत्त्वात् क्रियावत्त्वात् तथा सुखानुशयाच्च, अनुशयप्रकर्षापकर्षत्वं ।

श्रमेत्यादि ॥२९॥ श्रमः खेदः क्लमो ग्लानिः मदो मद्यपानादिजनितः व्याधिः ज्वरादिः मदनः कामासेवनमेभ्यश्च सुस्वापसुप्तत्वस्य सम्भवात् रत्यरतिभयशोकादिर्मोहस्तस्मात् सुसुप्तत्वसम्भवः दर्शनघ्नं दर्शनावरणं कर्म्म तस्य विपाकादुदयात् सुखसुप्तत्वमिति, न चैतानि कारणानि मुक्तात्मनां सम्भवन्ति ।

लोक इत्यादि ॥३०॥ मोक्षसुखसदृशोऽर्थः सकलेऽपि लोके न क्वचिदस्ति ततोऽनुपमं तत् ।

लिङ्गेत्यादि ॥३१॥ नाप्युपमानं तत्र क्रमते, सादृश्याभावात्, सादृश्याख्यं लिङ्गं नास्ति मोक्षसुखस्य, नाप्यनुमानस्य मुक्तसुखं गोचरीभवति, यस्मात्तस्य प्रामाण्यं लिङ्गप्रसिद्धेः कारणात्, पक्षधर्मान्वय-व्यतिरेकवल्लिङ्गं, न चास्ति तादृग् मोक्षसुखप्रतिपत्तावित्यतो नाप्यनुमेयं ।

प्रत्यक्षमित्यादि ॥३२॥ अर्हतां सर्वज्ञानामेव तत् प्रत्यक्षं, प्रत्यक्षीकृत्य च तैर्यथावद्भाषितं, व्यपेतरागद्वेषमोहैः श्रद्धेयवाक्यैः सर्वज्ञैरेवैतदाख्यातं, अतः सर्वज्ञप्रणीतागमप्रामाण्यात्तदस्तीति गृह्यते, प्रज्ञासामर्थ्यान्न छद्मस्थ-

परीक्षया आगमव्यतिरिक्तैः प्रमाणैः छद्मस्थप्रत्यक्षादिभिः परीक्ष्यमाणं न जातुचिदुपलभ्यत इति ।

एवमनुपममव्याबाधं शाश्वतं स्वाभाविकं मुक्तिसुखमनुभवति क्षपितसकलकर्म्मजालः ।

यः पुनरधुना दुःखबहुलं संसारमवेक्ष्य तन्निःसरणकृतप्रयत्नः सम्यग्दर्शनज्ञानचरणसम्पन्नो भिक्षुर्मोक्षाय घटमानो मोक्षार्थं कृतोत्साहो दुष्षमाकालदोषात् परिपेलवकीलिकासेवार्तसंहननदोषादनेकापायाल्पायु-र्दोषाच्चाल्पशक्तिरतीवस्तोकवीर्यः कर्म्मणां च मोहनीयादीनामति-गुरुत्वादिति तीव्रानुभावात् अकृतार्थ एव अक्षपितकर्माष्टक एवोपरमते कालं करोति, स खलु उपचितशुभराशिः सौधर्मादीनां द्वादशानां कल्पानां विमानानां च सर्वार्थसिद्धान्तानामन्यतमस्मिन् कल्पे विमाने देवतयोपपद्यते,

तत्र सौधर्मादिषु कल्पेषु विमानेषु वा सुकृतं कर्म्म पुण्यं तस्य फलं विपाकमनुभूयायुषः स्थितिक्षयात् प्रच्युतो मगधादावार्यदेशे क्षत्रिया-दिमनुष्यजाताविक्ष्वाकुकुलादिषु शीलवत्सु सच्चेष्टेषु विद्या मुक्त्यनुगुणं ज्ञानं विनयोऽभ्युत्थानादिः विभवो धनधान्यद्रविणसंपत् विषयाः शब्दादयः सर्वेषामेवैषां विस्तरः प्राचुर्यं विस्तर एव विभूतिः तद्युक्तेषु मनुष्येषु प्रत्यायातिमवाप्य जन्म समधिगम्य पुनः सम्यग्दर्शनादिविशुद्धं बोधिमवाप्नोतीति, ज्ञानचरणे बोधिशब्दवाच्ये ते समवाप्नोतीत्यर्थः । अनेनोक्तलक्षणेन कुशलाभ्यासानुबन्धक्रमेण सुखपरम्परायुक्तेन परं प्रकर्षतस्त्रिर्जनित्वा मनुष्यो देवः पुनर्मनुष्य इत्येवं त्रीणि जन्मानि समवाप्य सम्यक्त्वज्ञानलाभादाहितसंवरस्तपसा क्षपितसमस्तकर्म्मराशिः सिद्ध्यति सिद्धिक्षेत्रे इति ।

उक्तं च-

एवं संवरवर्मा पिनह्य सम्यक्त्ववाहमधिरूढः ।
सज्ज्ञानमहाचापो ध्यानादितपःशितपृषत्कैः ॥१॥

संयमरणाजिरस्थं क्लेशचमूं संविधूय भव्यात्मा ।
कर्म्मनृपं परिहत्यापवर्गराज्यश्रियं लभते ॥२॥

एवं कर्मोदयजैर्भावैः कर्मक्षयोपशमजैश्च ।
संसारमुवाचार्हन् सिद्धिं कर्मक्षयादेव ॥३॥

ज्ञानं सुमार्गदीपं सत्सम्यक्त्वं तदविप्रणाशाय ।
चारित्रमाश्रवघ्नं क्षपयति कर्म्माणि तु तपोऽग्निः ॥४॥

एतेन भवति सिद्धिः सिद्ध्यङ्गचतुष्टयेन जिनवचने ।
न तु संवररहितस्य च सा स्यात् ज्ञानमात्रेण ॥५॥

इत्येकान्तसमैकद्वीपं विविधं झषमेकपातालं ।
अष्टग्राहं द्विरयं चतुरावर्तं चतुष्कूलं ॥६॥

त्रिमहावर्तं त्र्युदयं षड्वेगं चतुरशीतिनियतोर्म्मि ।
संसारार्णवमात्मा नावा चतुरङ्ग्योत्तरति ॥७॥१०-७॥

सूरियशोभद्रस्य(हि) शिष्येण समुद्धृता स्वबोधार्थम् । तत्त्वार्थस्य हि टीका जडकायार्जना धृता यात्यां नृद्धृता (व्यर्जुनोद्धृताऽन्त्यार्धा) ॥१॥ हरिभद्राचार्येणारब्धा विवृताऽर्धषडध्यायांश्च । पूज्यैः पुनरुद्धृतेयं तत्त्वार्थार्द्धस्य टीकान्त्ये ॥२॥ ति, एतदुक्तं भवति-हरिभद्राचार्येणार्द्धषण्णामध्यायानामाद्यानां टीका कृता, भगवता तु गन्धहस्तिना सिद्धसेनेन नव्या कृता तत्त्वार्थटीका, नव्यैर्वादस्थानैर्व्याकुला, तस्या एव शेषमुद्धृतञ्चाचार्येण, (शेषं मया) स्वबोधार्थं, साऽत्यन्तगुर्वी च, डुपडुपिका निष्पन्नेत्यलं प्रसङ्गेन, प्रस्तुतं प्रारभ्यते,

सम्प्रति वाचको निजाचार्यान्वयं द्विप्रकारमप्यावेदयते, तत्रायं प्रव्राजकान्वयः-शिवश्रीर्नामवाचकः पितामहः सङ्ग्रहकारस्य, तस्य शिष्यो घोषनन्दिक्षमणस्तस्यायं सङ्ग्रहकारः शिष्यः,

सम्प्रति वाचनाचार्यान्वयो-मुंडपादो नाम महावाचकः क्षमणः सोऽस्य पितामहः सङ्ग्रहकारस्य, तस्य शिष्यो मूलनामा वाचकः, तस्यायं सङ्ग्रहकारकः शिष्यः । सम्प्रत्यात्मीयजन्मान्वयस्थानमाचष्टे-न्यग्रोधिका नाम ग्रामस्तत्र जातेन पाटलिपुत्रे कुसुमपुरनाम्नि विहरता कौभीषणिनेति गोत्राह्वानं स्वातितनयेनेति पितुराख्यानं, वात्सीसुतेनेति गोत्रेण नाम्ना उमेति मातुराख्यानं, सम्प्रदायाविच्छेदनाय तमर्हद्वचनं सम्यगवधार्य शारीरैः मानसैश्च दुःखैरार्त्तं दुरागमैरैहिकसुखोपदेशप्राय-स्त्रयीप्रभृतिभिः प्रमाणविघट्टनायामक्षमैर्विहतमतिमुपहतविज्ञानमवलोक्य लोकमुच्चैर्नागरवाचकेनेति स्वशाखासूचकं तत्त्वार्थाधिगमाख्यं शास्त्रं भव्यसत्त्वानुकम्पया विरचितं स्फुटार्थं उमास्वातिनेति ।

तदेतच्छास्त्रं जीवादितत्त्वार्थाधिगमार्थं योऽवभोत्स्यते सूत्रतोऽर्थतश्चानु-ष्ठास्यति तत्रोक्तं सोऽव्याबाधसुखलक्षणमनन्तमनुपमं परमार्थं मोक्षमचिरेण प्राप्स्यतीति ।

॥ इति श्रीतत्त्वार्थटीकायां दशमोऽध्याय संपूर्णः ॥

इत्याचार्यहरिभद्रप्रारब्धायां यशोभद्रसूरिशिष्यनिर्वाहितायां
तत्त्वार्थटीकायां दशमोऽध्यायः समाप्तः

॥ समाप्ता लध्वी तत्त्वार्थटीका ॥

**ટીકાર્થ–** ક્ષેત્રથી માંડી અલ્પબહુત્વ સુધીના શબ્દોનો દ્વન્દ્વ સમાસ છે. ક્ષેત્ર વગેરે બારેય દ્વારો છે, તે દરેક દ્વારોને ભાષ્યદ્વારા બતાવે છે.

(૧) **ક્ષેત્ર–** તેમાં ક્ષેત્ર એટલે આકાશ. જીવ અને પુદ્ગલોને નિવાસ(=સ્થિતિ)-ગતિ એવી વિશેષતાને કારણે આકાશ એટલે લોકાકાશનું ગ્રહણ કરવું. લોકાકાશના પણ આકાશના એક દેશનું ગ્રહણ કરવું. અઢી દ્વીપો, બે સમુદ્રો અને ઈષત્ પ્રાગ્ભાર ભૂમિથી ઉપલક્ષિત આકાશપ્રદેશ એટલું ક્ષેત્ર છે.

(૨) **કાળ–** કાળ અનાદિ અનંત છે. તેનો પણ ઉત્સર્પિણી, અવસર્પિણી, નોઉત્સર્પિણી-નોઅવસર્પિણી કાળ ગ્રહણ કરવો.

(૩) **ગતિ–** નારકાદિ ભેદથી ચાર પ્રકારની ગતિ છે.

(૪) **લિંગ–** પુલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ એમ ત્રણ લિંગ છે અથવા દ્રવ્યલિંગ, ભાવલિંગ અને અલિંગ એમ ત્રણ ભેદો છે.

(૫) **તીર્થ–** ભાષ્યમાં તીર્થંકરપણું પ્રાપ્ત કરીને સિદ્ધ થયેલ ઈત્યાદિ વિકલ્પ છે.

(૬) **ચારિત્ર–** મૂલગુણ-ઉત્તરગુણ એવા ભેદવાળું સામાયિક વગેરે ચારિત્ર છે.

(૭) **પ્રત્યેકબુદ્ધબોધિત–** આ દ્વાર સ્વયંબુદ્ધસિદ્ધ આદિ ભેદવાળું છે.

(૮) **જ્ઞાન–** જ્ઞાન મતિ-શ્રુત વગેરે ભેદવાળું છે.

(૯) **અવગાહના–** અહીં શરીરનું પરિમાણ ગ્રહણ કરવું.

(૧૦)**અંતર–** અંતર એક સમયથી પ્રારંભી છ માસ સુધીનું હોય છે.

(૧૧)**સંખ્યા–** આ દ્વારમાં ૧ સમયમાં કેટલા સિદ્ધ થાય છે ઈત્યાદિ ભાષ્યમાં જણાવ્યું છે.

(૧૨)**અલ્પબહુત્વ–** ક્ષેત્રસિદ્ધ આદિમાં સિદ્ધોનું પરસ્પર અલ્પબહુત્વ વિચારાય છે.

આ બાર દ્વારો સિદ્ધને સિદ્ધત્વના લાભ થવામાં કારણો છે.

આને જ સ્પષ્ટ કરે છે. "एभिः" ઈત્યાદિ ભાષ્ય છે. तत्र એટલે સિદ્ધોનું વ્યાખ્યાન કરવામાં પૂર્વભાવપ્રજ્ઞાપનીય અને પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીય એમ બે નયો છે. પૂર્વભાવપ્રજ્ઞાપનીયનય પૂર્વની=અતીતભાવની પ્રજ્ઞાપના(=નિરૂપણ) કરે છે અને પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયનય વર્તમાન-કાળની પ્રજ્ઞાપના(=નિરૂપણ) કરે છે. આ બે નયો પ્રસિદ્ધ નૈગમ આદિ નયોથી જુદા નથી. કારણ કે એ નૈગમ આદિ નયોના વચનયુક્તિભેદથી આ બે નયોનું ગ્રહણ કર્યું છે. તેમાં નૈગમ-સંગ્રહ અને વ્યવહારનયો સર્વકાળને ગ્રહણ કરતા હોવાથી પૂર્વભાવપ્રજ્ઞાપનીય શબ્દથી વાચ્ય છે. ઋજુસૂત્ર-શબ્દ-સમભિરૂઢ અને એવંભૂત નયો વર્તમાનકાળનો અર્થ

ગ્રહણ કરનારા હોવાથી પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીય શબ્દથી વાચ્ય જાણવા. આ બે નયોથી ક્ષેત્રાદિની વ્યાખ્યા કરવી. तत् कृतः એટલે તે બે નયોથી કરાયેલો અનુયોગવિશેષ=વ્યાખ્યાનો પ્રકાર.

तद्यथा ઇત્યાદિથી ક્ષેત્રનું નિરૂપણ કરે છે-

**(૧) ક્ષેત્ર–** કયા ક્ષેત્રમાં સિદ્ધ થાય છે.તેમાં પ્રત્યુત્પન્નભાવ-પ્રજ્ઞાપનીયને આશ્રયીને સિદ્ધક્ષેત્રમાં સિદ્ધિ થાય છે=સિદ્ધજીવ સિદ્ધક્ષેત્રમાં પ્રતિષ્ઠિત થાય છે.

અહીં આગમપાઠ આ પ્રમાણે છે–

"અહીં શરીરને છોડીને સિદ્ધક્ષેત્રમાં જઈને સિદ્ધ થાય છે."

જેણે સ્થાનને પ્રાપ્ત કર્યું નથી તે સિદ્ધ થયેલો જ નથી. કારણ કે સ્થાનને પ્રાપ્ત કરવું એ કર્તવ્ય બાકી રહે છે (આથી કૃતકૃત્ય ન કહેવાય, સિદ્ધ કૃતકૃત્ય હોય છે.) પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયના અભિપ્રાયથી જન્મની અપેક્ષાએ (જીવ) જ્યાં ઉત્પન્ન થયો હોય ત્યાં સિદ્ધ થાય છે. પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ એમ પંદર કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલો સિદ્ધ થાય છે. સંહરણને આશ્રયીને મનુષ્યક્ષેત્રમાં સિદ્ધ થાય છે.

સંહરણ સ્વકૃત અને પરકૃત એમ બે પ્રકારે છે. તેમાં ચારણમુનિઓ કે વિદ્યાધરો પોતાની ઇચ્છાથી વિશિષ્ટ સ્થાનમાં આરાધના કરવા જાય છે ત્યાં ગયેલા કેવળજ્ઞાન પામી સિદ્ધ થાય તો તે સ્વકૃત સંહરણ છે. ચારણમુનિ, વિદ્યાધર કે દેવો શત્રુની બુદ્ધિથી કે અનુકંપાની બુદ્ધિથી ઉપાડીને અન્ય ક્ષેત્રમાં મૂકે તો તે પરકૃત સંહરણ છે. પરકૃત સંહરણ સર્વ સાધુઓને હોતું નથી. આ વિષયને વિભાગથી બતાવે છે- તેમાં પ્રમત્તસંયતો અને દેશવિરત મનુષ્યો સંહરણ કરાય છે. કોઈ કહે છે કે- અવિરત સમ્યગ્દષ્ટિનું પણ સંહરણ કરાય છે. નીચે કહેવાશે તેમનું ક્યારેય સંહરણ થતું નથી. સાધ્વી, વેદરહિત, જેમનું લક્ષણ પૂર્વે કહ્યું છે તે પરિહારવિશુદ્ધિસંયત, પુલાકસંયત, અપ્રમત્તસાધુ, ચૌદપૂર્વધર અને આહારક શરીરી એ સાતેયનું ક્યારેય પણ સંહરણ થતું નથી.

આગમમાં પણ કહ્યું છે- સાધ્વી, અવેદી, પરિહારવિશુદ્ધિસાધુ, પુલાકસાધુ, અપ્રમત્તસાધુ, ચૌદપૂર્વી અને આહારક શરીરીનું કોઈપણ સંહરણ કરતું નથી.

ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય એ નયો વર્તમાન ભાવનું નિરૂપણ કરનારા છે, અર્થાત્ વર્તમાન અર્થને ગ્રહણ કરનારા છે. બાકીના નૈગમ વગેરે નયો ભૂત અને વર્તમાન એમ ઉભયનું નિરૂપણ કરે છે. કેમકે એ નયો ત્રણેય કાળને સ્વીકારે છે.

(૨) **કાળ–** અહીં પણ કયા કાળે સિદ્ધ થાય છે એની વિચારણા કરવામાં તે જ બે નયો છે. તેમાં પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયને આશ્રયીને અકાળે=અવિદ્યમાન કાળમાં ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીથી ઉપલક્ષિત આકાશમાં સિદ્ધ થાય છે અને ત્યાં કાળ નથી. તેથી અકાળે સિદ્ધ થાય છે. પૂર્વભાવપ્રજ્ઞાપનીયનયને આશ્રયીને તો જન્મથી અને સંહરણથી એમ બે રીતે સિદ્ધ થાય છે. તેમાં જન્મથી અવસર્પિણી આદિ ત્રણેય (અર્થાત્ અવસર્પિણી, ઉત્સર્પિણી, નોઅવસર્પિણી-નોઉત્સર્પિણી એમ ત્રણેય) કાળમાં જન્મેલો સિદ્ધ થાય છે. આ પ્રમાણે સામાન્યથી કહ્યું છે. વિશેષથી તો અવસર્પિણીમાં સુષમ-દુષમરૂપ ત્રીજા કાળ-વિભાગમાં(=ત્રીજા આરામાં) સંખ્યાતા વર્ષો બાકી રહે ત્યારે જન્મેલો સિદ્ધ થાય છે. દુષમ-સુષમરૂપ ચોથા કાળવિભાગમાં(=ચોથા આરામાં) જન્મેલો બધાકાળે સિદ્ધ થાય છે. દુષમ-સુષમરૂપ ચોથા આરામાં જન્મેલો દુષમરૂપ પાંચમા કાળવિભાગમાં(=પાંચમાં આરામાં) સિદ્ધ થાય છે. પણ દુષમરૂપ પાંચમા આરામાં જન્મેલો ક્યારેય સિદ્ધ થતો નથી. "अन्यत्र" इति અતિદૂષમામાં=છઠ્ઠા આરામાં પણ જન્મેલો સિદ્ધ થતો જ નથી. સંહરણની વિવક્ષા કરવામાં આવે તો સંહરણથી અવસર્પિણી આદિ ત્રણેય કાળમાં સિદ્ધ થાય છે.

(૩) **ગતિ–** ગતિ દ્વારમાં પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયને આશ્રયીને સિદ્ધિગતિમાં સિદ્ધ થાય છે, બીજી ગતિમાં નહિ. બાકીના ત્રણ કાળના

વિષયવાળા નયો અનંતર પશ્ચાત્કૃતિક અને એકાંતર પશ્ચાત્કૃતિક એમ બે પ્રકારે છે. અનંતર એવી પશ્ચાત્કૃત ગતિ છે જેમની તે અનંતર પશ્ચાત્કૃતગતિક છે. તે નયોની અપેક્ષાએ મનુષ્યગતિમાં સિદ્ધ થાય છે. એકાંતર એવી પશ્ચાત્કૃતગતિઓ છે જેમની તે એકાંતર પશ્ચાત્કૃતગતિક છે. તેની અપેક્ષાએ પણ અવિશેષથી સર્વગતિઓમાંથી સિદ્ધ થાય છે. (એકાંતર પશ્ચાત્કૃતગતિક શબ્દનો અર્થ આ પ્રમાણે છે-) જેનાથી(=જે નયથી) એક મનુષ્યગતિવડે નરકાદિ ગતિઓ અંતરિત છે=પાછળ કરાયેલી છે તે એકાંતર પશ્ચાત્કૃતગતિક છે.

(૪) **લિંગ–** સ્ત્રી આદિ લિંગ છે. તેમાં પ્રત્યુત્પન્નભાવપ્રજ્ઞાપનીયને આશ્રયીને વેદરહિત બનેલો જીવ સિદ્ધ થાય છે. લિંગ અને વેદ એ બેનો એક જ અર્થ છે. પૂર્વભાવપ્રજ્ઞાપનીયના મતે તો અનંતર પશ્ચાત્કૃત-ગતિકને આશ્રયીને, અર્થાત્ અનંતર પશ્ચાત્કૃત લિંગને આશ્રયીને ત્રણે લિંગમાં સિદ્ધ થાય છે.

**પ્રશ્ન–** અહીં અનંતર પશ્ચાત્કૃતગતિકને બદલે અનંતર પશ્ચાત્કૃતલિંગ એવો શબ્દ કેમ ન લીધો ? અર્થાત્ લિંગ શબ્દનો ઉચ્ચાર કેમ ન કર્યો ?

**ઉત્તર–** ચારે પ્રકારની ગતિમાં લિંગ અવશ્ય હોય છે અને લિંગમાં ગતિ અવશ્ય થાય છે. આથી લિંગ શબ્દનો ઉચ્ચાર કર્યો નથી. લિંગ અને ગતિનો અવિનાભાવ હોવાથી અનંતર પુરુષલિંગ, સ્ત્રીલિંગ કે નપુંસકલિંગ એમ એક જ લિંગ હોય છે.

"एकान्तरपश्चात्कृतगतिकस्य च" એ સ્થળે ગતિ શબ્દ લિંગવાચી જાણવો. એક અંતરવાળા લિંગથી બાકીના લિંગો પાછળ કરાયા છે જેનાથી તે એકાંતરપશ્ચાત્કૃતલિંગ. આ નયની અપેક્ષાએ ત્રણેય લિંગોથી સિદ્ધ થાય છે.

(૫) **તીર્થ–** તીર્થં એ સ્થળે સન્તિ એટલે વિદ્યમાન છે. તીર્થંકરનામનો અનુભવ કરવા પૂર્વક જે સિદ્ધ થયા છે તે તીર્થંકરસિદ્ધો છે અને તે તીર્થંકરસિદ્ધો તીર્થંકરના તીર્થમાં=તીર્થંકર વડે પ્રવર્તાવાયેલા તીર્થમાં તે

તીર્થ વિદ્યમાન હોય ત્યારે તીર્થના પ્રવર્તક તે જ તીર્થંકર સિદ્ધ થાય છે. પ્રત્યેકબુદ્ધો નોતીર્થંકર સિદ્ધ છે. પ્રત્યેકબુદ્ધો તીર્થંકરના તીર્થમાં સિદ્ધ થાય છે. તીર્થંકરના તીર્થમાં સિદ્ધ થયેલા સાધુઓ અતીર્થંકરસિદ્ધો છે. આ પ્રમાણે ઉક્ત રીતે તીર્થંકરીના તીર્થમાં સિદ્ધો પણ કહેવા. તીર્થંકરીના તીર્થથી તીર્થંકરીસિદ્ધ થાય છે ઇત્યાદિ જાણવું.

**લિંગ–** વળી લિંગમાં બીજો વિકલ્પ કહેવાય છે.

**પૂર્વપક્ષ–** પૂર્વે જ (લિંગ દ્વારમાં જ) બીજા વિકલ્પનો ઉલ્લેખ કરવો જોઇએ.

**ઉત્તરપક્ષ–** તમારું કથન સત્ય જ છે. આચાર્યની આ એક ક્ષતિ અંગે ક્ષમા કરવી. લિંગ દ્રવ્યલિંગ, ભાવલિંગ અને અલિંગ એમ ત્રણ પ્રકારે છે. તેમાં વર્તમાનકાળને ગ્રહણ કરનાર શુદ્ધ નયની અપેક્ષાએ લિંગ રહિત જ સિદ્ધ થાય છે. કારણ કે (ત્યારે) દ્રવ્યલિંગ હોતું જ નથી.

દ્રવ્યલિંગ સ્વલિંગ, અન્યલિંગ અને ગૃહસ્થલિંગ એમ ત્રણ પ્રકારનું છે.

રજોહરણ, મુહપત્તિ અને ચોલપટ્ટો વગેરે સ્વલિંગ છે.

ભૌતસાધુ અને સંન્યાસી વગેરેનો વેશ અન્યલિંગ છે.

લાંબા વાળ, કચ્છબંધ વગેરે ગૃહસ્થલિંગ છે.

આ પ્રકારનું દ્રવ્યલિંગ વિકલ્પ કરવા યોગ્ય છે. તે આ પ્રમાણે- ક્યારેક લિંગ સહિત સિદ્ધ થાય છે. ક્યારેક લિંગ રહિત સિદ્ધ થાય છે. શ્રુતજ્ઞાન, ક્ષાયિકસમ્યક્ત્વ અને ચારિત્ર એ ભાવલિંગ છે. તેમાં કંઇક સિદ્ધની સાથે જાય છે. કંઇક પાછું ફરે છે. સિદ્ધમાં શ્રુત નથી, ક્ષાયિકસમ્યક્ત્વ તો છે. ચારિત્ર પણ સામાયિક વગેરે પાછું ફરે જ છે. પૂર્વભાવપ્રજ્ઞાપનીયને આશ્રયીને શ્રુત વગેરે ભાવલિંગ સ્વલિંગ છે. સ્વલિંગમાં રહેલો જીવ સિદ્ધ થાય છે. સંક્ષેપથી તો સઘળા જીવો ભાવલિંગને પામેલા સિદ્ધ થાય છે એવો નિયમ છે.

(૬) **ચારિત્ર–** વર્તમાનકાળને ગ્રહણ કરનારા નયની અપેક્ષાએ નોચારિત્રી, નોઅચારિત્રી સિદ્ધ થાય છે. નોશબ્દ બધા (બંને) સ્થળે

પ્રતિષેધ અર્થમાં છે. नास्ति चारित्रं सामायिकादि अस्य इति नोचारित्री આને ચારિત્ર નથી. તથા नास्ति अचारित्रं अस्य इति नोअचारित्री આ ચારિત્ર વિનાનો નથી. બંને સ્થળે પ્રતિષેધનો અર્થ કરવો. બે નઞ્ પ્રસ્તુત અર્થને જણાવે છે એમ પણ કહેવાનું શક્ય નથી. [નોઅચારિત્રી એમ બે વાર નો=નિષેધ કરવાથી બે નિષેધ પ્રસ્તુત અર્થને જણાવે છે એ ન્યાયથી નોઅચારિત્રી એ શબ્દનો અર્થ ચારિત્રી એવો થાય પણ ચારિત્રી એવો અર્થ ઇષ્ટ નથી માટે એ ન્યાય અહીં ન લગાડી શકાય.] તેથી વિરત નથી અને અવિરત નથી. પૂર્વભાવપ્રજ્ઞાપનીય અનંતર પશ્ચાત્કૃતિક અને પરંપર પશ્ચાત્કૃતિક એમ બે પ્રકારે છે. તેમાં અનંતર પશ્ચાત્કૃતિક નયનો શબ્દાર્થ આ પ્રમાણે છે- જેમાં અનંતરને પાછળ કરવાનું થાય તે અનંતર પશ્ચાત્કૃતિક નય છે. આ નયના મતે યથાખ્યાત ચારિત્રી સિદ્ધ થાય છે. પરંપર પશ્ચાત્કૃતિક નયના મતે વ્યંજિત અને અવ્યંજિતમાં કહેવું. વ્યંજિત એટલે સ્પષ્ટ કરાયેલ, અર્થાત્ વિશેષ કરાયેલ, અવ્યંજિત એટલે સામાન્યમાત્ર વિશેષ ન કરાયેલ. તેમાં અવ્યંજિતમાં ત્રણ, ચાર કે પાંચ ચારિત્રમાં પશ્ચાત્કૃતિક સિદ્ધ થાય છે. આ અવિશેષિત છે એટલે કે સામાન્યમાત્ર છે.

તો એ ત્રણ, ચાર કે પાંચ ચારિત્ર કયા ? આથી (કહે છે કે—) વ્યંજિતમાં સામાયિક, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત એ ત્રણ ચારિત્ર અથવા છેદોપસ્થાપ્ય, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્ર એમ ત્રણ ચારિત્રના બે વિકલ્પો છે. ચાર ચારિત્રના પણ બે વિકલ્પો સહેલાઈથી જણાઈ જાય તેવા છે. પાંચ ચારિત્રનો તો એક જ વિકલ્પ છે.

(૭) **પ્રત્યેકબુદ્ધબોધિતસિદ્ધ—** પ્રત્યેકબુદ્ધસિદ્ધનું ચાર પ્રકારે વ્યાખ્યાન કરવામાં આવે છે. તીર્થંકર, પ્રત્યેકબુદ્ધ, પરબોધક અને સ્વેષ્ટકારી એમ ચાર પ્રકાર છે.

ભાષ્યકાર "तद्यथा" ઇત્યાદિથી ચાર પ્રકારને બતાવે છે- સ્વયંબુદ્ધ-સિદ્ધ- સ્વયં જ બોધ પામેલા, જે બીજા વડે બોધ નહિ પમાડાયેલા તે

સ્વયંબુદ્ધ. સ્વયંબુદ્ધ તીર્થંકરસિદ્ધ અને પ્રત્યેકબુદ્ધસિદ્ધ એમ બે પ્રકારના છે. તીર્થંકર નામકર્મના ઉદયને ભજનારા અરિહંત તીર્થંકર છે. પ્રત્યેક એટલે એક. પોતાને ઉત્પન્ન થયેલા જાતિસ્મરણ વગેરે કોઈક નિમિત્તથી પ્રત્યેકને=કેવલ પોતાને જ બોધ પમાડે તે પ્રત્યેકબુદ્ધ, અર્થાત્ જાતે જ બોધ પામેલા હોય તે પ્રત્યેકબુદ્ધ છે. વલ્કલચીરિ વગેરે અને કરકંડુ વગેરે પ્રત્યેકબુદ્ધો છે. બુદ્ધબોધિતના પણ પરબોધક અને સ્વેષ્ટકારી એમ બે પ્રકાર છે. સિદ્ધાંતના જાણકાર અને સંસારસ્વરૂપને જાણનારા વડે બોધ પમાડાયેલ બુદ્ધબોધિત છે. જે બીજાને ઉપદેશ આપે તે પરબોધક છે. પોતાને જે હિત=ઈષ્ટ હોય તેને જ કરવાના સ્વભાવવાળો સ્વેષ્ટકારી છે. સ્વેષ્ટકારી બીજાને કંઈપણ ઉપદેશ ન આપે. આ પ્રમાણે (પ્રત્યેક-બુદ્ધબોધિત દ્વારનો) ચોથો વિકલ્પ છે. આ ચારેય વિકલ્પો બે વિકલ્પમાં સમાઈ જાય છે=આવી જાય છે. તેમાં સ્વયંબુદ્ધસિદ્ધમાં તીર્થંકર અને પ્રત્યેકબુદ્ધ છે. બુદ્ધબોધિતસિદ્ધમાં પરબોધક અને સ્વેષ્ટકારી છે.

(૮) **જ્ઞાન–** અહીં પણ તે બે જ નયો છે. તેમાં વર્તમાનકાળ-ગ્રાહીનયની અપેક્ષાએ કેવળજ્ઞાનવાળો જીવ સિદ્ધ થાય છે. ભૂતકાળ-ગ્રાહીનય અનંતર પશ્ચાત્કૃતિક અને પરંપર પશ્ચાત્કૃતિક એમ બે પ્રકારે છે. તેમાં અનંતર પશ્ચાત્કૃતિકને આશ્રયીને ક્યારેક કોઈક જ્ઞાન હોય છે. પરંપર પશ્ચાત્કૃતિક નયની અપેક્ષાએ અવ્યંજિત અને વ્યંજિતમાં વિચારણા છે. એમાં ચાર વિકલ્પો છે, તેમાં અવ્યંજિતમાં બે, ત્રણ કે ચાર જ્ઞાનો પશ્ચાત્કૃત છે. વ્યંજિતમાં મતિ-શ્રુતવાળો, મતિ-શ્રુત-અવધિવાળો કે મતિ-શ્રુત-મનઃપર્યવવાળો એમ ત્રણ જ્ઞાનમાં બે વિકલ્પ છે. મતિ-શ્રુત-અવધિ અને મનઃપર્યવજ્ઞાનવાળો સિદ્ધ થાય છે એ ચોથો વિકલ્પ છે.

(૯) **અવગાહના–** અવગાહના એટલે આત્માનો શરીરમાં પ્રવેશ (આત્માનો શરીરમાં જેટલા પ્રમાણમાં પ્રવેશ હોય તેટલી અવગાહના થાય). કેમકે આત્માનો સંકોચ-વિકાસ સ્વભાવ છે. તે શરીર કેટલા પ્રમાણવાળું છે એમ વિચારાય છે. અહીં અંતિમ શરીરની અવગાહના

સમજવી. એ અવગાહના ઉત્કૃષ્ટ અને જઘન્ય એમ બે પ્રકારે છે. તેમાં ઉત્કૃષ્ટ ૨ થી ૯ ધનુષ અધિક એવા ૫૦૦ ધનુષ્ય છે, અર્થાત્ ૫૦૨ થી ૫૦૯ ધનુષની અવગાહના છે. ૨ થી ૯ સુધીની સંખ્યાની પૃથક્ત્વ સંજ્ઞા છે અને આ ઉત્કૃષ્ટ શરીર પ્રમાણ મરુદેવી વગેરેને સંભવે છે. તીર્થંકરોની ઉત્કૃષ્ટ અવગાહના ૫૦૦ જ ધનુષ છે. સાત હાથ જઘન્ય અવગાહના તીર્થંકરોને જ હોય છે. બીજાઓને ૨ થી ૯ અંગુલ ન્યૂન બે હાથની (જઘન્ય) અવગાહના હોય છે. સામાન્યથી તો જઘન્ય અવગાહના બે હાથ શરીરવાળા જ કૂર્માપુત્ર વગેરેને હોય છે. તેમાં પૂર્વભાવપ્રજ્ઞાપનીયને આશ્રયીને આ જ અવગાહનાઓમાં જીવ સિદ્ધ થાય છે અને વર્તમાનભાવ-પ્રજ્ઞાપનીયને આશ્રયીને તો પોતાના શરીર પ્રમાણે પાંચસો ધનુષ વગેરે અવગાહનાઓમાંથી ત્રીજા ભાગ હીન અવગાહનામાં સિદ્ધ થાય છે.

(૧૦)**અંતર–** અહીં સિદ્ધ થતા જીવોનું અંતર અને અનંતર વિચારાય છે. તેમાં એક જીવ વર્તમાન સમયમાં સિદ્ધ થયો પછી અન્ય જીવ કેટલાકાળે સિદ્ધ થશે એ પ્રમાણે સિદ્ધિગમનરહિતકાળ અંતર છે, અર્થાત્ અંતરાલ છે. અનંતર એટલે અંતરનો અભાવ, અર્થાત્ સતત મોક્ષગમન. તેમાં જઘન્યથી નિરંતર બે સમય સુધી સિદ્ધ થાય છે અને ઉત્કૃષ્ટથી નિરંતર આઠ સમય સુધી સિદ્ધ થાય છે. ત્યારબાદ મોક્ષગમનનો અભાવ થાય છે. સિદ્ધ થતા જીવનું અંતર તો જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ માસ છે. સિદ્ધ થતા જીવોનું અંતર ક્યારેક એક સમય, ક્યારેક બે સમય, ક્યારેક ત્રણ સમય ઈત્યાદિ યાવત્ છ માસ છે.

(૧૧)**સંખ્યા–** અહીં એક સમયમાં કેટલા સિદ્ધ થયા તે વિચારાય છે. ઉત્કૃષ્ટથી ૧૦૮ જીવો એક સમયમાં સિદ્ધ થાય છે.

(૧૨)**અલ્પબહુત્વ–** "अल्पबहुत्वमेषां" इत्यादि ક્ષેત્રથી પ્રારંભી સંખ્યા સુધીના અગિયાર દ્વારોનું અલ્પબહુત્વ વિચારાય છે.

(૧) **ક્ષેત્ર–** ક્ષેત્રદ્વારમાં જન્મથી અને સંહરણથી એમ બે રીતે અલ્પ-બહુત્વ વિચારાય છે. જન્મથી પંદર કર્મભૂમિમાં અને હૈમવંત વગેરે ત્રીસ

અકર્મભૂમિમાં હોય છે. તેમાં સંહરણ કર્મભૂમિમાં કે અકર્મભૂમિમાં હોય છે. તેમાં સંહરણ સિદ્ધો સૌથી થોડા છે. એના કરતાં જન્મથી સિદ્ધો અસંખ્યગુણા છે.

"संहरणं द्विविधम्" ઇત્યાદિનો અર્થ સમજાઇ જ ગયેલો છે.

સમભૂતલપૃથ્વીભાગથી ૯૦૦ યોજન ઉપર ગયા પછી ઊર્ધ્વલોક છે અને ૯૦૦ યોજન નીચે ગયા પછી અધોલોક છે. એ બેની(=ઊર્ધ્વલોક-અધોલોકની) મધ્યમાં ૧૮૦૦ યોજન પરિમાણવાળો તિર્ચ્છાલોક છે. બાકીનું ભાષ્ય બોલવા માત્રથી સમજાઇ જાય તેવું છે.

આ પ્રમાણે ક્ષેત્ર સંબંધી અલ્પબહુત્વ કહીને કાલકૃત અલ્પબહુત્વ કહેવાય છે–

(૨) **કાલ–** "काल इति त्रिविधो विभागो भवति" ઇત્યાદિ ભાષ્ય સારી રીતે જાણી શકાય તેવું જ છે.

(૩) **ગતિ–** ગતિમાં અલ્પબહુત્વ વિચારાય છે. "तिर्यग्योन्यनन्तर-गतिसिद्धा इति" તિર્યંચયોનિમાંથી નીકળીને મનુષ્યગતિમાં સિદ્ધ તથા મનુષ્ય ગતિમાંથી નીકળીને મનુષ્યોમાં ઉત્પન્ન થઇને સિદ્ધ થયેલા એ પ્રમાણે બાકીનાઓમાં પણ કહેવું.

(૪) **લિંગ–** "लिङ्गम्" इति, સ્ત્રી વગેરે લિંગ છે, નપુંસકસિદ્ધો સર્વથી અલ્પ છે. તેનાથી સ્ત્રીસિદ્ધો સંખ્યાતગુણા છે. તેનાથી પુરુષસિદ્ધો સંખ્યાતગુણા છે.

(૫) **તીર્થ–** "तीर्थम्" इति અહીં અલ્પબહુત્વની વિચારણા કરાય છે. નોતીર્થંકરસિદ્ધો એટલે તીર્થંકરના તીર્થમાં તીર્થંકર થયા વિના સિદ્ધ થયેલા. નોતીર્થંકરસિદ્ધો સંખ્યાતગુણા છે. નપુંસક વગેરે સઘળા પણ (સિદ્ધો) તીર્થંકરસિદ્ધોથી સંખ્યાતગુણા છે.

(૬) **ચારિત્ર–** "चारित्रमिति" એ પ્રમાણે અહીં પણ બે નયો છે. ચાર ચારિત્રમાં સિદ્ધ થયેલાના બે વિકલ્પો છે. ત્રણ ચારિત્રમાં સિદ્ધ થયેલાઓમાં પણ બે વિકલ્પો છે. બધા સ્થળે સંખ્યાતગુણા જાણવા.

(૭) **પ્રત્યકબુદ્ધબોધિત–** "प्रत्येकबुद्धबोधित" इति અહીં પ્રત્યેકબુદ્ધ-સિદ્ધો સર્વથી અલ્પ છે. બધા સ્થળે સંખ્યાતગુણ જાણવા.

(૮) **જ્ઞાન–** "ज्ञानमिति" અહીં પણ બધા સ્થળે સંખ્યાતગુણા જાણવા.

(૯) **અવગાહના–** "अवगाहना" इति અહીં ઉત્કૃષ્ટ અવગાહનાવાળા સિદ્ધો અસંખ્યાતગુણા છે. બે (યવમધ્ય અને યવમધ્યની ઉપરના) અસંખ્યાતગુણા છે અને બે (યવમધ્યની નીચેના અને બાકીના બધા) વિશેષાધિક છે.

(૧૦)**અંતર–** "अन्तर" इति અહીં નિરંતર આઠ સમય સુધી સિદ્ધ થયેલા જીવો અનંતરસિદ્ધો છે. આઠ સમયોમાં સિદ્ધ થયેલા અને અનંતરસિદ્ધો એ પ્રમાણે સમાસ છે. એ પ્રમાણે સપ્તસમય અનંતરસિદ્ધો વગેરેમાં પણ જાણવું. બધાય સંખ્યાતગુણા છે.

"सान्तरेष्वपि" इत्यादि (છ માસના અંતરની અપેક્ષાએ) એક સમય અંતરવાળા સિદ્ધો સંખ્યાતગુણા છે. યવમધ્ય વિશિષ્ટ પ્રકારનો તપ છે. તેમાં=યવમધ્યના અંતરમાં સિદ્ધ થયેલા જીવો (સમયાંતર સિદ્ધોથી) સંખ્યાતગુણા છે. નીચેના યવમધ્ય અંતરમાં સિદ્ધ થયેલા જીવો અસંખ્યાતગુણા છે.

(૧૧)**સંખ્યા–** "सङ्ख्या" इति ૧૦૮ સિદ્ધો સર્વથી થોડા છે. "विपरीतक्रमात्" इति ૧૦૮ થી ૧૦૭ સિદ્ધો અનંતગુણા છે. એ પ્રમાણે વિપરીત હાનિથી યાવત્ ૫૦ સિદ્ધો અનંતગુણા છે ત્યાં સુધી કહેવું. વિપરીત હાનિને "यथा" ઇત્યાદિથી બતાવે છે. અનંતગુણહાનિસિદ્ધો સર્વથી અલ્પ છે. અસંખ્યેયગુણહાનિસિદ્ધો અનંતગુણા છે. સંખ્યાતગુણ-હાનિસિદ્ધો સંખ્યાતગુણા છે.

"एवमित्यादि" થી મંદબુદ્ધિ જીવોના અનુગ્રહ માટે તત્ત્વાર્થશાસ્ત્રના સઘળા જ અર્થને સંક્ષેપથી કહે છે- "सम्यग्दर्शनमवाप्य" એમ જે કહ્યું તેમાં નિસર્ગ, અધિગમ વગેરે સમ્યગ્દર્શનના વિશેષણો છે. સમ્યગ્દર્શનની

પ્રાપ્તિથી જ્ઞાન વિશુદ્ધ બને છે માટે સમ્યગ્દર્શનની પછી "ज्ञानञ्च विशुद्धमधिगम्य" એમ કહ્યું. મિથ્યાદૃષ્ટિનું મિથ્યાદર્શનથી યુક્ત જ્ઞાન અવશ્ય અજ્ઞાન જ છે. સમ્યક્ત્વની પ્રાપ્તિથી જ્ઞાન વિશુદ્ધ બને છે. નામ વગેરે નિક્ષેપા છે. પ્રત્યક્ષ અને પરોક્ષ બે પ્રમાણ છે. નૈગમ વગેરે નયો છે. તથા નિર્દેશ, સ્વામિત્વ વગેરેથી અને સત્, સંખ્યા, ક્ષેત્ર આદિથી જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ જાણીને, પારિણામિક વગેરે જે ભાવો છે, તેના સ્વરૂપને જાણીને, અનાદિ અનંત એવા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આદિ (દ્રવ્યોને જાણીને), પારિણામિક આદિ (ભાવોને જાણીને,) ઘનશરીર વગેરે પદાર્થો ઉત્પત્તિ-સ્થિતિ-વિનાશવાળા છે. તેમનો અનુગ્રહ[1] થાય છે=ઉપકાર થાય છે. અનુગ્રહથી પ્રલય=ઉપઘાત કરાય છે એ પ્રમાણે જાણીને તત્ત્વોના જાણકાર બનેલા સાંસારિક ભાવોથી વિરક્ત થયેલા અને તૃષ્ણાથી રહિત બનેલા, ગુપ્તિ આદિને આચરવાથી નિર્વાણરૂપ ફળ જોવાથી, અર્થાત્ નિર્વાણરૂપ ફળની પ્રાપ્તિ થાય છે એમ જાણવાથી તેની પ્રાપ્તિ માટે પ્રયત્નથી જેણે શ્રદ્ધા અને સંવેગની વૃદ્ધિ કરી છે એવા, પાંચ વ્રતોની ઈર્યાસમિતિ વગેરે ભાવનાઓથી જેણે આત્મા ભાવિત કર્યો છે એવા, અનિત્યાદિ અનુપ્રેક્ષાઓથી(=ભાવનાઓથી) જેણે આત્માને સ્થિર કર્યો છે એવા, રાગરહિત, કોઈપણ પદાર્થમાં જેણે સ્નેહ બાંધ્યો નથી એવા, સંવરાદિથી નવા કર્મોનો સમૂહ જેનો જતો રહ્યો છે એવા અને કર્મોના અનુભાવથી સમ્યગ્દૃષ્ટિ આદિથી આરંભી કેવલી સુધીના ગુણસ્થાનકની અસંખ્યેયગુણ ઉત્કર્ષની પ્રાપ્તિથી પૂર્વે એકઠા કરેલા કર્મોની નિર્જરા કરવાથી સામાયિક વગેરેની પ્રાપ્તિથી પુલાકાદિ સ્થાનોની પ્રાપ્તિ થવાથી જેના આર્તરૌદ્ર ધ્યાન જતા રહ્યા છે એવા, ધર્મધ્યાનથી મન ઉપર મેળવેલા વિજયના અભ્યાસથી જેણે પ્રથમના બે શુક્લધ્યાનને પ્રાપ્ત કર્યા છે એવા જીવને વિવિધ પ્રકારની લબ્ધિઓ ઉત્પન્ન થાય છે.

૧. શરીરની ઉત્પત્તિ એ અનુગ્રહ છે. શરીરનો નાશ એ પ્રલય છે. દેવશરીરની ઉત્પત્તિ થઈ એટલે પૂર્વના મનુષ્યશરીરનો નાશ થયો. એનો અર્થ એ થયો કે દેવશરીરના અનુગ્રહથી મનુષ્યના શરીરનો પ્રલય કરાયો. આથી જ ટીકામાં तत्कृतः प्रलयः કહ્યું છે.

## વિવિધ પ્રકારની લબ્ધિઓ

પોતાના હાથ પગ વગેરે અવયવો અન્યને સ્પર્શે તેટલા માત્રથી જ અન્યના સર્વરોગો દૂર થાય તે આમર્ષ ઔષધિત્વ છે. તેના મૂત્ર અને વિષ્ઠાના અવયવોના સંપર્કથી શરીર નિરોગી બને તે વિપ્રુડૌષધિત્વ છે, તથા તેના બધા જ અવયવો દુઃખથી પીડાયેલા જીવો માટે ઔષધિરૂપ થાય છે તે સર્વૌષધિત્વ છે. જેના વચનમાત્રથી જ શાપ આપવાનું સામર્થ્ય અથવા અનુગ્રહ કરવાનું સામર્થ્ય હોય તે અભિવ્યાહાર સિદ્ધિ છે. इशित्व એટલે સર્વજીવો ઉપર પ્રભુત્વ. वशित्व એટલે સર્વજીવો પોતાના વશમાં રહે. તથા અવધિજ્ઞાન અનેક પ્રકારનું છે. વૈક્રિયશરીરનું કરવું. તે (વૈક્રિયશરીર) જ અણિમા આદિ વિશિષ્ટને બતાવે છે. જંઘાચારણ લબ્ધિથી તથા અગ્નિની જવાળા અને ધૂમાડો વગેરેની નિશ્રા કરીને= આલંબન લઈને આકાશમાં જાય. મર્કટતન્તુ એટલે કરોળિયાએ કરેલા કોશતંતુઓ=કરોળિયાની જાળ. (તેનું આલંબન લઈ આકાશમાં જાય.) બીજું- આકાશગતિચારણત્વ નિશ્રા વિના=આલંબન વિના નિર્ભયપણે જેમ ભૂમિમાં જાય તેમ આકાશમાં જાય. જેવી રીતે પક્ષી આકાશમાં ઉપર જાય નીચે ગમન કરે એ પ્રમાણે આ (આકાશગતિચારણ) પણ કરે. જતો એવો તે પર્વત અને ભીંત વગેરેથી પણ પ્રતિઘાત પામતો નથી, એ પ્રમાણે અપ્રતિઘાતિત્વ છે. અંતર્દ્ધાન એટલે અદૃશ્ય થવું. એકી સાથે અનેક રૂપો કરવાની શક્તિ તે કામરૂપિત્વ. તેજોલેશ્યાને મૂકવાનું સામર્થ્ય. “एतदादि” એ સ્થળે આદિ શબ્દ ગ્રહણ કરવાથી શીતલેશ્યા મૂકવાનું સામર્થ્ય. મતિજ્ઞાનની વિશુદ્ધિના પ્રકર્ષથી રૂપાદિ વિષયોને દેશ-પ્રમાણના નિયમના ઉલ્લંઘનથી પણ ગ્રહણ કરે. એકી સાથે અનેક વિષયોને ગ્રહણ કરવું તે સંભિન્નજ્ઞાનત્વ. આદિ શબ્દના ગ્રહણથી ઇન્દ્રિયોનું વ્યત્યાસથી (વ્યત્યાસ એટલે પોતાના વિષય ઉપરાંત અન્ય ઇન્દ્રિયના વિષયને) પણ ગ્રહણ કરવાનું સામર્થ્ય પ્રગટ થવું. (જેમકે આંખથી સુંઘી શકે, નાકથી પણ જોઇ શકે વગેરે).

માનસ એટલે માનસિક વ્યાપારથી થયેલું. કોષ્ઠબુદ્ધિત્વ એટલે જે કંઇ પદ-વાક્યાદિ ગ્રહણ કર્યું હોય તે કોઠારમાં નાખેલા ધાન્યની જેમ ક્યારેય પણ નાશ ન પામે, અર્થાત્ ભૂલે નહિ. બીજબુદ્ધિત્વ એટલે અલ્પ પણ બતાવેલ વસ્તુ અનેક પ્રકારે જણાવે. તે આ પ્રમાણે- બતાવેલા પદથી, પ્રકરણથી કે ઉદ્દેશાદિથી સર્વ અર્થને અને ગ્રંથને અનુસરે છે. પરચિત્તને જાણે છે. અભિલષિત અર્થ(વસ્તુ)ને પ્રાપ્ત કરે જ છે અને અનિષ્ટ ન જ પામે. આ પ્રમાણે તે અવસ્થામાં શુભ અનુભાવથી અનિષ્ટને ન પામે ઈત્યાદિ ઘણા અતિશયો પ્રગટ થાય છે.

તેને વાચિક પણ ક્ષીરાસ્રવિત્વ અતિશય પ્રાપ્ત થાય છે. ક્ષીરાસ્રવિત્વ એટલે એના વચનને સાંભળતા લોકો દૂધની જેમ આસ્વાદને ગ્રહણ કરે છે. એ પ્રમાણે મધ્વાસ્રવિત્વ. વિદ્વાનોની સભામાં પરાજિત ન થાય તેવું વાદિપણું પ્રાપ્ત થાય છે. મ્લેચ્છ, હરણ, પશુ, પક્ષી વગેરે સઘળા જીવોના અવાજના અર્થનું જ્ઞાન થાય છે. બુદ્ધિવગરના પણ સઘળા જીવોને બોધ પમાડે છે, માટે તે સર્વસત્ત્વાવબોધન અતિશય છે. આદિ શબ્દના ગ્રહણથી ઈક્ષુરસાસ્રવિત્વ વગેરેનું ગ્રહણ કરવું. તથા ત્યારે સઘળીય વિદ્યાઓ તેને સ્વયં જ ઉપસ્થિત થાય છે. આશીવિષત્વ(આશીવિષ= સર્પ). કાર્યભેદ અને જાતિભેદથી અનેક પ્રકારનું છે. ભિન્ન અક્ષર એટલે કંઈક ન્યૂન. અભિન્ન અક્ષર એટલે સંપૂર્ણ ચૌદપૂર્વને ધારણ કરવું તે.

"ततोऽस्य" इत्यादि એ અતિશયોમાં આસક્તિથી=ગૃદ્ધિથી રહિત "मोहक्षपकपरिणामावस्थस्य" इति અવિરતસમ્યગ્દષ્ટિ આદિ ગુણસ્થાનમાં વર્તતા અને મોહનો ક્ષય કરવાની સન્મુખ થયેલા એવા તેના શ્રેણીથી સઘળા મોહનો ક્ષય થયે છતે અને જ્ઞાનાવરણાદિનો નાશ થયે છતે સંસારના બીજબંધનરૂપ એવા મોહ અને જ્ઞાનાવરણાદિથી મુક્ત થયેલો તે સ્નાતક કેવલી થાય છે.

ત્યાર બાદ ફળબંધન એવા વેદનીયાદિ ચારથી મુક્તિની અપેક્ષાવાળો તે વેદનીયાદિ સઘળા ફળબંધનથી પણ મુક્ત થયેલો. પૂર્વે ગ્રહણ કરેલા કર્મરૂપ કાષ્ઠને જેણે ધ્યાનરૂપી અગ્નિથી બાળી નાખ્યા છે તેવા, પૂર્વે

ગ્રહણ કરેલા ભવના=ઔદારિકાદિ કાયાના વિયોગથી અને હેતુનો અભાવ હોવાથી સંસારમાં ફરી ઉત્તરશરીરની ઉત્પત્તિ ન થવાથી કાષ્ઠથી રહિત અગ્નિની જેમ શાંત થયેલા તે મહાત્મા કારણની અપેક્ષાવાળા સંસાર સુખને ઓળંગીને આત્યંતિક, એકાંતિક, નિરુપમ, નિરતિશય અને નિત્ય એવા નિર્વાણ સુખને પામે છે.

શાંત થયેલા=પરમ આહ્લાદને પામેલા. આત્યંતિક=સાદિઅનંત. ઐકાંતિક=એકાંતે થાય જ છે, અર્થાત્ ક્યારેક હોય અને ક્યારેક ન હોય એવું નથી(=સતત હોય છે). નિરુપમ=સંસારમાં તે સુખની કોઇ ઉપમા નથી, અર્થાત્ તેના જેવું કોઇ સુખ નથી. નિરતિશય=તે સુખનો પ્રકર્ષ-અપકર્ષરૂપ વિશેષ=ભેદ નથી. કેમકે સર્વ મુક્તોનું સુખ તુલ્ય છે. નિત્ય=અવિનાશી. સદા એક સ્વરૂપે રહેનારું અને અવિકારી છે. (૭)

## ટીકાકારના વધારાના સાત શ્લોકોનો અર્થ

સત્કારને યોગ્ય સતત(=સદા) ઉત્સુકતાથી રહિત, નિર્ભય, વિશુદ્ધિમય, પ્રેમથી રહિત, દ્વેષથી રહિત, હર્ષ-શોક વગેરે દ્વન્દ્વોથી રહિત કર્મરૂપ રજથી રહિત અને શરીરથી રહિત જીવ. (૧)

બળતા એવા સંસાર રૂપ અગ્નિને પરમ સુખરૂપ પાણીથી બુઝાવીને નિર્વાણ પામે છે. પોતાના આત્મામાં રહે છે. જન્મ, જરા, મરણ અને રોગથી રહિત બને છે. (૨)

પીડા ન હોવાથી અને સર્વજ્ઞ હોવાથી પરમ સુખી થાય છે. પોતાનામાં રહેલા જ્ઞાનનું પ્રકૃષ્ટ સુખ છે, પીડાનો અભાવ છે. (૩)

આ સુખ અનુપમ(=ઉપમા ન આપી શકાય તેવું), અમેય(=માપી ન શકાય તેવું), નાશ નહીં પામનારું, દુ:ખરહિત, ઉપદ્રવથી રહિત, જરાથી રહિત, રોગથી રહિત, ભય અને તૃષ્ણા વિનાનું, એકાંતિક, આત્યંતિક, અવ્યાબાધ હોય છે. (૪)

ત્રણેય પણ કાળમાં તિર્યંચ, મનુષ્ય અને દેવોના જે સુખો છે તે સર્વ સિદ્ધના સુખના અંશ સમાન પણ નથી. (૫)

તે સુખો(=સંસારના સુખો) અતિશય રાગથી યુક્ત હોય છે અને પીડાપૂર્વકના હોય છે. સંસારમાં રાગને છોડીને કોઈ સુખ નથી. કોઈપણ સુખ રાગથી સ્પર્શાયા વિનાનું હોતું નથી. (૬)

આ પ્રમાણે સિદ્ધનો જીવ આત્યંતિક ક્ષાયિકસમ્યક્ત્વ, આત્યંતિક ક્ષાયિકવીર્ય, આત્યંતિક ક્ષાયિકસિદ્ધત્વ, આત્યંતિક ક્ષાયિકદર્શન, આત્યંતિક ક્ષાયિકજ્ઞાન તથા નિર્દ્વન્દ્વ=વિકલ્પ વિનાના પણ સુખથી યુક્ત હોય છે. (૭)

બે વાર બાંધેલું સારી રીતે બાંધેલું થાય એ ન્યાયથી હવે આ જ શાસ્ત્રાર્થનો શ્લોકોથી ઉપસંહાર કરે છે–

"एवमित्यादि" ઉક્ત રીતે જે જીવાદિ તત્ત્વો છે તે તત્ત્વોના વિશેષ જ્ઞાનથી વિરક્ત થયેલા, વિષયસુખની તૃષ્ણાથી રહિત બનેલા, આશ્રવના દ્વારોને અતિશય બંધ કરી દીધેલા હોવાથી નવા કર્મનો વિસ્તાર છેદાયે છતે (૧)

"पूर्वा" इत्यादि, તપશ્ચર્યાદિ કર્મક્ષયના હેતુઓથી પૂર્વના કર્મોને ખપાવતા જીવનું સંસારરૂપ વૃક્ષનું બીજ એવું મોહનીયકર્મ સઘળુય ક્ષપકશ્રેણીમાં ક્ષય પામે છે. (૨)

ततः इत्यादि, ત્યારબાદ (અંતર્મુહૂર્ત પછી) અંતરાય, જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય એ ત્રણ કર્મોનો એકી સાથે સંપૂર્ણપણે નાશ થાય છે. (૩)

"गर्भसूच्यां" इत्यादि, જેમ ગર્ભસૂચિનો=મધ્યમાં રહેલા તંતુનો નાશ થતા સંપૂર્ણ તાડવૃક્ષ નાશ પામે છે તેમ મોહનીયકર્મનો ક્ષય થતા શેષ (સઘળા) કર્મોનો ક્ષય થાય છે. (૪)

"ततः" इत्यादि, ત્યારબાદ ચાર ઘાતિકર્મોને ખપાવીને યથાખ્યાત સંયમી બને છે(=કહેવાય છે). બીજનાં બંધન એવા મોહનીયકર્મથી મુકાયેલા વિમુક્ત કહેવાય છે. અંતર્મલના નાશથી સ્નાતક કહેવાય છે, કેવળ લક્ષ્મીની પ્રાપ્તિથી પરમેશ્વર કહેવાય છે. (૫)

"शेष" इत्यादि, વેદનીયાદિ ચાર અઘાતીકર્મના ફળની અપેક્ષાવાળો હોવાથી શુદ્ધ કહેવાય છે. મોહાદિમલનો નાશ થયો હોવાથી બુદ્ધ કહેવાય છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવાથી નિરામય કહેવાય છે. સર્વરોગોનું કારણ (અજ્ઞાન) ચાલી જવાથી કેવલી કહેવાય છે. (૬)

"कृत्स्न" इत्यादि, નાખેલા સઘળા કાષ્ઠો બાળી નાખવાથી કાષ્ઠ રહિત બનેલો અગ્નિ જેમ નિર્વાણ પામે છે તેમ સઘળા કર્મોનો ક્ષય થવાથી (સંસારના મૂળ કારણોની પરંપરાથી રહિત બનેલા તે મહાત્મા) ઉપર=સિદ્ધિક્ષેત્રમાં નિર્વાણ=મોક્ષ પામે છે. નિર્વાણને પામેલાનું સ્થાન પણ ઉપચારથી નિર્વાણ કહેવાય છે. નિર્વાણને પામે છે=શાંતિને પામે છે. અથવા નિર્વાણ એટલે નિર્વૃત્તપણું=સિદ્ધપણું. (૭)

"दग्ध" इत्यादि, જેમ બીજ સર્વથા બળી જતા તેમાંથી અંકુર ઉત્પન્ન થતો નથી. તેમ કર્મરૂપ બીજ સર્વથા બળી ગયા બાદ ફરીથી ભવરૂપ અંકુરની ઉત્પત્તિ થતી નથી. (૮)

"तदनन्तरं" इत्यादि, સઘળા કર્મોનો ક્ષય થયા બાદ તુરત જ તે મહાત્મા લોકાંત સુધી ઊંચે જાય છે.

મુક્તની ગતિ કેવી રીતે થાય ઇત્યાદિ શંકા થયે છતે આ (નીચે મુજબ) કહે છે-

પૂર્વપ્રયોગથી, અસંગત્વથી, બંધછેદથી અને ઊર્ધ્વગૌરવથી મુક્ત-જીવની ગતિ સિદ્ધ થાય છે. (૯)

**પૂર્વપ્રયોગના ઉદાહરણો બતાવે છે–**

"कुलाल" इत्यादि, પ્રેરણા વિના પણ પૂર્વપ્રયોગથી(=પૂર્વના વેગથી) જેમ કુંભારનું ચક્ર=ચાકડો ભ્રમણ કરે છે, હિંડોળો હાલે છે, બાણ આગળ જાય છે તેમ પ્રસ્તુતમાં યોગો ન હોવા છતાં પૂર્વપ્રયોગથી સિદ્ધ જીવોની ગતિ કહી છે. (૧૦)

"मृल्लेप" इत्यादि, જેમ માટીનો લેપ દૂર થતા હળવી બનેલી તુંબડી પાણીની ઉપર આવે છે તેમ કર્મનો લેપ દૂર થવાથી હળવા બનેલા સિદ્ધાત્માની ઊર્ધ્વગતિ કહી છે. (૧૧)

"एरण्ड" इत्यादि, જેમ એરંડાના બીજનું બંધન છેદાવાથી, યંત્રનું બંધન છેદાવાથી, પેટાનું બંધન છેદાવાથી અનુક્રમે બીજ, ફાલ અને પેટીના પુટની (ઉપરના પડની) ગતિ જોવાઇ છે તેમ આઠ કર્મના બંધના નાશથી સિદ્ધના જીવની ગતિ જોવાઇ છે. (૧૨)

"ऊर्ध्व" इत्यादि, ધર્મ એટલે સ્વભાવ. જીવો ઊંચે જવાના સ્વભાવવાળા અને પુદ્ગલો નીચે જવાના સ્વભાવવાળા છે એમ જિનેશ્વરોએ કહ્યું છે. (૧૩)

"यथा" इत्यादि, જેમ સ્વભાવથી ઢેફું નીચે જાય છે, વાયુ તિર્યગ્=તિર્છીગતિ કરે છે, અગ્નિ ઊંચે ગતિ કરે છે તેમ સ્વભાવથી જ આત્માની ગતિ ઊર્ધ્વ થાય છે. (૧૪)

"अतस्तु" इत्यादि, આ કહેવાયેલ પ્રકારથી ગતિના વિકારરૂપ જે ગતિવૈકૃત્ય- ગતિની વિકૃતિ(=વિપરીત ગતિ) થાય છે તે પર્વત અને ભિત્તિ(=દિવાલ) વગેરેમાં ક્રિયાના પ્રતિઘાત(=અવરોધ)થી થાય છે અને પુરુષની ઇચ્છાના આદેશ મુજબ થતા પ્રયોગ(=પ્રવૃત્તિ)થી થાય છે. વિરુદ્ધગતિમાં આ સર્વ કારણો ઇચ્છાય છે. (૧૫)

"अधः" इत्यादि, જીવોમાં કર્મથી ઉત્પન્ન થયેલી ગતિ નીચે, તિર્છી અને ઊર્ધ્વ એમ સર્વ બાજુ થાય છે, પણ જેના કર્મો ક્ષીણ થઇ ગયા છે એવા જીવોની ગતિ ઊર્ધ્વ જ થાય છે. કેમકે તેઓનો તેવો સ્વભાવ છે. (૧૬)

"द्रव्यस्य" इत्यादि, જેમ પરમાણુ આદિ દ્રવ્યની ક્રિયાની ઉત્પત્તિ, આરંભ (વિનાશ) અને ગતિ એક સાથે (એક સમયે) થાય છે. તે જ પ્રમાણે સિદ્ધની ગતિ, મોક્ષ અને ભવક્ષય એકી સાથે થાય છે. તેમાં ગતિ એટલે મુક્તિ, અર્થાત્ સિદ્ધિગતિ. મોક્ષ એટલે પોતાના આત્મામાં અવસ્થાન અને ભવક્ષય એટલે જન્મનો ક્ષય (નાશ) અથવા સંસારનો ક્ષય. (૧૭)

"उत्पत्ति" इत्यादि, પ્રકાશની ઉત્પત્તિ અને અંધકારનો નાશ જેમ એકી સાથે થાય છે, એટલે કે જે કાળે પ્રકાશની ઉત્પત્તિ થાય છે તે જ કાળે

અંધકારનો નાશ થાય છે. તેમ નિર્વાણની=મોક્ષની ઉત્પત્તિ અને કર્મનો નાશ એ બંને એકી સાથે થાય છે. (૧૮)

તથા બીજી જગ્યાએ પણ કહ્યું છે કે–

જેમ બંધનથી મુક્ત થયેલું એરંડાનું બીજ ઊર્ધ્વ જાય છે, તેમ કર્મના બંધનમાંથી છૂટવાથી જીવ પ્રવેગથી (અતિશય વેગથી) ઊર્ધ્વ જાય છે તે સત્ય છે, અર્થાત્ તેમાં કોઇ શંકા નથી.(૧)

પાણીમાં ડૂબેલી પણ તુંબડી લેપ ચાલી જવાથી નક્કીથી ઉપર જાય છે, તેમ સંગના ત્યાગથી લઘુ બનીને આત્મા ઊર્ધ્વ જાય છે. (૨)

માણસ સ્થિર રહેવાની ઇચ્છાવાળો હોવા છતાં પણ પ્રવેગિત(અતિશય વેગવાળો) કરાયેલો નક્કીથી રહેવા માટે સમર્થ થતો નથી. તે રીતે ધ્યાનથી આત્મા એ રીતે પ્રયોજાય છે કે જેથી તે ઊર્ધ્વ જાય છે. (૩)

વળી અગ્નિની જેમ સ્વાભાવિક જ તે આત્માની ઊર્ધ્વ ગતિ થાય છે, અગ્નિજ્વાળાની અન્યગતિ(=ઊર્ધ્વ સિવાયની ગતિ) પવનના કારણે થાય છે. તેવી રીતે આત્મારૂપી અગ્નિજ્વાળાની અન્યગતિ(=ઊર્ધ્વ સિવાયની ગતિ) કર્મરૂપ પવનના કારણે થાય છે. (૪)

સ્વવશ અને પ્રયોજન વિનાના આત્માની વિગ્રહગતિ થતી નથી, કર્મવશ અને પ્રયોજનવાળા આત્માનું અવશ્ય વિગ્રહગમન થાય છે. જીવ અને પુદ્ગલોની સ્વાભવિકી ગતિ શ્રેણી મુજબ ઇચ્છાય છે, અર્થાત્ જીવ અને પુદ્ગલો શ્રેણીનો ભંગ કરતા નથી. તે કારણથી જીવમાં અવિગ્રહગતિ(=ઋજુગતિ) સિદ્ધ થાય છે. (૫-૬)

સિદ્ધના જીવમાં ગતિ ઘટતી નથી. કેમકે તે સ્વવશ છે, અને પોતાને ગતિનું કોઇ પ્રયોજન નથી.સિદ્ધના જીવમાં અસિદ્ધતા નથી. કેમકે કર્મથી મુકાયેલો તે કર્મોથી છૂટી રહ્યો છે, અર્થાત્ મુક્ત જીવની ગતિ પણ થાય છે અને સિદ્ધતા પણ છે. (૭)

બંધનની મુક્તિથી, સંગના ત્યાગથી અને પૂર્વપ્રયોગથી જતા જીવમાં અન્યવશતા માનવી (સ્વીકારવી) જોઇએ. કેમકે મુક્તજીવ વિવશ (પરાધીન) ઇચ્છાતો નથી, અર્થાત્ મુક્ત જીવ સ્વાધીન જ ઇચ્છાય છે. (૮)

આ પ્રમાણે તારો આ વિપ્રલાપ (બકવાશ) છે. કેમકે અસ્પૃષ્ટગતિમાં વચ્ચે બીજો કોઇ કાળ નથી, ઉત્તર અવસ્થા હોત તો સિદ્ધ કે અસિદ્ધનો પ્રશ્ન ઉપસ્થિત થાય. (૯)

સિદ્ધનો જીવ અસ્પૃષ્ટગતિથી અનંતર જ એક સમયમાં લોકાંતે અધિષ્ઠિત(=સ્થિર) થાય છે તેથી ઉપર જવાનો કાળ નથી. (૧૦)

જીવ અહીં દેહને છોડીને સિદ્ધિક્ષેત્રમાં જઇને સિદ્ધ થાય છે. મુક્તજીવને સિદ્ધિક્ષેત્ર અને અહીંનું ક્ષેત્ર એ બેની વચ્ચે સિદ્ધિ કે અસિદ્ધિ નથી. (૧૧)

સ્વવશ, પ્રયોજન વિનાના અને કૃતકૃત્ય થયેલા આત્માને જેમ સ્વભાવથી ઉપયોગ ઇષ્ટ છે તેમ સ્વભાવથી ગતિ ઇષ્ટ છે. (૧૨)

હવે જે પૃથ્વી ઉપર મુક્તાત્માની સ્થિતિ છે તે પૃથ્વી કેવા સ્વરૂપવાળી છે તેને કહે છે-

"तन्वी" इत्यादि, તે પૃથ્વી મધ્યમાં આઠ યોજન જાડી છે અને પ્રદેશોથી ચારે બાજુ ઉપર ઉપર હાનિ થતી થતી માખીની પાંખથી પાતળી છે, અંતે અતિ પાતળી છે. તથા તે પૃથ્વી મનોજ્ઞા, સુરભિ, પુણ્યા અને પરમ ભાસ્વર છે. મનોજ્ઞા એટલે અત્યંત મનોહર. સુરભિ એટલે ઇષ્ટ ગંધવાળી, પુણ્યા એટલે પુણ્યવાળા પૃથ્વીકાય જીવોથી બનેલી, પરમ ભાસ્વરા એટલે અતિશય પ્રકાશ કરવાના સ્વભાવવાળી. તે પૃથ્વીનું પ્રાગ્ભાર એવું નામ છે. તે લોકના મસ્તકે રહેલી છે. (૧૯)

"नृलोक" इत्यादि, મનુષ્યલોકમાં અઢી દ્વીપો માનુષોત્તર પર્વતથી વીંટળાયેલા છે. આ પૃથ્વી અઢી દ્વીપ જેટલી પહોળાઇવાળી છે, અર્થાત્ ૪૫ લાખ યોજન વિસ્તારવાળી છે. ઊંધી કરેલી સફેદ છત્રી જેવી આકૃતિવાળી છે. (ઉપર કહ્યું તેમ) શુભ વગેરે સ્વરૂપવાળી છે. (તેથી) શુભ છે. તે પૃથ્વીની ઉપર લોકાંતને સ્પર્શનારા સિદ્ધોનું અવસ્થાન છે. (૨૦)

"तादात्म्य" इत्यादि, स आत्मा-स्वभावो येषां ते इति तदात्मानः तस्य भावः इति तादात्म्यम्- આત્મા (સ્વભાવ) જેઓને છે તે तदात्मानः અને

તેનો ભાવ તે तादात्म्यम्- (તે સિદ્ધના જીવો) તાદાત્મ્યથી એટલે કે કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ સ્વભાવથી સ્વયં ઉપયોગવાળા હોય છે. સદા ક્ષાયિકસમ્યક્ત્વ અને સિદ્ધત્વ અવસ્થાવાળા હોય છે અને હેતુનો અભાવ હોવાથી નિષ્ક્રિય છે. ક્રિયાના આરંભમાં તેઓને કંઈપણ નિમિત્ત નથી તેથી નિષ્ક્રિય છે. (૨૧)

"ततोप्यूर्ध्वम्" इत्यादि, **પ્રશ્ન–** લોકાંતથી ઉપર સિદ્ધોની ગતિ કેમ થતી નથી ?

**ઉત્તર–** લોકાંતથી ઉપર ગતિમાં મુખ્ય અપેક્ષા કારણ એવો ધર્માસ્તિકાય ન હોવાથી ત્યાં સિદ્ધોની ગતિ થતી નથી. (૨૨)

"संसारे" इत्यादि, સિદ્ધોનું સુખ અવિનાશી હોવાથી, સંસારના વિષયથી અતીત (પર) છે. દુઃખરહિત છે, પરમ પ્રકૃષ્ટ છે એમ તીર્થંકર વગેરેએ કહ્યું છે. [કહેવાનો ભાવ એ છે કે મોક્ષનું સુખ સંસારના વિષયથી પર છે. મોક્ષનું સુખ સંસારી જીવોના અનુભવનો વિષય બનતું નથી. જેમ દશ્ય વસ્તુઓ આંધળાના ચક્ષુનો વિષય બનતી નથી તેમ મોક્ષસુખ સંસારી જીવોના અનુભવનો વિષય બનતું નથી. સંસારનું સુખ સાતાવેદનીયકર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે, જ્યારે મોક્ષનું સુખ વેદનીય-કર્મના ક્ષયથી ઉત્પન્ન થાય છે. આથી સંસારમાં એવો કોઈ જીવ નથી જે મોક્ષના સુખના અંશને પણ અનુભવી શકે. કેવળી પણ મોક્ષના સુખને જાણે પણ વેદે નહીં. કેમકે વેદનીયકર્મના ઉદયરૂપ પ્રતિબંધક હાજર છે. સંસારનું સુખ દુઃખપૂર્વકનું હોય, દુઃખ વિનાનું એકલું ન હોય. પ્રકૃષ્ટ છે તેથી સંપૂર્ણ છે.] (૨૩)

"स्यादेतत्" इत्यादि, **પ્રશ્ન–** આઠ કર્મોથી, ત્રણ યોગથી અને ઇન્દ્રિયથી રહિત સિદ્ધના જીવને સુખ શી રીતે હોય ? (એ પ્રમાણે જો તું કહેતો હો તો) તે માટે તું મને સાંભળ. (૨૪)

"लोके" इत्यादि, પ્રતીતિને(=સમાધાનને) બતાવે છે–

**ઉત્તર–** આ લોકમાં શબ્દાદિ વિષય, દુઃખની વેદનાનો અભાવ, સાતાવેદનીયાદિ કર્મનો વિપાક અને સકલ કર્મનો ક્ષયરૂપ મોક્ષ એ ચાર અર્થોમાં સુખ શબ્દનો પ્રયોગ થાય છે. (૨૫)

"सुखो वह्निः" इत्यादि, ઉદાહરણોને અનુક્રમે બતાવે છે- અગ્નિ સુખકારી છે, વાયુ સુખકારી છે એ પ્રમાણે લોકમાં વિષયોમાં સુખ શબ્દનો પ્રયોગ થાય છે. દુઃખ ન હોય તો પુરુષ પોતાને "હું સુખી છું" એમ માને છે. (૨૬)

"पुण्यकर्म" इत्यादि, પુણ્યકર્મના વિપાકથી ઇષ્ટ ઇન્દ્રિયના વિષયથી ઉત્પન્ન થયેલા અનુભવને સુખ કહેવામાં આવે છે. કર્મ અને ક્લેશથી સર્વથા મુક્ત થવાથી મોક્ષમાં સર્વથી ઉત્તમ સુખ હોય છે. (૨૭)

"सुखप्रसुप्तवत्" इत्यादि, કેટલાકો મોક્ષને=મોક્ષસુખને સુખપૂર્વક ગાઢ નિદ્રામાં સૂતેલા પુરુષના સુખ જેવું માને છે તે યુક્ત નથી. કારણ કે નિદ્રામાં યોગ હોય છે, ક્રિયા હોય છે અને સાચા સુખનો ખેદ હોય છે. નિદ્રામાં ખેદનો પ્રકર્ષત્વ અને અપ્રકર્ષત્વ હોય છે. (૨૮)

"श्रम" इत्यादि, શ્રમ એટલે ખેદ, ક્લમ એટલે ગ્લાનિ, મદ એટલે મદ્યપાનાદિથી ઉત્પન્ન થયેલું ઘેન, વ્યાધિ એટલે જ્વર(તાવ) વગેરે, મદન એટલે કામનું સેવન. આ બધા કારણોથી સુસ્વાપસુપ્તત્વનો સંભવ છે તથા રતિ-અરતિ-ભય-શોક વગેરે મોહ છે. આ બધા દોષોથી સુસુપ્તત્વનો સંભવ છે. દર્શનાવરણીયકર્મ જીવના દર્શનગુણને હણનારું છે. તેના વિપાકથી(=ઉદયથી) સુખસુપ્તત્વનો સંભવ છે. આ બધા કારણો મુક્ત આત્માઓમાં સંભવતા નથી. (૨૯)

"लोके" इत्यादि, સંપૂર્ણ પણ લોકમાં મોક્ષસુખ સમાન પદાર્થ ક્યાંય નથી કે જેની સાથે મોક્ષસુખને સરખાવી શકાય. તેથી મોક્ષસુખ અનુપમ છે. (૩૦)

"लिङ्ग" इत्यादि, મોક્ષસુખ અનુમાન અને ઉપમાનથી જાણી શકાય તેમ નથી. કેમ કે તેને જાણવા માટે કોઇ લિંગ(=ચિહ્ન) પ્રસિદ્ધ નથી.

જે પદાર્થનું ઉપમાનમાં સાદશ્યરૂપ લિંગ તથા અનુમાનમાં અન્વય-વ્યતિરેકી લિંગ પ્રસિદ્ધ હોય તે જ પદાર્થ ઉપમાન અને અનુમાન પ્રમાણનો વિષય બને. (૩૧)

"प्रत्यक्षम्" इत्यादि, અરિહંત સર્વજ્ઞોને જ તે મોક્ષસુખ પ્રત્યક્ષ છે, પ્રત્યક્ષ જાણીને તેઓએ જ યથાવત્ કહ્યું છે. જેઓના રાગ-દ્વેષ-મોહ જતા રહ્યા છે, જેમનું વચન શ્રદ્ધેય છે, તેવા સર્વજ્ઞોએ જ આ કહ્યું છે આથી સર્વજ્ઞપ્રણીત આગમોના પ્રામાણ્યથી તે છે એમ ગ્રહણ કરાય છે, નહિ કે બુદ્ધિના સામર્થ્યથી (કે) છદ્મસ્થની પરીક્ષાથી. (કેમ કે—) આગમથી નિરપેક્ષ છદ્મસ્થના પ્રત્યક્ષાદિ પ્રમાણોથી પરીક્ષા કરાતું ક્યારેય ઉપલબ્ધ થતું નથી=જણાતું નથી. (૩૨)

આ પ્રમાણે જેણે સઘળા કર્મોના સમૂહને ખપાવી દીધો છે એવો તે (સિદ્ધનો જીવ) અનુપમ, અવ્યાબાધ, શાશ્વત અને સ્વાભાવિક મુક્તિ-સુખને અનુભવે છે.

સંસારને ઘણાં દુઃખવાળો જોઈને તેમાંથી નીકળવાનો જેણે પ્રયત્ન કર્યો છે, સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રથી સંપન્ન અને મોક્ષ માટે જેણે ઉત્સાહ કર્યો છે એવો જે સાધુ દુષમકાળના(=પાંચમા આરાના) દોષથી અત્યંત નબળા કીલિકા અને સેવાર્ત સંઘયણના દોષથી અને અનેક અપાયવાળા અલ્પ આયુષ્યના દોષથી, અલ્પ વીર્યવાળો તથા મોહનીયાદિ કર્મોનું અતિશય ભારેપણું હોવાથી(=કર્મો તીવ્ર અનુભાવવાળા હોવાથી) આઠ કર્મોને ખપાવ્યા વિના અટકી જાય છે=કાળ કરે છે. તે સાધુ શુભરાશિ (પુણ્યરાશિ)ને એકઠી કરીને સૌધર્મ વગેરે બાર કલ્પોમાંથી કોઈ એક કલ્પમાં કે સર્વાર્થસિદ્ધ સુધીના વિમાનોમાંથી કોઈ એક વિમાનમાં દેવપણે ઉત્પન્ન થાય છે.

ત્યાં સૌધર્માદિકલ્પમાં કે સર્વાર્થસિદ્ધ વિમાનમાં પુણ્યના વિપાકને અનુભવીને આયુષ્યના ક્ષયથી ચ્યવન પામીને મગધાદિ આર્ય દેશમાં ક્ષત્રિય વગેરે મનુષ્ય જાતિમાં શીલવાળા અને સારા આચારવાળા ઈક્ષ્વાકુ

વગેરે કુળોમાં મુક્તિને અનુકૂળ જ્ઞાન, અભ્યુત્થાન વગેરે વિનય, ધન-ધાન્ય-સુવર્ણ-સંપત્તિરૂપ વૈભવ, શબ્દ વગેરે વિષયો આ બધાની અધિકતારૂપ વિભૂતિથી યુક્ત મનુષ્યોમાં જન્મ પામીને અને સમ્યગ્દર્શન આદિથી વિશુદ્ધ બોધિને પામે છે. બોધિ એટલે જ્ઞાન અને ચારિત્ર, કે જેનું લક્ષણ પૂર્વે કહ્યું છે અને સુખની પરંપરાથી યુક્ત એવા કુશલ અભ્યાસના અનુબંધના ક્રમથી મનુષ્ય, દેવ અને ફરી મનુષ્ય એ પ્રમાણે ત્રણ જન્મોને પામીને સમ્યક્ત્વ અને જ્ઞાનના લાભથી જેણે સંવરને પ્રાપ્ત કરેલ છે એવો અને તપથી સઘળા કર્મસમૂહનો ક્ષય કરી નાખ્યો છે એવો તે (જીવ) સિદ્ધિક્ષેત્રમાં સિદ્ધ થાય છે. કહ્યું છે કે–

આ પ્રમાણે સંવરરૂપ બખ્તર પહેરીને સમ્યગ્દર્શનરૂપ ઘોડા ઉપર આરૂઢ થયેલો સમ્યગ્જ્ઞાનરૂપ મહાન ધનુષ્યવાળો, ધ્યાનાદિ તપરૂપ તીક્ષ્ણ બાણોથી સંયમરૂપ યુદ્ધના આંગણે રહેલી ક્લેશરૂપ સેનાને હરાવીને ભવ્યાત્મા કર્મરૂપ રાજાને હણીને મુક્તિરૂપ રાજ્યલક્ષ્મીને મેળવે છે. (૧-૨)

એ પ્રમાણે કર્મોના ઉદયથી ઉત્પન્ન થનારા અને કર્મોના ક્ષયોપશમથી ઉત્પન્ન થનારા ભાવોથી સંસાર છે, કર્મના ક્ષયથી સિદ્ધિ છે એમ અરિહંતોએ કહ્યું છે. (૩)

જ્ઞાન સુમાર્ગનો દીપક છે, તેનો(=સુમાર્ગદીપકનો) વિનાશ ન થાય એ માટે સત્ સમ્યક્ત્વ છે, ચારિત્ર આશ્રવોનો નાશ કરનાર છે. તપ રૂપી અગ્નિ કર્મોને બાળે છે. (૪)

જિનવચનમાં સિદ્ધિના આ ચાર અંગોથી સિદ્ધિ થાય છે. સંવરથી રહિતને એકલા જ્ઞાનથી તે સિદ્ધિ થતી નથી. (૫)

આ પ્રમાણે એકાંતવાદ સમાન એક દ્વીપવાળા, વિવિધ માછલારૂપ એક પાતાળવાળા, આઠ જળચર હાથીવાળા, બે વેગ, ચાર આવર્તવાળા, ચારકિનારાવાળા (૬). ત્રણ મહાવાયુવાળા, ત્રણ ઉદયવાળા, છ વેગવાળા, ચોર્યાશી નિયત ઉર્મિવાળા સંસારરૂપ સમુદ્રને ચતુરંગ નાવ વડે જીવ તરી જાય છે. (૭) (૧૦-૭)

"યશોભદ્રસ્ય" ઇત્યાદિ પાઠ અશુદ્ધ જણાય છે તેથી અહીં તેનો માત્ર ભાવાર્થ જણાવવામાં આવે છે.

## ટીકાકારની પ્રશસ્તિ

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીએ પ્રથમના સાડા પાંચ અધ્યાયોની (છઠ્ઠા અધ્યાયના ૨૩મા સૂત્રમાં વિનયસંપન્નતા પદ સુધી) ટીકા કરી. ત્યારબાદ છઠ્ઠા અધ્યાય સુધી આચાર્યશ્રી યશોભદ્રસૂરિજીએ ટીકા કરી છે. પૂજ્યગન્ધહસ્તિ શ્રી સિદ્ધસેનગણિ વડે તત્ત્વાર્થની નવી ટીકા કરાઇ. [આ ટીકા નવા વાદસ્થાનોથી કઠિન છે અને ઘણી મોટી છે. બાકીની (આચાર્ય યશોભદ્રસૂરિજીએ છઠ્ઠા અધ્યાય સુધીની ટીકા કરી. ત્યાર પછીની(=૭મા અધ્યાયથી બાકી રહેલી ટીકા)] પોતાના બોધ માટે મેં(=આચાર્ય યશોભદ્રસૂરિજીના શિષ્યે) સિદ્ધસેનગણિની ટીકામાંથી ઉદ્ધૃત કરી છે.

## ગ્રંથકારની પ્રશસ્તિ

હવે વાચક (પૂર્વધર) પોતાના આચાર્યના બંને પ્રકારના વંશને જણાવે છે. તેમાં દીક્ષા આપનારના વંશનો આ અર્થ છે–

શિવશ્રી નામના વાચક સંગ્રહકારના દાદાગુરુ છે. તેમના શિષ્ય ઘોષનંદિ નામના ક્ષમાશ્રમણ છે. આ સંગ્રહકાર (ઉમાસ્વાતિ મહારાજા) તેમના (ઘોષનંદિક્ષમાશ્રમણના) શિષ્ય છે.

હવે વાચનાચાર્યનો વંશ આ છે- મુંડપાદ નામના મહાવાચક ક્ષમાશ્રમણ આ સંગ્રહકારના દાદાગુરુ છે. તેમના શિષ્ય મૂળ નામના વાચક છે. આ સંગ્રહકાર તેમના શિષ્ય છે.

હવે પોતાના જન્મવંશના સ્થાનને કહે છે- ન્યગ્રોધિકા નામનું ગામ છે. ત્યાં જન્મેલા અને જેનું કુસુમપુર બીજું નામ છે એવા પાટલીપુત્રમાં વિહાર કરતા કૌભીષણ ગોત્રવાળા સ્વાતિ નામના પિતાના પુત્ર, વાત્સીસૂત ગોત્રવાળી ઉમા નામની માતાના પુત્ર એવા ઉચ્ચનાગર શાખાવાળા શ્રી ઉમાસ્વામિ વાચક વડે સંપ્રદાયનો વિચ્છેદ ન થાય એ માટે સદ્‌ગુરુની પરંપરાથી આવેલા, અર્હદ્‌વચનનું સમ્યગ્ અવધારણ કરીને શારીરિક અને


માનસિક દુઃખોથી પીડાયેલા, જેમાં લગભગ આ લોકના સુખ સંબંધી ઉપદેશ છે એવા અને પ્રમાણનું વિઘટ્ટન કરવામાં અસમર્થ એવા ત્રયી વગેરે દુષ્ટ આગમોથી વિહતમતિવાળા=જેમનું વિજ્ઞાન હણાઇ ગયું છે એવા લોકને જોઇને તત્ત્વાર્થાધિગમ નામનું સ્પષ્ટ અર્થવાળું શાસ્ત્ર ભવ્યજીવોની અનુકંપાથી રચાયું છે.


તેથી આ (તત્ત્વાર્થાધિગમ નામના) શાસ્ત્રને જીવાદિતત્ત્વોના બોધ માટે જે સૂત્રથી અને અર્થથી જાણશે અને તેમાં કહેલું આચરશે તે અવ્યાબાધ સુખરૂપ, અનંત, અનુપમ અને પરમાર્થવાળા મોક્ષને જલદીથી પ્રાપ્ત કરશે.


## ભાવાનુવાદકારની પ્રશસ્તિ


આ પ્રમાણે પ.પૂ. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજા વડે શરૂ કરાયેલી (અને છઠ્ઠા અધ્યાયના ૨૩મા સૂત્રમાં विनयसम्पन्नता પદ સુધી પૂર્ણ કરાયેલી) પછી છઠ્ઠા અધ્યાય સુધી આચાર્ય શ્રી યશોભદ્રસૂરિ વડે પૂર્ણ કરાયેલી અને ત્યાર પછી(=સાતમા અધ્યાયથી બાકી રહેલી ટીકા) તેમના શિષ્ય વડે પૂર્ણ કરાયેલી તત્ત્વાર્થાધિગમ સૂત્રની **દશમા અધ્યાય**ની ડુપડુપિકા નામની ટીકાનો સિદ્ધાંત મહોદધિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પરમ ગીતાર્થ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર ગચ્છસ્થવિર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખર-સૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પંચસૂત્ર, પંચવસ્તુ, પંચાશક, ધર્મબિંદુ, યોગબિંદુ, ઉપદેશપદ, ઉપદેશમાલા (પુષ્પમાલા), શ્રાદ્ધદિનકૃત્ય, વીતરાગસ્તોત્ર, શીલોપદેશમાલા, અષ્ટક પ્રકરણ, નવપદ પ્રકરણ, યોગદૃષ્ટિ સમુચ્ચય, શ્રાવકધર્મવિધિપ્રકરણ, ચૈત્યવંદન મહાભાષ્ય, યતિલક્ષણ સમુચ્ચય, ગુરુતત્ત્વવિનિશ્ચય, સંબોધ પ્રકરણ, પ્રશમરતિ પ્રકરણ, શ્રાવક પ્રજ્ઞપ્તિ આદિ અનેક ગ્રંથોના ભાવાનુવાદકાર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજકૃત ગુર્જર (ગુજરાતી) ભાવાનુવાદ પૂર્ણ થયો.


# વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખર




















































# ખરસૂરીશ્વરજી મહારાજા આદિએ કરેલું સાહિત્ય સર્જન




(બે ભાગ)

Tejas Printers
AHMEDABAD M. 98253 47620